॥ ૐ ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા

સંગીત ગુજરાતી ભાષાંતર.

રચનાર,
પ્રભુલાલ પ્રીતમલાલ પઢીઆર,
કોરપાડકર, મુ. કેશોદ.
રામગીતાના લેખક;
તથા
બહેન આણુંક મદનજી. મુ. કેશોદ.

પ્રકાશક,
સ્વર્ગસ્થ શેઠ ખુશાલ જેઠાના પુણ્યાર્થે તથા આત્મ
કલ્યાણાર્થે તેમનાં ધર્મપત્નિ બહેન કુંકા નેમચંદ
ગોળવાળા શેઠ ત્રણીક ર. પારેખ ર
લાલ વેરાવળ, કાઠીઆવાડ.

અમદાવાદ: શાહપુર, નવાગોળામાં આવેલા શ્રી
"પ્રજાહિતાર્થ મુદ્રાલય"માં પટેલ
ડાહ્યાભાઈ દલપતરામે છાપ્યું.

પ્રત ૧૦૦૦. પ્રથમાવૃત્તિ. સને ૧૯૧૫.
મૂલ્ય અમૂલ્ય.

અમૂલ્ય સ્વીકારવા નહિ ઇચ્છનારાઓને માટે મૂલ્ય ચાર આના.

॥ ॐ ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા

સંગીત ગુજરાતી ભાષાંતર.

રચનાર,

પ્રભુલાલ પ્રીતમલાલ પઢીઆર,

ચોરવાડકર, મુ. કેશોદ.

રામવીણાના લેખક;

તથા

બ્હેન માણેક મદનજી. મુ. કેશોદ.

પ્રકાશક,

સ્વર્ગસ્થ શેઠ **ખુશાલ જેચંદના** પુણ્યાર્થે તથા આત્મ

કલ્યાણાર્થે તેમનાં ધર્મપત્નિ બ્હેન **કુંકા નેમચંદ**

ગોભવા મોઢ વણીક રે. **પોરબંદર**

હાલ **વેરાવળ,** કાઠીઆવાડ.

અમદાવાદ: શાહપુર, નવાગાળમાં આવેલા શ્રી

'પ્રજાહિતાર્થ મુદ્રાલય'માં પટેલ

ડાહ્યાભાઈ દલપતરામે છાપ્યું.

પ્રત ૧૦૦૦. પ્રથમાવૃત્તિ. સને ૧૯૧૫.

મૂલ્ય અમૂલ્ય.

☞ અમૂલ્ય સ્વીકારવા નહિ ઇચ્છતા જનો માટે મૂલ્ય ચાર આના છે.

સૂચના.

આ પુસ્તક સર્વે મુમુક્ષુ બાંધવ બ્હેનોને વિના મૂલ્યે આપવા પ્રકાશકે પ્રકટ કરેલ છે માટે જેને જોઇએ તેણે મંગાવી લેવું. બહાર ગામથી પોસ્ટદ્વારા મંગાવવા ઈચ્છતા લોકોએ માગણીપત્ર સાથે રૂ. ૦—૧—૦ ની પોસ્ટ સ્ટેમ્પ પુસ્તક મોકલવાના ટપાલ ખર્ચ માટે મોકલવાની છે.

૨. જે કોઇ ઉદાર બંધુ બ્હેનો આ પુસ્તક અમૂલ્ય સ્વીકારવા ઈચ્છા ધરાવતાં નહિ હોય તેમની પાસેથી યથેચ્છ જે મૂલ્ય આપવામાં આવશે તે આભાર સહ સ્વીકારવામાં આવશે તથા તેવાં નાણાં આવાંજ ભકિત-જ્ઞાન-પ્રેરક પુસ્તકો છપાવી મુમુક્ષુ ભકત જનોને અમૂલ્ય આપવા અર્થેજ ઉપયોગમાં લેવામાં આવશે.

પુસ્તક નીચેને શીરનામે લખી મંગાવવા વિ. છે.

બ્હેન કુંકાં નેમચંદ.
ઠે. નાગર ફળીઆ,
મુ૦ વેરાવળ.
(કાઠીઆવાડ.)

અગર —

શેઠ પુરૂષોત્તમ નાનજી.
રામવીણાના પ્રકાશક
મુ. કેશોદ
(કાઠીઆવાડ)

॥ ૐ ॥

ઉપોદ્‌ઘાત.

પ્રિય ! આત્મન્ ! આકાશને સમેટીને બગલમાં મારવું એ જેમ અશક્ય છે, સૂર્યને ઓપ ચડાવવો એ જેમ અશક્ય છે, અને ચંદ્રને સૌંદર્ય દેવા ખાતર સોળ શૃંગાર સજાવવા એ જેમ વૃથા, તેમજ માનવ શક્તિની બહારની વાત છે, તેમજ ગીતા જેવા બ્રહ્મજ્ઞાન પરિપૂર્ણ પ્રસ્થાન–ત્રય માંહેલા એક મહાન ગ્રંથ વિષે ઊપોદ્‌ઘાત રૂપે ઉદ્‌ગાર કાઢવો એ પણ માનુષી મનિષાની પારનુંજ કાર્ય છે. સુધા–સ્વાદનો સુરમ્ય આહ્‌લાદ પ્રાપ્ત કરી શકાય, તથાપિ વાણી દ્વારા વર્ણનમાં મૂકવો એતો તદન અસંભવિત છે. જો વિજળીના પ્રકાશમાં વાંચી શકાય, અંધ પંગુથી ઠુંઠા વડે ગહન ગિરીવર ઉલ્લંઘી શકાય અને વિના સાધને મહાસાગર પાર પુગી શકાય તોજ એ બની શકે પરંતુ એ ઘટના બનવી સહજ નથી. કોઇ મહાન યોગે પરમાત્માની સંપૂર્ણ કૃપા વડે તેમના મહત્ પ્રેમ અને કૃપા પાત્ર કાંઇ કાંઇ કહી શકે છે. રામ.

જ્યાં શેષ, મહેશ, નારદ અને વેદ “ નેતિ ” “ નેતિ ” શબ્દનો ઘોષ કરી પોતાનું અલ્પ શક્તિત્વ પ્રકાશિત કરે છે, તે વિશુદ્ધ બ્રહ્મત્વનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણ–ચંદ્રે પોતાના આત્મવત્ રૂપ અને તેથીજ અતિશય પ્રિયતમ એવા પાર્થને અભિન્નપે ભાન કરાવવા અર્થે જે ગીતા સાગર છોળાવ્યો તેની પ્રસ્તા-

વના રૂપ પ્રતારણા કરવી તે હુંપણાંની ગાંઠો વડે ગંઠાયેલ મારા સમાન એક ક્ષુદ્ર વ્યક્તિની તો તાકાતજ નથી. રામ.

એ નિર્વિવાદિત છે જ, તો પણ શેષાદિ સર્વે એ પરમાનંદ સ્વરૂપની મહત્તા અને તેની કક્ષામાં પોતાની અલ્પતા સમજે છેજ છતાં પણ યથા મતિ હરિ પ્રેરીત થયેલા તેઓ પ્રભુ-ગુણ-ગાનમાં મચે છે. તેજ બળે ? મારી અલ્પમતિનો આ પ્રયાસ છે.

" નિજ શક્તિ અનુહાર પ્રભુ, મશક ઉડકી આકાશ " એ ન્યાયે આકાશનો અંત જો કે ગરૂડને પણ મળ્યો નથી તેમજ મચ્છરને પણ મળતો નથી, પરંતુ મચ્છર અને ગરૂડ બન્ને પોત-પોતાની શક્તિ મુજબ આકાશના અવકાશ રૂપ બળે ઉડે છે તો ખરા જ. તેવીજ રીતે પ્રભુની પ્રભુતાનો પાર તો પમાતો જ નથી, પણ સર્વ કોઇ તેની પ્રભુતા વડે પ્રેરાઇ નિજ મતિ અનુસાર ગુણ કથન કરે છે, અને સકળ બ્રહ્માંડ-સ્વામી પ્રેમ પરિક્ષક હોઈ પ્રેમ ભાવનાએ તૃપ્તિ—માની પ્રસન્ન થઇ ભક્તને નિજ સ્વરૂપાનંદના સા-ક્ષાત્કારનો પરમાનંદ રૂપ મહદ્ લાભ બક્ષે છે. એવાં ધુરંધર શ્રુતિ વાક્ય પર અચળ શ્રદ્ધા વડે પરિણામ પામેલી મારી આ ઉન્મત્તતા તરફ મહત્પુરૂષો ક્ષમા ભાવથી જેવી રીતે માતા પિતા સકરૂણ પ્રેમાળ ભાવથી શિશુ—ચેષ્ટા તરફ જુએ છે તેવી રીતે જોશે એવી મારી દૃઢ ખાત્રી છે.

આ ભાષાંતર કરવામાં ભાવનગર નિવાસી સુશ્રી માણેક બ્હેનની અદ્ભૂત આત્મ શક્તિનું મને દર્શન થયું છે. તે બ્હેનના આગ્રહ ખંત, અને અડગ પરિશ્રમ વિના આ કાર્ય થવું અશક્ય હતુ

એમ કહેવું અતિશયોક્તિ ગણાશે નહિ, કારણ કે આ ભાષાંતર કરવાનું કાર્ય આજથી પાંચ વર્ષ પહેલાં આરંભવામાં આવેલ, પરંતુ અપૂર્ણજ પડેલું હતું, તે અલ્પ મુદતમાં સંપૂર્ણ કરી ભાવીક ભક્તજનોના હસ્તકમળમાં સાદર કરવાની તક આપવા, અપૂર્ણ કાર્ય માટે પુનર પ્રયાસ આરંભવા પ્રેરણા કરીને સંપૂર્ણ થતાં સુધી, વિજન વાસમાં સાથે રહી, તે પરિપૂર્ણ કરવામાં તન–મનની સઘળી સહાયતા આપી છે.

પરમાત્મા એ પવિત્ર બ્હેનને હાથે એવા અનેક શુભ કાર્ય કરાવો એજ પ્રાર્થના. રામ.

આ ગ્રંથને પ્રકાશ કરનાર વેરાવળ નિવાસી સુજ્ઞ કુંકાં બ્હેન તે શેઠ નેમચંદ વીરજીનાં પવિત્ર પુત્રી અને જ્ઞાતે વણીક છે. બાળવયમાં જ સંસારિક સુખથી રાહિત્ય દશાને પ્રાપ્ત થવા છતાં પણ પૂર્વ પુણ્ય બળે તથા રામકૃપાથી સુબંધુ અને અજાતશત્રુ જેવાં ધર્માત્મા માતાના સંગમાં રહી સન્માર્ગે દોરાઇ મહાન પ્રયાસ કરી અનેક બ્હેનોને એવા સર્વોત્તમ માર્ગે દોરે છે, આત્મ કલ્યાણ સાધે છે અને સધાવે છે. તન, મન અને ધન એ સર્વસ્વ જેણે હરિ અર્પણ માત્ર વાણીદ્વારા નહિ, પણ કર્તવ્યથી કરેલાં છે અને પોતાના જ દૃષ્ટાંતથી સર્વ બંધુ બ્હેનોને શુભપંથે વિચરવા શીખવવું એજ તેનો અચળ સિદ્ધાંત છે, તેથી તે સુજ્ઞ બ્હેને હરિજનોને પ્રભુ પ્રિત્યર્થે આ અમૂલ્ય ગ્રંથ અમૂલ્ય આપવા માટે છપાવવા હિંમત્ત અને ઉદારતા વડે પ્રશંસનિય પ્રયત્ન કર્યો છે. રામ. તેને હાથે એવાં અનંત સત્કાર્યો કરાવો અને સર્વદા સુમતિવાન થઇ ઇષ્ટ–સ્મરણ, ભજન અને સ્વજન-સેવન કરી, સ્વાત્મ–બોધે સ્થિર થઈ અખંડાનંદ અનુભવો એજ અભ્યર્થના. રામ.

આ પુસ્તકનું પ્રેસ સાથેનું સર્વ કાર્ય મારા સન્મિત્ર જુનાગઢ નિવાસી નાગર ગૃહસ્થ રા. રા. નવનિધરાય ઇચ્છાશંકર કીકાણીએ પોતેજ ઉપાડી લઈ મને જે મદદ આપી છે તે ન બોલેજ બોલાય તેવી છે, સબબ તે સંબંધે મૌન અહીં વિરમું છું.

અંતિમ નિવેદન કરવાનું તે એજ કે, આ ગ્રંથમાં જે કાંઈ દિવ્યતા, મહત્તા, પ્રકૃષ્ટતા, ભવ્યતા, અને બ્રહ્માનંદની ભભક જ્યાં જ્યાં જણાય ત્યાં ત્યાં શ્રી કૃષ્ણચંદ્રનાં સુધાગમ્ય શાંત રશ્મીનો સ્વયં પ્રભાવજ સમજવો, અને જ્યાં જ્યાં ખામીઓ જણાય ત્યાં ત્યાં મારા રાહુરૂપ અંતઃકરણની મલીનતાની કાળપજ સમજવી. અને એ સ્વાભાવિકતઃ એમજ હોય એમ ગણી ગુણગ્રાહક સરળ ચિત્ત ભગવદ્—ભક્તો મને પોતાનો ગણી કરૂણા વડે ક્ષમા આપશેજ.

આ પુસ્તક ટૂંક મુદતમાં છાપી તૈયાર કરી આપવામાં જે ઉત્સાહ ભરેલી સહાનુભૂતિ પ્રજાહિતાર્થ પ્રેસના વ્યવસ્થાપક મહાશય ડાહ્યાભાઇ દલપતરામ પટેલે દર્શાવી છે તે ખાતે ઉપકૃત છું.

સંસ્થાન જુનાગઢ.
સાસણ—ગીર.
સંવત ૧૯૭૨
કાર્તિક શુદી ૧

વિ. દાસાનુદાસ,
પ્રભુલાલ પ્રીતમલાલ.
(પઢીઆર) ચોરવાડકર.

॥ ૐ ॥

બ્રહ્માર્પણમ.

સંગ્રામ સાગરમાંથી પાર જવા પાર્થની પેઠે સંસાર સાગરને પાર પહોંચવા ઇચ્છતા મુમુક્ષુ ભગવદ્ ભક્તોને, વાંચન, શ્રવણ, મનન તથા નિદિધ્યાસનાર્થે અદ્વૈત સિદ્ધાન્ત રૂપી અમૃતને વર્ષાવ-નારી ભગવતી એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, જ્ઞાન અને વૈરાગ્યના આધાર રૂપ, અષ્ટાદશ અધ્યાયવાળી અને જન્મ, મરણુ, અહંતા, મમતા રૂપ સંસારને ટાળનારી શ્રીમદ્ ભગવદ્ગીતાનું આ સંગીત ગુજરાતી ભાષાંતર, પ્રેમ પૂર્વક અર્પણુ.

લિ. આપની સ્વધર્મ બ્હેન,

(સહી) કુંકાં નેમચંદના

૬. પ્રમાણુ સહ જય શ્રીકૃષ્ણુ.

રાગ કવાલી ગજલ.

મયાપન જતન બચાનાં જબ જાન તનસેં નીકલે. એ લય.
જ્ઞાની ગુરૂ અભાવે, સમજાય નાજ ગીતા.
અતિ રોગ કાળ માંહિ, ઘી તો પચે ન તેમે;
બહુ પાપના પ્રભાવે, સમજાય.
જાતે કઠોર તેથી, પ્હાણો જળે ન ભીંજે;
હઠવાન હો સ્વભાવે. સમજાય.
સમજે શુણે કહે છે, કરણી ન થાય તેથી;
અદ્વૈતને અભાવે; સમજાય.
મણિરામ ભેદ ભાંગે, સમજાય તોજ ગીતા;
ભેદી બુરા સ્વભાવે; સમજાય.

રાગ ગઝલ (બિહાગ)

જ્યાં જ્યાં શ્રવણ દઇ સાંભળું, ગેબી અવાજો ગાજતા,
ગેબી અવાજો ગાજતા, ગેબી અવાજો ગાજતા. જ્યાં ટેક.
શ્રવણે શુણું પણ તે ભિણું, સંપૂર્ણ તો કંઇ અન્ય છે,
એ પૂર્ણતાના પ્રેમના, ગેબી
શુણવાપણું શ્રવણે રહ્યું, શ્રવણો વિનાની વાત આ,
સહુ શબ્દ પારે સ્નેહના. ગેબી
શુણનાર નહીં શ્રવણે નહિ, શુણવા તણું પણ લેશના,
આ તો ત્રિપુટિ પારના, ગેબી.
ગાજે ગગન વોણા અવાજો, છે જૂના નિત્યે નવા,
આશ્ચર્યતાના તાનમાં, ગેબી.
ભાને રહ્યું કે ના રહ્યું, ગુલતાનના તોફાનનું,
મસ્તાન આત્મિય ભાવમાં, ગેબી.
આનદની લહરી ખરી, આવે ન રસના કહી શકે,
પ્રભુરામ બ્રહ્માનંદના, ગેબી.

ચોરવાડકર પ્રભુલાલ પ્રીતમલાલ પઢિયાર કૃત રામવીણામાંથી

॥ ॐ ॥

શ્રીમદ્ સંગીત ભગવદ્ગીતા.

અર્જુનવિષાદયોગ.

અધ્યાય ૧ લો.

પદ ૧ લું રાગ લાવણી.

ધૃતરાષ્ટ્ર—ધર્મક્ષેત્ર કુરૂક્ષેત્ર વિષે, યુદ્ધ કરવાની ઇચ્છાથી મળી,
મારા સુત પાંડુના પુત્રો, એ સંજય ! શું કર્યું વળી. ૧

સંજય—વ્યૂહ રચનામાં પાંડવસેન, ઉભેલું દુર્યોધન દેખી,
દ્રોણુ ગુરૂ પાસે જઇ રાજા, વચન કહે આ મન પેખી. ૨

દુર્યોધન—હે આચાર્ય જુઓ પાંડવનું, સેન ઉભું કરી વ્યૂહ રચના,
તવ શિષ્ય દ્રુપદ પૂત્ર બુદ્ધિવંત, ધૃષ્ટદ્યુમ્નની એ ઘટના. ૩
ભીમાર્જુન સમ યુદ્ધ પ્રખ્યાતિ, ધનુર્ધારી શુર સેનામાં,
વિરાટ દ્રુપદ સાત્યકિ જેવા, મહારથિ ઉભા જેનામાં. ૪
ધૃષ્ટકેતુને ચેકિતાન, કાશીરાજા છે પરાક્રમી,
ઘણા લડાક કુંતિભોજ ને શૈબ્ય પુરૂષમાં સિંહ ક્ષત્રી. ૫
ઉત્તમૌજા ને યુદ્ધામન્યુ આ અભિમન્યુ ઉભા કેવા,
દ્રુપદી કેરા પાંચે પુત્રો, પરાક્રમાં મહારથી જેવા. ૬

હે ! દ્વિજ ઉત્તમ ! આપણું, સેનાના નાયક જે બળશાળી,
નામ તેમનાં કહું સાંભળજે, વાણી મૂજ વિનયવાળી. ૭
આપ ભીષ્મ ને યુદ્ધ વિજયી, કર્ણ કૃપાચારજ મોટા,
અશ્વત્થામા ભુરિશ્રવાને, વિકર્ણ કેરા નહિ જોટા. ૮
અન્ય બહુ શૂરા મમ અર્થે, જીવન ત્યાગે તેહ ઘણા,
નાના શસ્ત્રો ધારી સાચા, યુદ્ધ વિશારદ નહિ મણા. ૯
વીરસેન ભીષ્મે રક્ષેલું, પાંડવને નહિ પહોંચી વળે.
રક્ષા ભીમ કરે પ્રભુ ! સેના, ટાળી આપણુથી ન ટળે. ૧૦
આપ બધા વ્યૂહમાં પેઠાના, માર્ગો પર ઉભા રહીને,
ભીષ્મપિતાનું રક્ષણ કરજો, શત્રુના પ્રભુ ઘા સહીને. ૧૧

પદ ૨ જું રાગ ધોળ.

સંજય—કુરુવૃદ્ધ પ્રતાપી પીતામહે, તેને હર્ષ દેતાં સિંહનાદે,
શંખે પૂર્યો સાદ, સંજય કહે રાયને. ૧
ત્યારે શંખો ભેરી પણવો આનકો, સહસા શીંગડાઓના
સાદ, તુમુલ થયા નાદ. સંજય. ૨
ધોળા ઘોડાવાળા મોટા રથમાં, બેસી અર્જુન કૃષ્ણે
દિવ્ય, ફુંકયા શંખો ભવ્ય. સંજય. ૩
ભીમકર્મા ભીમે પૌંડ્ર ફુંકીયો, દેવદત્ત પાર્થ કૃષ્ણે પાંચ
જન્ય ફુંકયા શંખો ધન્ય. સંજય. ૪
સહદેવ નકુલે સુઘોષ મણીપુષ્પને, યુધિષ્ટરે વગાડ્યો
અજય, અનંત વિજય. સંજય. ૫
ધૃષ્ટદ્યુમ્ન વિરાટ અજીત સાત્યકિ, ઉત્તમ ચાપધારી કાશીરાજ
શીખંડી મહારાજ. સંજય. ૬

દ્રુપદ દ્રુપતી પુત્રો પૃથિવીપતિ, મહાબાહુ અભિમન્યુ આદ,
કર્યા શંખનાદ. સંજય. ૭
નભ પૃથ્વિ તુમુલ નદિ ગાજ્યાં, તેથી કૌરવનાં હૃદય,
ચીરાય આયુદ્ધ ગીરાય. સંજય. ૮
વ્યવસ્થા કરી શસ્ત્રો મારતા, કૌરવ, દેખી પાર્થ પ્રભુ,
આપ, કહે ધરી ચાપ. સંજય. ૯

પદ ૩ જું રાગ લાવણી.

અર્જુન—હે ! અચ્યુત ! રથ મારો બે સેનાની, વચ્ચે આપ ધરો
લડવાની ઇચ્છાથી ઉભા તે, જોઇ સંશય કરૂં પરો. ૧
આ રણભૂમિમાં કોની સાથે, લડવું મારે યોગ્યજ છે,
કે કોની કોની સાથે મારે, લડવું જ અયોગ્યજ છે. ૨
દુર્બુદ્ધિ દુર્યોધનનું પ્રિય કરવા જે ઉભા લડવા,
જોઉં પ્રભુ કે કો યોદ્ધાઓ મુજ સાથે ઉભા ભડવા. ૩

પદ ૪ થું. હરિગીત છંદ.

સંજય—હે ! રાજ ! આ રીતે કહ્યું જ્યાં અર્જુને હૃષીકેશને,
બે સેન વચ્ચે લાવીયા, રથ વાર શી વિશ્વેશને,
ભિષ્મ દ્રોણને સર્વ રાજા, સન્મુખે રથ સ્થિર કરી,
હે પાર્થ ! આ ભેળા મળેલા કૌરવો જો કહે હરિ. ૧
કાકા અને દાદા વળી આચાર્ય મામા મિત્રને,
ભાઇ સસરા સ્નેહીઓને, પૌત્રને વળી પુત્રને;
સૌ બંધુને બેઉ સૈન્યમાં યુદ્ધે ઉભેલા જોઇને,
દિલ દયાને શોકથી પ્રભુ પાર્થ કહે ધીર ખોઇને. ૨

પદ ૫ મું રાગ વ્હાલો મારો સાચાનો.

અર્જુન—અર્જુન કહે સાંભળજો રામ, કૃષ્ણ કરૂં વિનતિ.
આ વાત હૃદયે ધરજો, રામ કૃષ્ણ કરૂં વિનતિ. ટેક.
લડવાની ઈચ્છાવાળા, જોઇ સગાં સબંધી શાળા;
મમગાત્ર ગળે રહીયાળા રામ. કૃષ્ણ૦ ૧
મુખ મારૂં હરિ સુકાયે, મારો દેહ કંપતો જાયે;
રૂવાટાં ઉભાં થાયે રામ. કૃષ્ણ૦ ૨
કરથી ગાંડીવ સરી જાયે, ચામડીમાં બળતર થાયે;
દૃઢતાથી નવ ઉભાયે રામ. કૃષ્ણ૦ ૩
મારૂં ભ્રમણાથી મન ભમતું, અવળાં શુકનો સૂચવતું;
આયુદ્ધ નથી હરી ગમતું રામ. કૃષ્ણ૦ ૪
સબંધી યુદ્ધે હણાતાં, નથી સારાં ફળો જણાતાં;
કુળ યુદ્ધે જશે તણાતાં રામ. કૃષ્ણ૦ ૫
ઇચ્છા ન જીત્યાની મારે, મન રાજ ! સુખ નવ ધારે;
મિથ્યા વ્હાલાં કો મારે? રામ. કૃષ્ણ૦ ૬
જીવ રાજ સુખ ભોગ માગે. તે સગા. ઉભાં મમ આગે;
ધન પ્રાણ તજી યુદ્ધ માગે રામ. કૃષ્ણ૦ ૭
હે ગોવિંદ ! રાજ ન ગોતું, ભોગોમાં મન નથી મ્હોતું;
પ્રભુરામ જીવીત નથી જોતું રામ. કૃષ્ણ૦ ૮

પદ ૬ છઠું રાગ સદર.

અર્જુન—ગુરૂ સસરા શાળા દાદા, બાપા દીકરાને મામા
સંબંધી ઉભા સામા રામ, કૃષ્ણ કરૂં વિનતિ. ૧

એ બધાં મને જો મારે, હું હણું ન ત્રય લોક માટે;
શું હણીશ પૃથ્વિ સાટે ? રામ. કૃષ્ણ૦ ૨
પાપી કૌરવને હણતાં, શું આનંદ મને થનારો;
મળશે પાપોનો ભારો રામ. કૃષ્ણ૦ ૩
આ ગોત્રી ગરદન કરતાં, સુખી નહિ થઇએ ઘનસ્યામા;
તેથી નહિ મારૂં બળધામા રામ. કૃષ્ણ૦ ૪
બુરૂં મિત્રનું કુળ ક્ષય કરતાં, ગણે પાપ ન કુડા કુપાઠી;
તેની લોભે બુદ્ધિ નાઠી રામ. કૃષ્ણ૦ ૫
કુળ ક્ષય કરવાનાં પાપો, જાણીને કેમ આચરીયે;
પ્રભુ દૂર થકી પરહરીયે રામ. કૃષ્ણ૦ ૬

પદ ૭ મું રાગ સદર.

ક્ષય કુળનો થાતાં, સ્વામી ! શુભ ધર્મો કુળના જાયે;
અધરમની વૃદ્ધિ થાયે રામ, કૃષ્ણ કરૂં વિનતિ. ૧
અધરમથી સ્ત્રીઓ બગડે, તે બગડે વંશજ વંઠે;
સંકર વંશ વળગે કંઠે રામ. કૃષ્ણ. ૨
સંકર વંશજથી કુળમાં, જળદાન કદી નહી થાશે;
પિંડો પિતૃ નહી ખાશે રામ. કૃષ્ણ૦ ૩
તેથી કુળને હણનારા, કુળ આખું તેની વાંસે;
પિતૃ પણ નરકે જાશે રામ. કૃષ્ણ૦ ૪
જાતિકુળના શુભ ધર્મો, જે અચળ હતા તે ચળશે;
વર્ણોમાં ભેગજ ભળશે રામ. કૃષ્ણ૦ ૫
માનવ કુળ ધર્મો ટળતાં, નર્કે નકી વાસજ થાતો;
અમે એવી સાંભળી વાતો રામ. કૃષ્ણ૦ ૬

આ રાજ સુખના લોભે, મહા પાપો કરવા ચાલ્યા;
સંબંધી હણવા હાલ્યા રામ. કૃષ્ણ૦ ૭
તે કરતાં તો હે સ્વામી, હથિયાર નહીં ધરનારો;
હું સામો નહીં થનારો રામ. કૃષ્ણ૦ ૮
કૌરવ હથિયારોવાળા, થી મોત મારું જો થાયે;
પ્રભુ તો કલ્યાણ પમાયે રામ. કૃષ્ણ૦ ૯

પદ ૮ મું. રાગ દોહરો.

સંજય—એમ કહી અર્જુન રણે, ફેંકી બાણને ચાપ;
મન શોકે ઘેર્યું પ્રભુ, રથમાં બેઠા આપ. ૧

અધ્યાય ૧ લો સમાપ્ત.

સાંખ્ય યોગ.

અધ્યાય ૨ જો.

પદ ૧ લું ગીતી.

સંજય—ગભરાયેલ દયાથી, આંખે આંસુ શોક મને કરતા;
અર્જુન પ્રત્યે પ્રેમે, મધુસૂદન પ્રભુ આ શબ્દો કહેતા. ૧

પદ ૨ જું હરીગીત છંદ.

શ્રીકૃષ્ણ-હે પાર્થ ! આ ભયભીત સ્થીતિમાં મોહ થયો ક્યાંથી તને
અપકીર્તિકર હર સ્વર્ગનો, સેવેલ નહિ આર્યો જને.

હો શત્રુનેજ તપાવનાર, બીકણપણું ન ઘટે તને;
દીલ તુચ્છ દુર્બળતા તજી, તું ઉઠને હર્ષિત મને. ૧

પદ ૩ જું. રાગ નવે કાંકરી ન્યારો.

અર્જુન—અર્જુન કહે ન મારૂં, ગુરૂને, અર્જુન કહે ન મારૂં. ટેક.
હે! મધુસૂદન! હે અરિસૂદન! કથન સુણો કાંઇ મા'રૂં હેજી;
પૂજવા લાયક ભીષ્મ દ્રોણને, યુદ્ધે કેમ સંહારૂં. ગુરૂ૦ ૧
ઉત્તમ પ્રભાવ વાળા ગુરૂઓ, હણવા અતિ નઠારૂં હેજી;
એ કરતાં ભીખ માગી જગમાં, ખાવું પણ છે સારૂં. ગુરૂ૦ ૨
આ ગુરૂઓ મુજ મંગળ ઇચ્છે, હણવા એજ અકારૂં હેજી;
હણીને લોહી ખરડાએલ ભોગો; ભોગવવા નવ ધારૂં. ગુરૂ૦ ૩
ન જાણીયે જીતાવામાં કે, જીતમાં ભલું અમારૂં હેજી;
વળી જીતશું કે જીતાશું તે, સમજવાનું નહી બારૂં.ગુરૂ૦ ૪
જેને મારીને જીવવાની, કદી નવ ઇચ્છા ધારૂં હેજી;
તે ધૃતરાષ્ટ્ર? તણા પુત્રો આ, સામે ઉભા નઠારૂં. ગુરૂ૦ ૫
દીન દોષે દુષીત થયેલ, સ્વભાવથી ચિત્ત મારૂં હેજી;
ધર્મે મૂઢ બન્યું હું પૂછું, કહો શ્રેય કયું ચારૂ. ગુરૂ૦ ૬
શિષ તમારો તમ શરણે છું, બોધ? કરો તે સ્વીકારૂં હેજી;
પ્રભુ પતિ નિશ્ચય વાત કહોને, આ દીનતા વિસારૂં. ગુરૂ૦ ૭

પદ ૪ થું હરીગીત છંદ.

અર્જુન—શત્રુ રહીત સુખ સંપત્તિ, સહ રાજ પૃથ્વીનું મળે;
તે સાથ દેવોના અધિપતિ, ઇંદ્રનું ભેળું ભળે.
મુજ ઇંદ્રિયોને શોષનારો, શોક જેહ થકી ટળે;
પ્રભુ તે ઉપાય ન દેખતો, સંતાપ દૂર જેથી પળે. ૧

પદ ૫ મું રાગ ચોપાઇ.

સંજય—કૃષ્ણને અર્જુને એમ કહી, હે! ગોવિંદ! હું તો વઢું નહિ;
બેઠો ચુપ ઠરી નિજ સ્થાને, નથી વાત લેતા કશી કાને. ૧
હે! ભારત વચ્ચે બે સેનાની, શોક કરતા અર્જુનને સન્માની;
જાણે હસતા હોયે તેમ બોલ્યા, પ્રભુ કૃષ્ણે અંતરપટ ખોલ્યા. ૨

પદ ૬ ઠું. રાગ મ્હાર આવ્યો મા બાપ.

શ્રીકૃષ્ણ—વાત ભારે અર્જુન વાત ભારે,
કહે કૃષ્ણ કહેવું શું તને મારે અર્જુન. ટેક.
શોક કરવા લાયક નહિ તેનો, શોક કરતો બેઠો છે શેનો;
નથી સમજ્યો તું સાર જરી એનો, પંડિતાઇનો વાદ શું ઉચ્ચારે અ.૧
પંડિત મુવા જીવતાને ન શોચે, સ્નેહ બાંધે નહિ દેહ લોચે;
ચડયો તું તો પંડીતાઇ ટોચે, નથી સમજણ તને શું લગારે. અ૦૨
હું તું રાજા નોતા ન હઇશું, દુઃખ ધરે ખોટું માની લઇશું;
હતા સર્વે હજી પણ રહીશું, સમજ શાણો થઇને વિચારે અ૦૩
દેહ બાળક યુવાન વૃદ્ધ થાતી, અંતકાળે છૂટી તેમ જાતી;
વાસનાથી નવી દેહ આવી, ધીરજવાળા મોહે નહિ ત્યારે. અ૦૪
ઇંદ્રિયોના વિષય જાય આવે, ટાઢ તડકો સુખ દુઃખ તે બતાવે;
ખોટા માની લે તે શુભ ભાવે, સહન સર્વે કરી લે તું પ્યારે. અ૦૫
પીડા વિષયો કરે નહિ જેને, સુખ દુઃખ તો સમાન છે એને;
ધીર બુદ્ધિવાળા જાણ તેને, ખરા મોક્ષના અધિકારી ધારે. અ૦૬
નથી સત્તા અસત્યની સ્થાપી, સત્ય નાશ ન થાયે કદાપી.
તત્વદર્શીનો નિર્ણય પ્રતાપી, મન તારૂં નાહક શીદ હારે. અ૦૭

રહ્યો વિશ્વમાં વ્યાપીને પોતે, અવિનાશી આત્મા જાણવો તે;
કદી માર્યો મરે નહિ મોતે,તેને મુવો તું માન શે? વિચારે. અ૦૮
રોજ ર્‌હેનારો નાશ ના થનારો, નહીં માપમાં કદી આવનારો;
જુદાજુદા દેહો ધરનારો, નાશવાન દેહ માનવા તારે.અ૦૯
જે કોઇ જાણે એને મારનારો, કોઇ માને તેને મરાનારો;
પ્રભુરામ જ્ઞાનહિણા, તે વિચારો નથી હણતો હણાતો તે કયારે. અ.૧૦

પદ ૭ મુ. રાગ વ્હાલો મારો સાચાનો સંગાથી રામ૦

શ્રીકૃષ્ણ—જગ જન્મ ન આત્મા ધરતો રામ, અરજુન માન ખરૂં;
કોઇ કાળે પણ નથી મરતો રામ, અર્જુન માન ખરૂં. ટેક
હતો પૂર્વ કાળમાં એ તો, હોવાનો હજીએ તે તો;
છે નિશ્ચય વાત મને તો રામ. અ૦ ૧
વળી અચળ અજન્મ અનાદિ, રહે નિત્ય જતાં તત્વાદિ;
ન મરે મરતાં શરિરાદિ રામ. અ૦ ૨
જે આ આત્મા અવિનાશી, ક્ષય જન્મ રહીત સુખરાશી;
જાણે જો નિત્ય વિલાસી રામ. અ૦ ૩
તે પુરૂષ હણાવે કોને, કેમ કરી હણે ભૂતોને;
તું મનમાં સમજી જોને રામ. અ૦ ૪
વસ્ત્રો જેમ જૂનાં ત્યાગે, પહેરે નવીન અનુરાગે;
માણસને સારૂં લાગે રામ. અ૦ ૫
તેમ જૂનો જ્યાં થાતો, જીવ તે તજવાને ચ્હાતો;
તે નવીન ધરવા ધાતો રામ. અ૦ ૬
હથિયાર શકે નહિ કાપી, બાળે ન આગ પરિતાપી;
આત્મા છે અતિ પ્રતાપી રામ. અ૦ ૭

ભીંજવી ન શકે જરી પાણી, સુકવે ન પવન લે જાણી;
પ્રભુરામ આત્મ એંધાણી રામ. અ૦ ૮

પદ ૮ મું. રાગ બિહાગ—ગઝલ.

શ્રીકૃષ્ણ—આત્મા ન છેદાતો કદી, ન બળાય ના સુકવાય છે;
હે! પાર્થ નિશ્ચય માનજે, કોથી નહિ ભીંજવાય છે. આ૦ ૧
એ સર્વ વ્યાપી સ્થીર છે, તે નિત્ય અચળ વદાય છે;
વળી તે સનાતન છે ખરો, નજરે નહિ દેખાયછે, આ૦ ૨
આત્મા અવિકારીજ છે. કલ્પી મને ન શકાય છે,
તું જાણુ આવો તેહને, શું શોકમાં ઘેરાય છે. આ૦ ૩
કદી નિત્ય મરતો જન્મતો, માન ન તોય ઉપાય છે;
તું તો મહાબાહુ છતાં, શું શોકમાં ઘેરાય છે. આ૦ ૪
નક્કી જનમશે જે મુવો, જન્મે મરી તે જાય છે;
અટકાવ ત્યાં નવ થઇ શકે, શું શોકમાં ઘેરાય છે. આ૦ ૫
ન દેખાય આદિ કાળ છે, જે મધ્યમાં દેખાય છે;
અંતે ન તે દેખાય ત્યાં, કર શોક તો શું થાયછે. આ૦ ૬
આત્મા અરે આ કોઇથી, આશ્ચર્યવત્ જોવાય છે;
વળી અન્ય જનથી આ કદી, આશ્ચર્યવત્ કહેવાય છે. આ૦ ૭
આશ્ચર્યરૂપે જીવ આ, કોઇ કોઇથી સંભળાય છે;
પ્રભુરામ સાંભળતાં છતાં, સત્ રૂપ ના સમજાય છે. આ૦ ૮
સૌ દેહ નાશ કર્યા છતાં, આત્મા કદી ન હણાય છે;
સૌ પ્રાણીઓના શોકમાં, અરજુન શીદ તણાય છે. આ૦ ૯

પદ ૯ મું. રાગ વ્હાલા વેગે આવોરે.

શ્રીકૃષ્ણ—તારો ધર્મ જોતું રે, વિચારે ચિત્ત પ્રોતુ રે, યુદ્ધેથી તું ભાગ માં હેજી

ક્ષત્રીને છે યુદ્ધે મરતાં કલ્યાણ. તારો૦ ટેક.
ધર્મ યુદ્ધ ઉત્તમ અતિ, તેથી વધુ ન કાંઇ;
સ્વર્ગ દ્વાર ખુલ્લાં કરે, દૈવેચ્છાથી ધાઈ;
ભાગ્યશાળી ક્ષત્રી ખરા, મળે યુદ્ધ આ ભાઇ;
પારથ તક ના ખો તું રે. યુદ્ધે૦ ૧
ધર્મ યુદ્ધ આ નહી કરે, કીર્તિ થશે વિનાશ;
પાપ ભાગ મળશે થશે, ક્ષત્રી ધર્મનો નાશ.
અપકીર્તિ તારી અતિ ગાશે લોકો ખાસ,
ઝટ કાળપ તે ધો તું રે. યુદ્ધે૦ ૨
અપકીર્તિ સજ્જન તણી, તેથી સારૂં મોત;
ભયથી ભાગ્યો માનશે, મહારથીઓ સોત.
માન બહુ જે આપતા, હલકી ગણશે જોત;
ભવ બાધો ના બો તું રે. યુધ્ધે૦ ૩
શત્રુ શક્તિ નિંદશે, તારી અપરંપાર;
ન બોલવાના બોલશે, શબ્દો પારાવાર.
તેથી દુ:ખ વધુ કયું, બીજું મન તું ધાર;
નાહક શીદને રો તું રે. યુધ્ધે૦ ૪
મળશે સ્વર્ગ મરીશ તો, કુંતિ પુત્ર સાક્ષાત;
ભોગવીશ પૃથ્વિ ભલી, જીતીશ તો વિખ્યાત.
યુદ્ધ કરવા નિશ્ચય કરી ઉઠ ઉઠ તું ભ્રાત,
આ આંસુડા લ્હો તું રે. યુધ્ધે૦ ૫
વિજય અજય સુખ દુ:ખને લાભ હાની સમ માન,
યુદ્ધ કરવા તયાર થા ધર્મે રાખી ધ્યાન.

એ રીતે કર યુદ્ધ તો, પાપજ નથી નિદાન,
મનસુબો કર શો તું રે. યુધ્ધે૦ ૬
સાંખ્ય જ્ઞાન આ મેં કહ્યું, કહુ છું હવે સુયોગ;
કર્મ કરીશ નિષ્કામ તો પામીશ શુભ સંજોગ.
પારથ જે સમજણ થકી બળે કર્મના ભોગ,
માયામાં નવ મ્હો તું રે. યુધ્ધે૦ ૭
નાશ ન થાય પ્રયત્નનો દોષ ન ચડે લગાર;
આ નિષ્કામ સુકર્મ તો, થોડું પણ સુખકાર.
મોટા ભયને ભાંગતું એવું તે ભયહાર,
પ્રભુરામ પ્રિય છો તું રે. યુધ્ધે૦ ૮

પદ ૧૦ મું રાગ ઓધવજી સદેશો૦

શ્રીકૃષ્ણ—હે! કુરૂનંદના! આ નિષ્કામ સુકુર્મમાં,
નર બુદ્ધિનો નિશ્ચય હોયજ એકજો;
પણ ચંચળ મનવાળાની બુદ્ધિ વિષે,
બહુ શાખાને અંત નહીં જયાં છેકજો. હે૦ ૧
વાદ વેદના વદવા પ્રિતી જેહની,
રહસ્ય સાચું તેને નહિ સમજાયજો;
વિષય ભોગ વૈભવ વિના બીજું નથી,
એમ જાણનારા અજ્ઞાની ગણાયજો. હે૦ ૨
એવા જન મધુરી વાણી બહુ બોલતા,
ઉત્તમ સ્વર્ગ ગણી લેવાને ચ્હાયજો;
ઘણા પ્રકારે કર્મો કરવા તે કહે,
જેથી જન્મ મરણ ફરિ ફરિને થાયજો. હે૦ ૩

લલચાયો જે જન વૈભવ ભોગો વિષે,
એ વચને મન મોહ્યું જેનું ખાસજો;
એ જનની બુદ્ધિ નિત્યે ભમતી ભમે,
સમાધિમાં એકાગ્ર થવા નહિ આશજો. હે૦ ૪
ત્રિગુણ વિવેચન વેદ કરે છે કર્મમાં,
યોગ ક્ષેમને દ્વંદ્વ ત્રિગુણ તજ તાતજો;
ચિત્ત વિષે નિર્મળતા રૂડી રાખજે,
આત્મામાં નિષ્ટાધર કહું છું ભ્રાતજો. હે૦ ૫
જળાશયો નાનાથી જે કામો થતાં,
મીઠા જળનિધિમાં તે સર્વે થાયજો;
સર્વ વેદમાં કર્મ ફળો જુજવાં કહ્યાં,
બ્રહ્મનિષ્ઠ જનથી સહજે જ પમાયજો. હે૦ ૬
માત્ર કર્મ કરવા અધિકારજ છે તને,
પણ ફળ ઇચ્છા કરવા હક નથી લેશજો;
માટે કારણ કર્મ ફળોનું થા નહિ,
કર્મ ત્યાગમાં પ્રીતી કર નવ શેષજો. હે૦ ૭
કર્મ યોગમાં આ રીતે સ્થીર થઈ અને,
લાભ હાણમાં સમાનતા મન આણજો;
પ્રીત તજી પ્રભુ પર કર્મો કર પાર્થ તું,
એ સમાનતા તેજ યોગ તું જાણજો. હે૦ ૮

પદ ૧૧ મું. હરીગીત છંદ.

શ્રીકૃષ્ણ—સાધન સુંદર જ્ઞાનનું નિષ્કામ કર્મજ શ્રેષ્ઠ છે,
તેના થકી બીજાં બધાંય, સકામ કર્મો કિલષ્ઠ છે;

તે માટ તું નિષ્કામ કર્મો ઈશ્વરાર્પણ લે કરી,
ઇચ્છા કરે ફળની કૃપણ તે જાણવી બુદ્ધિ ખરી. ૧
સહુ પુન્ય પાપ બળી જતાં, નિષ્કામ કર્મ કર્યાં થકી,
તે કાજ તું ફળ રહીત કર્મોમાં પ્રિતિ કરને નકી;
સહુ કર્મ ઇશ્વરને સમર્પી, મોક્ષ મર્મ પીછાણવો,
સુકર્મમાં એવી કુશળતા યોગ તેને જાણવો. ૨
નિષ્કામ કર્મો જે કરે ફળને તજી જ્ઞાની બને,
તે જન્મ બંધનથી મુકાયે મોક્ષપદ પામે કને;
તુજ બુદ્ધિ મોહ સ્વરૂપ માયાને તરી જ્યારે જશે,
સહુ સાંભળેલા વિષયમાં વૈરાગ્ય ત્યારે આવશે. ૩
ઇચ્છા ન શુણવા યોગ્ય વિષયે લેશ તારી વાધશે,
સહુ વાત મિથ્યા લાગશે ભ્રમણા બધી ત્યાં ભાગશે;
બહુ સાંભળી વ્યાકુળ થયેલી બુદ્ધિ સ્થિર જ્યારે થશે,
સમ અચળ થઈ પ્રભુરામમાં તું યોગ સિદ્ધિ પામશે. ૪

પદ ૧૨ મું. રાગ દાદરા.

અર્જુન—બુદ્ધિ નિશ્ચળ જેહની, સ્થીર સમાધિમાંજ;
લક્ષણ તેનું શું પ્રભુ, કહો કેશવા આજ. ૧
બુદ્ધિ સ્થિર જે જન તણી, બોલે બેસે કેમ;
કેવી રીતે ચાલતો, વદો વધારી પ્રેમ. ૨

પદ ૧૩ મું. રાગ જેને વિતી હોય તે જાણે રે.

શ્રીકૃષ્ણ—ગીતાનું જ્ઞાન જે મોંઘું, કરી કહુ બાપલા સોંઘું રે. ટેક૦
મનની જ્યારે કામના સર્વે, માનવની બળી જાય,

આત્મારામ બને સંતોષે, સ્થીર બુદ્ધિ કહેવાય. ગીતા૦ ૧
દુઃખમાં દિલ ઉદ્વેગ ન પામે, સુખ ઇચ્છા નવ થાય,
રાગ ભય ને ક્રોધ નહિ તે, સ્થીર બુદ્ધિ લેખાય. ગીતા૦ ૨
વિષયે જે આસક્તિ વિના, ન શુભથી ના હરખાય,
અશુભ થાતાં દ્વેષ કરેના, સ્થિર બુદ્ધિ પરખાય. ગીતા૦ ૩
કાચબો અંગો જેમ સંકોચે ભય નજીક જણાય,
તેમ ખેંચે ઇંદ્રિયો વિષયથી, સ્થીર બુદ્ધિજ ગણાય. ગીતા૦ ૪
લાંઘનારાની ઇંદ્રિયો સર્વે બ્હારથી નિવૃત થાય,
પણ અંતરની આસક્તિ તો હરિ દેખેજ હણાય. ગીતા૦ ૫
મોક્ષ માટે મથનાર વિવેકી, જનના મનને હાય !
પણ મથી નાંખનાર ઇંદ્રિયો, જોરથી ખેંચી જાય. ગીતા૦ ૬
માટે ઇંદ્રિયો વશ કરી યોગી, પ્રભુ પરાયણ રેહ,
ઇંદ્રિયો જેની સ્વાધીન પારથ સ્થીર બુદ્ધિ ગણ તેહ. ગીતા૦ ૭

પદ ૧૪ મું અલબેલી અંબેમાત.

શ્રીકૃષ્ણ–ધરે વિષયોનું નર ધ્યાન, સંગ બને તેથી
સંગે ઉપજે છે કામ ક્રોધ થતો એથી. ટેક.
ક્રોધે મોહ ઉપજતો મોહે સ્મરણ શક્તિ ભ્રમ ખાસરે,
ભ્રમણા બુદ્ધિ નાશ કરે, બુદ્ધિ નાશે નર નાશ. સંગ૦ ૧
રાગ દ્વેષ રહિત મન વશ જે, આત્માને આધીન રે,
ઇંદ્રિય વિષે રમે છતો પામે શાંતિ અવિછિન્ન. સંગ૦ ૨
મનની શાંતિ થકી પુરૂષનાં દુઃખ નાશ સહુ થાયરે,
શાંત ચિત્તવાળાની બુદ્ધિ સ્થિર તુરત થઇ જાય. સંગ૦ ૩

અસ્થિર ચિત્તવાળાની બુદ્ધિ, સ્થીર ન ધ્યાન ધરાયરે,
ધ્યાન વગર શાંતિ કયાંથી, શાંતિ વિણ સુખ ક્યાં થાય. સંગ૦ ૪
ભમતી ઈંદ્રિયોમાંથી જેને, મન આધીન બની જાયરે,
તે ઈંદ્રિય બુદ્ધિ ખેંચે જેમ, પવને વ્હાણુ તણાય સંગ૦ ૫
સર્વ પ્રકારે સર્વ ઇંદ્રિયો, જેણે વિષયથી વાળીરે,
સ્વાધીન કરી તે નર'મહાબાહુ! સ્થીર બુદ્ધિ લે ભાળી. સંગ૦ ૬
આત્મ નિષ્ઠા રાત્રી પ્રાણીની, તેમાં મુનીવર જાગેરે,
વિષય જ્ઞાનમાં જાગ્રત પ્રાણી, રાત મુનીને લાગે. સંગ૦ ૭
ભરેલ પૂર્ણ પણે દરીયામાં, નદીયોનું જળ ભળતું રે,
તો પણ તે મર્યાદ ન મૂકે, અચળ પાણું નવ ચળતું. સંગ૦ ૮
પુરૂષો વિષયો તેમ પામતાં અચળ પણું નવ ખોયરે,
તે નર શાંતિ પામે કામી, શાંતિ ન સ્વપ્ને જોય. સંગ૦ ૯
અહંકાર મમતા તજી જે નર સ્પૃહા વિનાનો વિચરેરે,
ત્યાગ કરે સહુ ઇચ્છા તે, શાંતિ પામે ભવ સફરે. સંગ૦ ૧૦
અર્જુન છે આવી બ્રહ્મ નિષ્ઠા. પામે તે મોહ વામેરે,
અંતકાળ આ સ્થીતિ થાય તોય,પ્રભુરામ પદ પામે. સંગ૦ ૧૧

અધ્યાય ૨ જો સમાપ્ત.

કર્મ યોગ.

અધ્યાય ૩ જો.

પદ ૧ લું હરીગીત છંદ.

અર્જુન–કેશવ ! તમે જો માનતા હો જ્ઞાન મોટું કર્મથી,
જોડો મને કાં ઘોર કર્મે, યુદ્ધમાં શા મર્મથી;
સંદેહવાળાં વાક્યથી, શું બુદ્ધિ મોહ કરો અહો !
એ એ વિષે કલ્યાણ પામું, વાત નિશ્ચિત તે કહો. ૧

પદ ૨ જું રાગ આનંદ સાગર ઉલટયો રે લોલ.

શ્રીકૃષ્ણ–પાપ રહિત પાર્થ મેં પ્રથમ કહ્યું રે લોલ,
એવા આ લોકમાં બે પંથ જો;
જ્ઞાન યોગ સાંખ્યનો ને કર્મથી રે લોલ,
યોગીનો માર્ગ કહે ગ્રંથ જો;
સાચા સિદ્ધાંત કહું સ્નેહથી રે લોલ. ૧
માત્ર કર્મો ન કરવા થકી રે લોલ,
છુટે ન કર્મ થકી જીવ જો;
તેમ શુષ્ક સંન્યાસથી રે લોલ,
થાયે નહિં જીવ મટી શીવ જો. સાચા૦ ૨
ક્ષણ એક પણ કોઇ મનુષ્યથી રે લોલ,
કર્મ કર્યાં વિના ન રહેવાય જો;

પરાધિન પ્રકૃતિના ગુણુથી રે લોલ,
માનવથી કર્મ સહુ કરાયજો. સાચા૦ ૩
રોકી કર્મેંદ્રિયોને બહારથી રે લોલ,
મનમાં વિષયોનું ધરે ધ્યાન જો;
મૂઢથી વિશેષ મૂઢ માનવી રે લોલ,
ઢોંગી ગણાય તે અજ્ઞાન જો. સાચા૦ ૪
મનથી ઈંદ્રિયો વશ જે કરે રે લોલ,
કર્મેંદ્રિયોથી કરે કર્મ જો;
ફળની ઈચ્છા તજીને ફરે રે લોલ,
ઉત્તમ તે કર્મ યોગ મર્મ જો. સાચા૦ ૫
કર્મો કરવાં નહીં તે થકી રે લોલ,
કરવાં તે સારૂં માનું હુંજ જો;
કર્મ કર્યા વિના દેહ નહિ ટકે રે લોલ,
માટે કર નિત્ય કર્મ તુંજ જો. સાચા૦ ૬
હરિની સેવા વિનાના કર્મ જે રે લોલ,
બાંધે જગમાં જનોને જાણજો;
આરાધવા પ્રભુરામને રે લોલ,
સંગ તજી કર્મ કર સુજાણ જો. સાચા૦ ૭

પદ ૩ જું રાગ દાંડી,

શ્રીકૃષ્ણ—પ્રજા યજ્ઞ અધિકારવાળી કીધી,
શીખ બ્રહ્માએ પ્રથમ આવી દીધી;
કરો યજ્ઞ આ અધિક વૃદ્ધિ પામો,
યજ્ઞ આપશે ઇચ્છીત ફળ સ્હામો. ૧

તમે યજ્ઞ કરી દેવને જ પોષો,
દેવો પ્રસન્ન થઇ તમને પાંરપોષો;
એક બીજાને સંતોષ આપો,
પરમ શ્રેય પામી કષ્ટ બધાં કાપો. ૨
દેવો યજ્ઞથી પોષાઇને તમોને,
ઇચ્છિત ભોગ આપશે સુખે રમોને;
તેનું આપ્યું તેને આપ્યા વગર ખાયે,
ખરો ચોર તે આ વિશ્વમાં ગણાયે. ૩
બાકી યજ્ઞનું વધેલ જેહ ખાતા,
શુરા સંત સર્વ પાપથી મૂકાતા;
જેહ પાપીઓ પોતાને કાજ રાંધે,
ભોજન પાપનું કરે જ પાપ બાંધે. ૪
પ્રાણીની પેદાશ અન્ન થકી થાતી,
અન્ન વૃષ્ટિથીજ થાય ખરી ખ્યાતી;
વૃષ્ટિ યજ્ઞ વડે થાય વેદ વાણી,
યજ્ઞ કર્મથી થતોજ લે પિછાણી. ૫
કર્મ વેદથી થયેલ સત્ય વાચા,
બ્રહ્મ અક્ષરથી વેદ થયા સાચા;
એ પ્રમાણે સર્વ વ્યાપી બ્રહ્મ પોતે,
યજ્ઞમાં રહેલ છે જણાય જો તે. ૬
એમ ચાલતાં સુચક્ર ગતિ જાણી,
નથી ચાલતો આ લોકમાં જે પ્રાણી;
ઇંદ્રિય સુખમાં આનંદ માનનારો,
પાપરૂપ જીવન, વ્યર્થ જીવનારો. ૭

પદ ૪ થું રાગ ભુજંગી.

શ્રીકૃષ્ણ—છતાં પ્રેમ આત્મા વિષે જે ધરે છે,
થઈ તૃપ્ત આત્મા વિષે જે ઠરે છે;
અને આત્મ–સંતોષ પામે પૂરો જે,
ન કર્ત્તવ્ય તેને કશું છે શૂરો તે. ૧
નથી કર્મથી ફાયદો લેશ તેને,
તથા કર્મ છોડે નથી દોષ એને;
ન આધાર કો પ્રાણિ પર લેશ તેનો,
જરા અર્થ સિદ્ધિ થવા કાજ એનો. ૨

પદ ૫ મું રાગ ઓધવજી સંદેશો.

શ્રીકૃષ્ણ—માટે કરવા લાયક કર્મો હોય તે,
ફળ ઇચ્છા તજી કર શુભ રીતે આપ જો;
કારણ કે ફળ ઇચ્છા તજી જે માનવી,
કર્મ કરે તે પામે મોક્ષ અમાપ જો. માટે૦ ૧
નક્કી પૂર્વે જનકાદિક પણ કર્મથી,
પામ્યા સિદ્ધિ ધર મન સમજણ એજ જો;
તેથી લોકોનું કલ્યાણ વિચારીને,
તું પણ કર્મો કરવા લાયક છેજ જો. માટે૦ ૨
શ્રેષ્ઠ પુરૂષ આચરણ કરે જે કાંઇ તે,
તેવું બીજાં જન પણ કરવા ચ્હાય જો;
ઉત્તમ નર જેને પ્રમાણ માને ખરૂં,
લોકો તેમજ વર્તી પ્રમાણ સ્હાય જો. માટે૦ ૩
હે ! અર્જુન ! મ્હારે કાંઇ પણ ત્રણ લોકમાં,

કરવા લાયક કર્મજ છે નહિ છેક જો;
નથી મળેલું કે મેળવવા યોગ્યતા,
તો પણ કર્મો કરૂં હું રાખી ટેક જો. માટે૦ ૪
હે ! પારથ ! જો, આળસ તજીને હું કદી,
નિશ્ચય પૂર્વક કર્મ કરૂં નહિં લેશ જો;
તો સહુ માનવ મારે માર્ગે ચાલશે,
નાશ થાય જે માર્ગ બન્યો છે બેશ જો. માટે૦ ૫
વળી જો સઘળાં કર્મો છોડી હું ફરૂં,
આ સહુ લોકો: વેગે પામે નાશજો;
વર્ણસંકરી પ્રજા તણો કર્તા ઠરૂં,
સર્વે સૃષ્ટિ હણનારો બનું ખાસજો. માટે૦ ૬
હે ! ભારત ! અજ્ઞાની જેવી રીતથી,
આસક્તિ ધરી કર્મ કરે છે તેમજો;
તેમજ જ્ઞાની લોક હીત રાખી દીલે,
આસક્તિ હિણ કર્મ કરે તજી વ્હેમજો. માટે૦ ૭
કર્મે દઢ પ્રીતિવાળા અજ્ઞાનીની,
બુદ્ધિમાં નહિં પડાવવો જરી ભેદજો;
પણ જ્ઞાનીએ મ્હારામાં પ્રીતિ ધરી,
કરાવવાં કરવાં કર્મો તજી ખેદજો. માટે૦ ૮

પદ ૬ ઠું રાગ ધોળ સુંદર વરની વોડલી.

શ્રીકૃષ્ણ—પ્રકૃતિ કેરા ગુણથી, કર્મો સર્વ કરાય,
અહંકારે મૂઢ-બુદ્ધિ જીવ, માને હુંથી બધાં કર્મો થાય;
વિચારી જો વાત. ૧

ગુણને કર્મ વિભાગનાં, તત્વો જાણે જેહ;
ગણી ગુણ ગુણમાં વર્તતા, અભિમાન ધરે નહિ તેહ. વિ૦ ૨
પ્રકૃતિ ગુણુથી મૂઢ જે, તે ગુણ કર્મે બધાય;
તેવા અજ્ઞાની મંદને, નહીં જ્ઞાની ચળાવવા જાય. વિ.૦ ૩
સર્વ કર્મ અર્પી મને, આત્મામાં ચિત્ત રાખ;
શોક તજી કર યુદ્ધ તું, અહંકાર આશા આઘાં નાખ. વિ૦ ૪
વર્તે નિત્ય મારે મતે, જે જન શ્રધ્ધાળુ ખાસ;
દોષ ન કાઢે તેહના, છુટે કર્મોના બંધન પાસ. વિ૦ ૫
મુજ મત આ માને નહિ, ને કરે દોષની દષ્ટ;
જ્ઞાન મુઢ ચિત દુષ્ટતા, જાણુ તેહ થયેલા છે ભ્રષ્ટ. વિ૦ ૬
જ્ઞાનવાળા પણ વર્તતા, નિજ પ્રકૃતિને અનુસાર;
સઘળાં પ્રાણીઓનું તેમ છે, શાથી નિગ્રહ થઇ શકનાર.વિ૦૭
રાગ દ્વેષ નિજ વિષયમાં, એ ઇંદ્રિયોનોજ સ્વભાવ;
તેને વશ થાવું નહિ, તે છે જીવના મારગમાં અટકાવ. વિ૦૮
બહુ ગુણવાળા બીજા ધર્મથી, ઓછા ગુણવાળો નિજ સાર;
સ્વધર્મમાં મરવું ભલું, પરધરમ ઘણો ભયકાર. વિ. ૯

પદ ૭ મું શાર્દુલ.

અર્જુન–કરવાને કદી પાપ આ પુરૂષ તો, ઇચ્છે નહિ તે છતાં;
શેનાથી પ્રેરાઇને બળ વડે, પાપો પરાણે થતાં.
વૃષ્ણિ કુળ વિષે થયા પ્રકટ હે! વ્હાલ ધરી વ્હાલને;
કાઢોને પ્રભુરામ કૃષ્ણ મુજ આ, શંકારૂપી સાલને. ૧

પદ ૮ મું રાગ દીંડી.

શ્રીકૃષ્ણ–કામ એજ ક્રોધ રૂપ એક જાતી,

તેની ઉત્પતિ રજોગુણેજ થાતી;
ઘણું ખાય ના ધરાય ઉગ્ર ભારે,
જાણુ જગતમાં તે શત્રુ મોક્ષ દ્વારે. ૧
જેમ ધૂમ આગનો પ્રતાપ ઢાંકે,
મેલ દર્પણનું તેજ તેમ ઢાંકે;
ગર્ભ ઢંક.યો ઓરવડે આમે,
તેમ ઢાંકેલું જ્ઞાન છેજ કામે. ૨
કામે દાઝ્યા તૃષ્ણા રૂપેજ હેઠે,
તૃપ્ત થાય નહિં અગ્નિનીજ પેઠે;
શત્રુ જ્ઞાનીનો લેજ તેને આંકી,
તેણે જ્ઞાન મણિ–દીપ દીધો ઢાંકી. ૩
ઇંદ્રિયોને મન બુદ્ધિનાં ઠેકાણાં,
ત્રણે કામને નિવાસનાંજ થાણાં;
તે વડેજ ઢાંકી જ્ઞાનને પછાડે,
મોહ દેહ ધારી જીવને પમાડે. ૪
તેથી સુણ વાત ભરત શ્રેષ્ઠ! સ્હેલી,
લાવ ઈંદ્રિયો તું નિયમમાંજ પ્હેલી;
પછી પાપ મૂળ જ્ઞાન નાશકારી,
હણી નાંખ નક્કી કામ બહુ વિકારી. ૫
શ્રેષ્ઠ દેહ થકી ઇંદ્રિયો ગણાયે,
ઇંદ્રિયોથી મન શ્રેષ્ઠ તો જણાયે;
બુદ્ધિ મનથી તુ શ્રેષ્ઠ લે વિચારી,
શ્રેષ્ઠ બુદ્ધિથી આત્મા અવિકારી. ૬

એમ આત્મા બુદ્ધિથી પર જાણી,
સ્થીરતા મને બુદ્ધિવડેજ આણી;
મહા મ્હેનતે જીતી શકાય એવા,
કામ રૂપ શત્રુ પાર્થ ! હણિ દેવા. ૭

અધ્યાય ૩ જો સમાપ્ત.

અધ્યાય ૪ થો.

પદ ૧ લું રાગ રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.

શ્રીકૃષ્ણ—વધા વડી વાત કૃષ્ણજી કોડેરે,
હેત આણી અર્જુનની જોડે. વ૦ ટેક.
પૂર્વે યોગ આ જે અવિનાશી રે, કહ્યો સૂર્યને મેં સુખ રાશીરે,
સૂર્યે મનુને કહેલો પ્રકાશી. વ૦ ૧
મનુએ ઇક્ષ્વાકુને તે બતાવ્યોરે, પરંપરાએ એમ તે આવ્યોરે,
હે ! પરંતપ ! તને સંભળાવ્યો. વ૦ ૨
રાજ રૂષિયો જાણતા તેનેરે, લાંબા કાળે બાધા નથી કેનેરે,
લોકમાંથી ગયો નાશ એને. વ૦ ૩
મારો ભક્ત મિત્ર તે કાજે રે, કહ્યો યોગ અનાદિ મેં આજેરે,
એ રહસ્ય ઉત્તમ ગણી સ્હાજે. વ૦ ૪

પદ ૨ જું રાગ ભુજંગી.

અર્જુન—થયો સૂર્યનો જન્મ પ્હેલાં નમામિ,
પછીથી થયો આપનો જન્મ સ્વામિ,
કહ્યો યોગ પૂર્વે તમે સૂર્યને તે,
કહો માનવું કેમ મ્હારેજ એ તે. ૧

પદ ૩ જું રાગ બનઝારા.

શ્રીકૃષ્ણ—વીત્યા બહુ જન્મો મારા, તે સાથે અર્જુન તારા;
તે સર્વેને હું જાણું ન પરંતપ તુંથી જણાણું,
તેથી પામ્યો ભય ભારા. વી૦ ૧
કદી જન્મ ન મ્હારો થાતો તેમ કાળ મને નથી ખાતો,
ભુતનો હું ઇશ્વર પ્યારા. વી૦ ૨
તોપણ પ્રકૃતિ આધારે જન્મું માયાથી પ્યારે,
ધરૂં વિશ્વ વિવિધ અવતારા. વી૦ ૩
જ્યારે ભારત ! ધર્મની પડતી થાય અધર્મની અતિ ચડતી.
ત્યારે દેહ ધરૂં હું ન્યારા. વિ૦ ૪
સંતોનું સારી રીતે રક્ષણ કરવાને પ્રીતે,
હણવા દુષ્ટોજ નઠારા. વી૦ ૫
યુગ યુગમાં લઉં અવતારો સ્થાપન કરૂં ધર્મજ સારો,
ધર્મોના દઢ કરૂં ક્યારા. વિ૦ ૬

પદ ૪ થું રાગ ક્રોધ જુઓ કળીના તપસીરે.

શ્રીકૃષ્ણ—આ જન્મ ચરિત્રો મારાંરે, અર્જુન ! સુખ દેનારાં. ટેક.
મારાં જન્મો કર્મો તત્વે, આમ દિવ્ય જે જાણે:
દેહ તજી તે ફરી ન જન્મે મને પામી સુખ માણેરે. અ૦૧
ગયા રાગ ભય ક્રોધ જેહના, મુજ આશ્રય મન મુજમાં;
જ્ઞાન તપે બની શુદ્ધ બહુ જન, મળી ગયા છે મુજમાં. અ૦૨
મને ભજે જે નર જે ભાવે, તેને ભજું તે ભાવે;
પાર્થ ! મનુષ્યો બધી રીતે મુજ, માર્ગે ચાલ્યાં આવેરે. અ૦૩
કર્મ ફળો અહીં ઇચ્છનારા તે પૂજે છે દેવોને;

માનવ લોકે કર્મ તણું ફળ, તુર્ત મળે તેઓને. અ૦ ૪
ગુણકર્મના વિભાગથી મેં, સર્જ્યાં વર્ણો ચારે;
તેનો કર્તા છતાં અકર્તા, અવ્યય ગણવો ત્યારે, અ૦ ૫
કર્મ ફળોમાં સ્પૃહા મને નહિ, કર્મ મને નવ લેપે;
એમ મને જાણે તે કર્મે, બંધ ન પામે ખેપે. અ૦ ૬
પૂર્વકાળની રીતે પૂર્વે, મુમુક્ષુએ પણ પ્રીતે;
એમ જાણી કર્મો કીધાં છે, તું પણ કર એ રીતે. અ૦ ૭

પદ ૫ મું ઓધવજી શંદેશો કહેજો શ્યામને.

શ્રીકૃષ્ણ-અકર્મ શું ને કર્મ કશું એ વાતમાં,
ડાહ્યા પણ મુંઝાણા છે હે! વીર! જો;
કર્મ અકર્મ સમજ તેથી પાડીશ હું,
અશુભથી છુટીશ જે જાણી ધીર! જો. અ૦ ૧
કર્મ તત્ત્વ પણ જાણ્યા લાયક જાણજે,
ઘટે જાણવું નિષિદ્ધ કર્મનું રૂપ જો;
અકર્મનું પણ સમજ્યા યોગ્યજ માનજે,
કારણ કર્મ ગતિ છે ગહન અનુપ જો. અ૦ ૨
અકર્મ દેખે કર્મ વિષે જે માનવી,
કર્મ વિષે જે અકર્મનો જોનાર જો;
મનુષ્યમાં દૃઢ બુદ્ધિવાળો એજ છે,
તેજ યોગી છે સર્વ કર્મ કરનાર જો. અ૦ ૩
જેને સર્વે કર્મોમાં ઇચ્છા નથી,
સંકલ્પોનું લેશ મળે નહીં નામ જો;
જ્ઞાન-અગ્નિ એ કર્મ બળી જેનાં ગયાં,
ડાહ્યા તેને પંડિત કહે અકામ જો. અ૦ ૪

કર્મ ફળો તજી જે સંતોષી નિત્ય છે,
આશ્રયની ઇચ્છા છોડે દૃઢ ટેક જો;
એવો નર કર્મોમાં હે મચવા છતાં,
કર્મ કશું કરતો જ નથી તે છેક જો. અ૦ ૫
જેણે વશ કરી દેહ, ચિત્ત તજી કામના,
સર્વ ભોગ સંગ્રહનો કીધો ત્યાગ જો;
કેવળ દેહ સબંધી કર્મો તે કરે,
તોય ન પામે પાપ તણો જરી ભાગ જો. અ૦ ૬
સુખ દુઃખ દ્વંદ્વ રહિત નહીં વેર જરાય જો,
લાભ અલાભે સમવૃત્તિ છે જેહની;
કર્મ કરે તોપણુ નહિ તે બંધાય જો. અ૦ ૭
જે નર સંગ રહિત ને મુક્ત બની રહે,
જ્ઞાન વિષે ચિત્ત જેનું સ્થિરજ થાય જો;
પ્રભુરામ અર્થે કર્મો કરનાર જે,
ફળ સહિત કર્મો તેનાં બળી જાય જો. અ૦ ૮

પદ ૬ હું સદર.

શ્રીકૃષ્ણ—બ્રહ્મ રૂપ હોમ્યાનાં સાધન સર્વ છે,
હોમ્યાની ચીજો પણ બ્રહ્મ સ્વરૂપ જો;
અગ્નિ બ્રહ્મ અને હોમનારા બ્રહ્મ છે,
હોમેલું પણ બ્રહ્મ સ્વરૂપ અનુપ જો. બ્ર૦ ૧
આ રીતે બુદ્ધિ જેની થઇ નિર્મળી,
બ્રહ્મ કર્મમાં સર્વ બ્રહ્મ જણાય જો;
તેને યજ્ઞ વડે મળવાનું સ્થાનજે,
તે પણુ બ્રહ્મ સ્વરૂપ નક્કીજ ગણાય જો. બ્ર૦ ૨

કર્મો કરનારા યોગી કેટલાક તે,
નિત્ય કરે છે દેવ યજ્ઞ ધરી ટેક જો;
તેમજ જ્ઞાની અન્ય જ્ઞાન-યજ્ઞો વડે,
બ્રહ્મ અગ્નીમાં હોમે આત્મા છેક જો. બ્ર૦ ૩
કાન વિગેરે ઇંદ્રિયનો કોઇ યોગીઓ,
સંયમરૂપ અગ્નિમાં દે છે હોમ જો;
બીજા શબ્દાદિક વિષયોને સ્નેહથી,
હોમે ઇંદ્રિય અગ્નિમાં કરી જોમ જો. બ્ર૦ ૪
અન્ય કોઈ સર્વ ઇંદ્રિયનાં કર્મ તે,
તથા પ્રાણનાં કર્મોને કરી પ્યાર જો;
જ્ઞાન વડે પ્રકટેલા યોગાગ્ની વિષે,
આત્મ સંયમે હોમે છે નિરધાર જો. બ્ર૦ ૫
દ્રવ્ય યજ્ઞ ને તપ યજ્ઞો કરનાર છે,
યોગ યજ્ઞ કરનારા છે કેટલાક જો;
વેદ-પાઠ રૂપ યજ્ઞ જ્ઞાન-યજ્ઞો કરે,
યત્ન શીલ દૃઢ-વ્રત યજ્ઞે મચનાર જો. બ્ર૦ ૬
અપર અપાને પ્રાણ વાયુને હોમતા;
પ્રાણવાયુમાં અપાન હોમે કોક જો;
પ્રાણાયામ પરાયણ એ રીતે રહી,
પ્રાણ અપાન ગતી રોકે છે લોક જો. બ્ર૦ ૭
અહાર નિયમિત કરીને બીજા યોગીયો,
પ્રાણ પ્રાણમાં પ્રીતેથી હોમનાર જો;
યજ્ઞ જાણનારાએ સર્વ છે બધા,
યજ્ઞવડે નીજ પાપ નાશ કરનાર જો. બ્ર૦ ૮

પદ ૭ મું ભરોસે શું રહ્યા ભુલી.

શ્રીકૃષ્ણ—રહેલો યજ્ઞનો બાકી, અમૃત રૂપ ભાગ જમનારા,
સનાતન બ્રહ્મને પામે, અચળતામાં જ રમનારા. રહેલો. ૧
કરે નહીં યજ્ઞ જે તેને, નથી સુખ આ જગે એને,
પછી પરલોકનાં કયાંથી, સુખો અર્જુન ! મળનારાં રહેલો ૨

પદ ૮ મું. મીઠીને મધુરી રે વ્હાલા તારી મોરલી હોજી.

શ્રીકૃષ્ણ—એવી રીતે યજ્ઞો રે, અનેક પ્રકારના હોજી,
પામેલા છે વેદ મુખે વિસ્તાર. એવી ૧
જાણી લે તે કર્મો વડે ઉપજ્યાં હોજી,
એમ જ જાણી મુકિત પામીશ નિરધાર. એવી. ૨
દ્રવ્યોથી થાનારા રે યજ્ઞો કરતાં જાણજે હોજી,
ઉત્તમ યજ્ઞો જ્ઞાનરૂપી છે અપાર. એવી. ૩
બાકી રહે નહિ એવાં રે, અખિલ સર્વે કર્મ તજી હોજી,
સમાપ્ત જ્ઞાને થાતાં બધા સુખકાર. એવી. ૪

પદ ૯ મું આનંદ સાગર ઉછળયો રે લોલ.

શ્રીકૃષ્ણ—જ્ઞાનીને પ્રણામ કરી જ્ઞાન તે રે લોલ,
પ્રશ્નો સેવા કરી જાણજે,
તત્ત્વ જાણનાર જ્ઞાનિયો તને રે લોલ;
બોધ દેશે જ્ઞાનનો નિર્વાણ જે,
એજ જ્ઞાન પામવા ઉપાય છે રે લોલ. એજ૦ ૧
જે જાણી મોહ ફરી, પાંડવા રે લોલ,
આવી રીતે ન પામીશ જો;

જે વડે સમગ્ર પ્રાણીઓ બધા રે લોલ,
મ્હારા મ્હારામાં દેખીશ જો. એ૦જ૦ ૨
જો તું સર્વ પાપીઓ માંહિ વધુ રે લોલ,
પાપ કરનાર કદી હોઇશ જો;
તો પણ જ્ઞાનરૂપ વ્હાણથી રે લોલ,
પાપ સમુદ્ર તરી જઇશ જો. એ૦જ૦ ૩
સળગેલો અગ્નિ હે ! અર્જુના રે લોલ,
બાળે છે ઇંધણાં જેમ જો;
જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મને રે લોલ,
બાળી કરી નાખે રાખ તેમ જો. એ૦જ૦ ૪
જ્ઞાન જેવું પવિત્ર આ લોકમાં રે લોલ,
બીજું નથી જ ખચીત જો;
કર્મ યોગ સિદ્ધ કાળે કરી રે લોલ,
પોતે પોતામાં પામે હીત જો. એ૦જ૦ ૫
ઇંદ્રિયોને જીતનાર જે રે લોલ,
તત્પર શ્રદ્ધાળુ પામે જ્ઞાન જો;
પામી તે જ્ઞાન તુરત માનવી રે લોલ,
પરમ શાંતિનું જ પામે સ્થાન જો. એ૦જ૦ ૬
અજ્ઞાનીને શ્રદ્ધા વગરના રે લોલ,
સંશય મનવાળા પામે નાશ જો;
શંકાવાળાનો નથી લોક આ રે લોલ,
સુખ કે પરલોકની ન આશ જો. એ૦જ૦ ૭
યોગવડે કર્મ તજ્યાં જે નરે રે લોલ,

જ્ઞાને શંકાઓ છેદી ખાસ જો;
આત્મ નિગ્રહીને હે! અર્જુના રે લોલ,
કર્મ લેશ બાંધે નહીં પાશ જો. એજ૦ ૮
તેથી ઉપજેલ જે અજ્ઞાનથી રે લોલ,
હૃદયે રહેલ શંકા રોગ જો;
આત્મ-જ્ઞાન રૂપ તલવારથી રે લોલ,
છેદ ભારત ઉઠ આદર યોગ જો. એજ૦ ૯

અધ્યાય ૪ થો સમાપ્ત.

કર્મ સંન્યાસ યોગ.

અધ્યાય ૫ મો.

પદ ૧ લું રાગ ગીતી.

અર્જુન—કર્મ સુયોગ વખાણી, વળી કર્મ સંન્યાસ વખાણો છો;
કહો કૃષ્ણ એ બેમાં, નક્કી શું કલ્યાણ પ્રમાણો છો. ૧

પદ ૨ જું રાગ વિદેશી વાટ જોઉં છું.

શ્રીકૃષ્ણ—સ્વિકાર ત્યાગ કર્મનો, એ છે સુપંથ બે;
પરમ શ્રેય તે કરે, કહે સુગ્રંથ તે. સ્વી૦ ૧

તે બે વિષે સુકર્મ, ત્યાગનાજ માર્ગથી;
કર્મ યોગ તો વધારે, શ્રેષ્ઠ પંથ છે સ્ત્રી૦ ૨

પદ ૩ જું રાગ ગોપીજનના તે પ્રાણ૦

કરતો નથી જે ઇચ્છા દ્વેષ કો ટાણે,
નિત્ય–સંન્યાસી તેને, જાણી લે ખાસ.
અર્જુન! ગીતાનું જ્ઞાન ગોખી રાખી લે હૈયે. ૧
હે મહાબાહુ! સુખદુઃખ દ્વંદ્વથી છૂટે,
પામે તે મુક્તિ ત્રૂટે બંધન પાસ. અ૦ ૨
સાંખ્ય ને યોગ મૂર્ખા જાણે છે નોખા,
પંડિતો માને બન્ને એકજ રૂપ. અ૦ ૩
બેમાંથી એકમાં પણ, સ્થિર જો થાય;
તેને બને તે બન્ને માર્ગો ફળરૂપ. અ૦ ૪
સાંખ્યે સંન્યાસ વાળા, જે ફળ પામે;
કર્મયોગીથી પણ પદ તે પમાય. અ૦ ૫
માટે જે સાંખ્ય યોગ એકજ જાણે,
તેજ જાણે છે સાચું, રહસ્ય કમાય. અ૦ ૬
કર્મનો ત્યાગ કર્મયોગ વિનાનો,
કરે તે પામે દુઃખ કઠણ છે કામ. અ૦ ૭
કર્મયોગી ઝટ સંન્યાસી થઇને,
થોડે કાળે પામે બ્રહ્મનું ધામ. અ૦ ૮
કર્મયોગી શુદ્ધ ચિત્તજ વાળો,
દેહ ઇંદ્રિયો તણો જે જીતનાર. અ૦ ૯

પોતાનો આત્મા સર્વે પ્રાણીમય જાણી;
કર્મ કરે પણ લાગે લેપ ન લગાર. જો૦ ૧૦

પદ ૪ થું રાગ સદર.

શ્રીકૃષ્ણ—તત્ત્વ પિછાણનાર યોગી મહાત્મા,
જોતો સાંભળતો અડતો સુંઘતો તોય;
જોગી જનને ન કર્મો બાંધી શકતાં કદાપિ. ૧
ખાતોને ચાલતો સૂતો શ્વાસ લેતો;
બોલતો આપતો લેતો જો હોય. જો૦ ૨
આંખો ઉઘાડતો, આંખોને મીંચતો;
ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં ખાસ. જો૦ ૩
વર્તે એ રીતે ધારે છતાં કશુંએ;
પોતે કરતો ન એમ માને વિશ્વાસ. જો૦ ૪
જે જન કર્મો બ્રહ્મ અર્પણ કરીને;
ફળની ઇચ્છા તજી કર્મો કરેજ. જો૦ ૫
કમળનાં પાનને પાણી અડે નહીં;
લેપે ન પાપ તેને તેમ ખરેજ. જો૦ ૬
કર્મ યોગીઓ સંગ છોડીને ગોતે;
કેવળ કાયાને મન બુદ્ધિથી આપ. જો૦ ૭
ઇંદ્રિયોથી કર્મો કરતા તથાપિ;
લાગે ન લેશ તેને પુણ્ય કે પાપ. જો૦ ૮
નિષ્કામ કર્મ યોગી ફળને તજીને;
પામે છે આત્યંતિક શાંતિનું ધામ. જો૦ ૯
સકામ યોગી રાખી ફળમાં આસક્તિ;
કામના કાજે પામે બંધ મુદામ. જો૦ ૧૦

પદ ૫ મું રાગ ધન્યાશ્રી.

શ્રીકૃષ્ણ—મન કબજે કરનાર. પુરૂષ જે, મન કબજે કરનાર ટેક.
મનથી સર્વે કર્મો ત્યાગી, બહુ સુખમાં રહેનાર. પુ૦ ૧
નવદ્વાર વાળા દેહ નગરમાં, હું પદ તજી વસનાર. પુ૦ ૨
કરતો નથી કાંઇ દેહ વડે તે, દેહ જુદો જોનાર. પુ૦ ૩
કરાવતો નથી કર્મ કશું તે જ્ઞાન વિષે રમનાર પુ૦ ૪

પદ ૬ હું રાગ મારી હુંડી સ્વીકારો મહારાજરે.

શ્રીકૃષ્ણ—થાય માયાથી લોક સમાજરે, હરિવર અળગા છે:
નથી કર્તા પોતે કશું કાજરે, હરિવર અળગા છે;
તોય સર્વેના તે શીરતાજરે હરિવર અળગા છે. ટેક.
લોકોનું કર્તાપણું, કર્મ, કર્મ—ફળ યોગ;
ઇશ્વર નથી ઉપજાવતા, થાય સ્વભાવથીજ સંયોગરે. હ૦ ૧
કોઇનાં પણ લેતા નથી, પ્રભુ પુણ્ય કે પાપ;
અજ્ઞાને જ્ઞાન ઢાંકીયું, તેથી મોહ પામે જીવો આપ. હ૦ ૨
આત્મજ્ઞાન વડે ટળે, જેઓનું અજ્ઞાન;
પરમ બ્રહ્મ પ્રગટાવતું, સૂર્ય પેઠે તેઓનું તે જ્ઞાન. હ૦ ૩
બુદ્ધિ તે પરબ્રહ્મમાં, આત્મા પણ પરબ્રહ્મ;
તેમાં નિષ્ઠા જેહની, તેજ પરાયણ લેશ ન ભ્રમ. હ૦ ૪
જ્ઞાનવડે જેનાં ગયાં, બધાં પાપ ધોવાઇ;
તે પામે પદ મુક્તીનું, કદી જાયે નહિં જે ખોવાઇ. હ૦ ૫
વિનયી વિદ્યાવંત જે, બ્રાહ્મણ હાથી ગાય;
કૂતરાંને ચાંડાળમાં સમદૃષ્ટિ પંડિતોને થાય. હ૦ ૬

જેઓનું મન એ રીતે, સમતામાં થયું સ્થીર;
તેઓએ જીવતાં છતાં, સંસાર જીત્યો ખરા ધીર. હ૦ ૭
કારણ કે પરબ્રહ્મ તો, છે નિર્દોષ સમાન;
તેથી તેઓ બ્રહ્મમાં, રમી રહ્યા ભૂલી નિજ ભાન. હ૦ ૮

પદ ૭ મું રાગ ઓધવજી સંદેશો.

શ્રીકૃષ્ણ—વ્હાલી વસ્તુ મળતાં નહિ હરખાય જો,
અપ્રિય મળે ઉદ્વેગ ન પામે ધીર જો;
સ્થિર બુદ્ધિ તે મોહ વિનાનો થઇ ફરે,
બ્રહ્મ જાણનારો રહે બ્રહ્મે સ્થીર જો વ્હાલી૦ ૧
બ્હાર—સ્પર્શ—સુખમાં પ્રીતી જેને નથી,
પામે તે અંતર આત્માનું સુખ જો;
બ્રહ્મયોગમાં જોડાયેલો ચિત્તથી,
અક્ષય સુખ તે પામે નહિં અસુખ જો. વ્હાલી૦ ૨
સ્પર્શ વડે ઉપજે છે સુખો જેટલાં,
તે સઘળાં છે નક્કી દુઃખનાં મૂળ જો;
આદિ અંતવાળાં તે હે ! કૌંતેય છે,
રમે ન ડાહ્યા જન તેમાં ગણી શૂળ જો. વ્હાલી૦ ૩
શરીર છૂટવા પ્હેલાં જે આ લોકમાં,
કામ ક્રોધથી ઉપજેલા જે વેગજો;
સહન કરી શકનારો યોગી તેજ છે,
તેજ સુખી નર નવ પામે ઉદ્વેગ જો. વ્હાલી૦ ૪
જેને અંતર આત્મ સુખે આરામ છે,
જેને અંતર આત્મામાંજ પ્રકાશ જો;

તેવો યોગી બ્રહ્મ સ્વરૂપ થયો થકો,
બ્રહ્મ વિષે લય પામે નહિ ક્યાશ જો. વ્હાલી૦ ૫
પાપો નાશ થયાં ને દ્વૈત મટી ગયું,
વશ વરતાવ્યું ચિત્ત ફેરી આણ જો;
સર્વ પ્રાણીના હિતમાં જે પ્રીતી કરે,
એવા રૂષિયો પામે બ્રહ્મ નિર્વાણ જો. વ્હાલી૦ ૬
કામ ક્રોધથી રહિત વશ ચિત્ત જેહનું,
જેઓ સાચો આત્મા ઓળખનાર જો;
સર્વ સ્થિતિમાં એવા જે સંન્યાસીઓ,
બ્રહ્મ રૂપ નિર્વાણ વિષે વસનારજો. વ્હાલી૦ ૭

પદ ૮ મું. રાગ શીખ સાસુજી દેછેરે.

શ્રીકૃષ્ણ—જે બ્હાર વિષયને રે દૂર કરી નાંખે,
બે ભમરો મધ્યે રે સ્થીર દૃષ્ટિ રાખે. ૧
સમ કરતા નાકે રે, પ્રાણ અપાન ગતિ,
વશ કીધા જેણેરે, મન ઈંદ્રિયો મતિ. ૨
ઈચ્છા ભય ક્રોધજ રે, દીધાં છેજ તજી;
એકજ છે જેને રે, મોક્ષ થવા મરજી. ૩
મુની—જન એવા રે, જીવતા હોય છતાં;
છે નિત્યે મુક્તજ રે, બંધન ના જ થતાં. ૪
જગન ને તપનો રે, હું ભોગવનારો;
સહુ લોકોનો રે, મહેશ્વર હું સારો. ૫
પ્રાણી આ સહુનો રે, મિત્ર મને જાણે;
દૃઢતા ઉર આણે રે, તે શાંતિ માણે. ૬

અધ્યાય પાંચમો સમાપ્ત.

અભ્યાસ યોગ.

અધ્યાય છઠ્ઠો.

પદ ૧ લું. રાગ ધોળ.

શ્રીકૃષ્ણ—કર્મ ફળોની ઇચ્છા જે ન રાખે,
કર્મ કરે કીધાં જેવાં રે સીદ્ધ વાત કહુંછું;
તેજ સંન્યાસી યોગી નથી બીજા,
અગ્નિ ક્રિયા હિણા એવા રે સી૦ ૧
જેને સન્યાસ કહે છે હે ! પાંડવ !
તેને તું યોગ લે જાણીરે; સી૦
સંકલ્પ છોડયા વિના કોઇ યોગી,
થઇ ના શકે લે પ્રમાણી રે. સી૦ ૨
યોગ પામ્યાની ઇચ્છાવાન મુનીને,
કર્મ સાધન એક સાચું રે. સી૦
યોગે આરૂઢ થયેલાને શાંતિ,
વિના સાધન બીજું કાચું રે. સી૦ ૩
જ્યારે કર્મને ઇંદ્રિયોના વિષયમાં,
નકી આસક્તિ ન થાય રે. સી૦
સર્વ સંકલ્પો તજે ત્યારે યોગી,
યોગારૂઢ કહેવાય રે. સી૦ ૪

મનથી ઉદ્ધારી લે આત્મા મનથી,
આત્માને નાખ ન ટાળી રે સી૦
મન તેજ આત્માનો બંધુ ને મન તે,
આત્માનો શત્રુ લે ભાળી રે. સી૦ ૫
આત્મા વડે મન જેનું જીતાયું,
તે મન આત્માનો બંધુ રે. સી૦
વર્તે આત્માના શત્રુ પેઠે જેનું,
વશ ન થયું મન ખંધું રે. સી૦ ૬
ટાઢ અને તડકે સુખ દુઃખે,
માન અને અપમાને રે. સી૦
ઇંદ્રિયો જીતીને શાંત બનેલો,
આત્મા રહે છે સમાને રે. સી૦ ૭
જ્ઞાન વિજ્ઞાને આત્મા જેનો તૃપ્ત,
ઇંદ્રિય જીત અવિકારી રે. સી૦
સરખું ઢેફું સોનું પ્હાણા જાણે તે,
યોગી યોગારૂઢ ભારે રે. સી૦ ૮
સુહૃદ ઉદાસીન મિત્ર મધ્યસ્થે,
સાધુ બંધુ દ્રેષ પાત્રે રે. સી૦
ને પાપીમાં પણ સમબુદ્ધિવાળો,
શ્રેષ્ઠ યોગી કહ્યો શાસ્ત્રે રે. સી૦ ૯

પદ ૨ જું. રાગ પુનમ ચાંદનીનો.

શ્રીકૃષ્ણ-વસવું એકાંતે યોગીએ આત્મ-ધ્યાનમાં રે,
સ્વાધિન રાખી મન દેહાદિ બની નિરાશ;

એકાકિને સાધન ભોગોનાં નહી સંચવાં રે,
મચવું ધ્યાને મન મસ્તાને સદા મિઠાશ, વસવું

સ્થાપન સ્થિર આસન કરે, પોતાનું શુચિ દેશ;
દર્ભ પરે મૃગ ચર્મને, તે પર કપડું બેશ.

ના અતિ ઉંચું ના અતિ નીચું એવે આસને રે,
મન એકાગ્રે કરીને જીતી ઇંદ્રિય ચિત્ત;
શુદ્ધિ અંતઃકર્ણ તણી કરવા અર્થે ખરે રે,
યોગી યોગ કરે રળવાને સ્વાત્મા વિત્ત. વસવું ૧

સીધાં તન કંઠ શીરને, અચળ કરે થઇ સ્થિર;
નિજ નાસાગ્રે દષ્ટિને, દિશા ન જોતો ધીર.

નિર્ભય બ્રહ્મચર્યને અંતઃકરણે શાંતિમાં રે,
સંયમ મનનો મત્પર ચિંત્વન મારૂં ખાસ;
જોડે ધ્યાને મન ચિત્ત વશ યોગી એમે સદારે;
શાંતિ મુક્તિ ઉત્તમ પામે મારી પાસ. વસવું ૨

અતિ ખાતો અતિ લાંઘતો, અતિ ઉંઘતો જેહ;
અતિ જાગનારો કદી, યોગ ન પામે તેહ.

પણ આહાર વિહાર ઘટીત કરે જે યોગીઓ રે,
તેમજ યથા—યોગ્ય શુભ કર્મ કરે વ્યાપાર;
જાગે યથા યોગ્ય ને જે જન ઘટતું ઉંઘતો રે;
તેને યોગજ મળતો સઘળા દુઃખ હરનાર. વસવું. ૩

આત્મામાં જ ઠરે સદા, નિયત થયેલું ચિત્ત;
સર્વ વિષય તૃષ્ણા ત્રૂટે, તદા યુક્ત એ રીત.

વાયુ વિણ ઠેકાણે જેમ ન ડોલે દીવડો રે,
તેવું આત્મયોગીનું ચિત્ત બનેજ નિરૂદ્ધ;
જ્યાં ઉપરામે ચિત્ત નિરૂદ્ધીત યોગાભ્યાસથી રે,
આત્મા આત્મામાં જ્યાં જોઇ સંતોષે બુદ્ધ. વસંતુ. ૪

પદ ૩ જું રાગ સદા સુખીયા જગત.

શ્રીકૃષ્ણ—જે એવું આત્યંતિક સુખ, જણાતું જે બુદ્ધિથી;
પણ ઈંદ્રિયો લાચાર, ન જાણે અશુદ્ધિથી. ૧
જે ટાણે જાણે એ સુખ, ઠરે સ્થિર સ્થાને તે;
રહે ધીરો તત્વે સ્થીર, ચળે નહિ ધ્યાનેથી. ૨
વળી જે પામીને લાભ બીજા સૌ લાભો;
તેને વધતા ન જણાય, નાજ બને આભો. ૩
જે લાભે સ્થીર ઠરાય, તો મોટા દુઃખે;
પણ લેશ ન ચિત્તે ચળાય, સ્થીર રહે સુખે. ૪
જ્યાં ત્રિધા દુઃખોનો અભાવ, તેને યોગ કહેવો;
તે દઢતાથી નિર્વેદ, વિણ સાધી લેવો. ૫
સંકલ્પે પ્રભવે કામ, સર્વ અશેષ તજો;
મનથી ઇન્દ્રિયો સર્વ, જીતવા સાજ સજો. ૬
ધીમે ધીમે ઉપરામ, ધીરી બુદ્ધિથી;
કરી મનને આત્મામાંજ, ઠરાવે વિશુદ્ધિથી. ૭
ચિંતવન કોઇ વસ્તુનુંજ, કરે નહિ ને જ્યાં જ્યાં;
ચંચળ અસ્થિર મન જાય, વાળે જઈ ત્યાં ત્યાં. ૮
ખેંચીને આત્મામાંજ, વશ કરીને ઠારે;
એવો જે નિગ્રહવાન, શાંત બને ત્યારે. ૯

પદ ૪ થું. રાગ ગરબી.

શ્રીકૃષ્ણ— જે યોગીનું ચિત્ત પ્રશાંત છે રે લોલ,
જેને રજોગુણ નષ્ટ અને શાંત છે રે લોલ. ૧
બન્યો બ્રહ્મરૂપ યોગી જે અપાપ છે રે લોલ;
તેને ઉત્તમ સુખ શાંતિ હા ! અમાપ છે રે લોલ. ૨
હા ! અપાપ આત્મ યોગી એમ સર્વદા રે લોલ;
સ્પર્શ બ્રહ્મ અનાયાસે કરે તે તદારે લોલ. ૩
ખરૂં આત્યંતિક સુખ તે અનુભવે રે લોલ;
યોગ યુક્ત તે સમાન સર્વમાં જુવે રે લોલ. ૪
સર્વ ભૂતસ્થ આત્મ ભૂતઆત્મમાં રે લોલ;
જુએ સર્વમાં રામ સહુ રામમાં રે લોલ. ૫
કદી તેને પરોક્ષ હું થતો નથી રે લોલ;
કદી મારે પરોક્ષ તે થતો નથી રે લોલ ૬
સર્વ ભૂત પ્રાણીમાં હું વસું સર્વદા રે લોલ;
ભજે એકત્વ ભાવથી જનો જદારે લોલ. ૭
ગમે તેમ રહે તોય જાણવો તદારે લોલ;
રૂપ મારે રહેલ ભિન્ન ના કદા રે લોલ. ૮
યોગી આત્મરૂપે સરખું જુએ સર્વ તે રે લોલ:
સુખી કે દુઃખી તથાપિ ગણ્યો શ્રેષ્ઠ મેં રે લોલ. ૯

પદ ૫ મું. રાગ ગીતી.

અર્જુન— હા ! મધુસૂદન ! આપે, કહ્યો યોગ જે સમત્વ આ તે તો;
મનની ચંચળતાથી, સદા ટકે એવું હું નથી જોતો. ૧

ચંચળ મન અતિ કૃષ્ણ બળિયું દૃઢ ને વિહ્વળતાવાળું;
વાયુ નિરોધ જેવો, તેનો પણ હું કઠણ અતિ ભાળું. ૨
કૃષ્ણ—મહા બાહુ ! નિસંશય, રોકાવું ચચળ મન કઠણ અતિ;
અભ્યાસે વૈરાગ્યે, પકડાતું યુક્તિ કૌંતેય છતિ. ૩
મન વશ ના કરનારાને આ યોગ ન દુઃખે મળનારો;
મનવશીકર અભ્યાસી. ઉપાયથી પામે એ મત મારો. ૪

પદ ૬ ઠું રાગ ભક્તિ કરૂં કેમ શ્રી હરિ.

અર્જુન—યત્ન ઓછો કરનાર, શ્રદ્ધાળુ કૃષ્ણ ! પણ યોગથી ટેક.
ચળિત થયું હોય મન, જડે યોગનું ન ધન;
તેનું થાય ક્યાં ગમન. યત્ન૦ ૧
મહા બાહો ! એ મૂઢ, બ્રહ્મપંથે નિગૂઢ,
અહ ઔશ્રય ના રૂઢ. યત્ન૦ ૨
ઉભય ભ્રષ્ટ એ શું એમ છૂટા વાદળાંની જેમ.
નાશ પામે શું તેમ. યત્ન૦ ૩
કૃષ્ણ ! શંકા મમ યોગ્ય, સમૂળ છેદવા સુયોગ્ય;
વિના આપ સૌ અયોગ્ય. યત્ન૦ ૪

પદ ૭ મું રાગ બનજારા.

કૃષ્ણ—કલ્યાણ પાર્થ કરનારો, કદી દુર્ગતિ એ ન જનારો. ટેક.
ન વિનાશ થાય આ લોકે, તેમજ બાપુ પરલોકે;
પુગિને પુણ્યકૃત લોકે, ત્યાં વસી કાળ વિશાળ;
પવિત્ર રસાળ. ધનિક ઘર બાળ, જન્મ ધરનારો. ક૦ ૧
જન્મે યોગી અથવા તે, ધીમાન યોગીકુળમાં તે;

આ લોકે જન્મ અહા ! તે, અતિ દુર્લભ ને વળી ઇષ્ટ,
એ યોગ ભ્રષ્ટ કપાતાં કષ્ટ, ગતિ રળનારો. કૃ૦ ૨
ત્યાં પૂર્વ દેહ કૃત બુદ્ધિ, સંયોગ રળી સંસિદ્ધિ;
અર્થે યત્નોની વૃદ્ધિ, કુરુનંદન ! કરતો જાય અવશ;
પણ ર્‌હાય, જરૂર ખેંચાય, સીડી ચડનારો. કૃ૦ ૩
અભ્યાસ પૂર્વનો એથી જીજ્ઞાસુ માત્ર યોગેથી;
વૈદિકથી વધુ ફળ તેથી, પામે સંશુદ્ધ અપાપ;
પ્રયત્ન અમાપ, નિયમથી આપ, ખાસ કરનારો. કૃ૦ ૪
હા ! જન્મ અનેક એ રીતી, કરતો પરગતિ લે જીતી,
તપસી જ્ઞાની કર્મીથી, એ યોગી શ્રેષ્ટ મનાય,
અર્જુના ! ભાય, યોગી તું થાય, બોધ એ મારો, કૃ૦ ૫
સૌ યોગીમાં પણ જેને, મમ અર્પણ ચિત્ત છે તેને;
શ્રદ્ધાથી ભજનારાને, મેં ગણ્યો પરમ નિષ્કામ;
સમાહિત આમ, સત્ય મણિરામ, અતિશય પ્યારો. કૃ૦ ૬

અધ્યાય છઠો સમાપ્ત.

જ્ઞાન યોગ.

અધ્યાય ૭ મો.

પદ ૧ લું. રાગ પુનમચાંદની.

શ્રીકૃષ્ણ—મન આસક્ત કરી મારામાં મારે આશ્રયે રે,
કરતાં યોગ મને સંપૂર્ણ અસંશય જેમ;

જાણે સાંભળ પાર્થ ! કહીશ હું તે આ જ્ઞાનને રે;
હા ! વિજ્ઞાન સહિત કાંઈ બાકી ન રહે જેમ મન૦ ૧

જે જાણી આ લોકમાં, અન્ય જાણવા યોગ્ય;
ફરી ન કાંઇ બાકી રહે, વધે આત્મ આરોગ્ય.

હજારો માનવમાંથી કોઇકજ અર્થે જ્ઞાનનેરે,
યત્ન કરે તે યત્નો કરનારા જે સિદ્ધ,
માંથી પણ ભાગ્યે કોઇ તત્ત્વે મુજને જાણતો રે;
લાખોના યત્નો તો બનતા સદા અસિદ્ધ. મ૦ ૨

ભૂ જળ અગ્નિ વાયુને, બુદ્ધિ મન આકાશ,
અહંકાર મમ આઠ આ, ભિન્ન પ્રકૃતિ ખાસ.

એ અપરાને બીજી પરા પ્રકૃતિ જાણવી રે,
જેણે આ જગ ધારણ થાયે જે જીવ રૂપ;
સૌ ભૂતો એ બેથી ઉપજ્યાં નક્કી માનજે રે;
હું સૌ જગનો ઉત્પાદક સંહારક ભૂપ. મ૦ ૩

હુંથી શ્રેષ્ઠ કશું નથી, મારામાં સૌ આ;
પ્રોવાયું મણિ સૂત્રમાં, જેમ ધનંજય હા !

હું રસ નીરે વેદે પ્રણવ તેજ શશિ સૂર્યમાં રે;
ગગને શબ્દ પરાક્રમ પુરૂષે છું કૌંતેય,
ભૂમાં ઉત્તમ ગંધજ અગ્નિમાં હું તેજછું રે;
જીવન સૌ ભૂતોમાં તપ તપસીમાં તેય. મન૦ ૪

પાર્થ ! બીજ સૌ ભૂતનું, જાણ અનાદિ મનેજ;
બુદ્ધિવાનમાં બુદ્ધિ હું, તેજવાનમાં તેજ.

ઇચ્છા પ્રીતિ રહિત બળવાનોનું બળ હું જ છું રે;
ધર્મ અવિરૂદ્ધ ભૂતે ભરત શ્રેષ્ઠ હું કામ,
સાત્વિક રાજસ તામસ વિકાર મુજથી ઉપજ્યા રે,
પણ તેમાં હું નહિ તે મારામાં છે આમ. મન૦ ૫
આ ત્રિગુણાત્મક ભાવથી, આ જગ મોહ્યું સર્વ;
ત્રિગુણાતિત અવ્યય મને, નથી જાણતું ખર્વ.
આ દૈવી ગુણમય દુસ્તર માયા જે માહરી રે,
શરણે મારે આવે તે માયા તરી જાય;
પાપી મૂઢ અધમ નર અસુરી સ્વભાવ આશ્રયે રે,
જ્ઞાન હરાયું માયાથી મમ શરણ ન ધાય. મન૦ ૬

પદ ૨ જું. રાગ ગઝલ

શ્રીકૃષ્ણ—ચતુર્વિધિ આર્ત જીજ્ઞાસુ, સુકૃત્ત અર્થાર્થી ને જ્ઞાની,
જનો ભજતા ભરતશ્રેષ્ઠ! મને અર્જુન હિત માની;
નિત્યયુક્ત તેમાં વધે, જ્ઞાની ભક્તિ એક;
અતિશય હું પ્રિય જ્ઞાનીને, તે પ્રિય મને વિશેક.
બધા એ શ્રેષ્ઠ છે તોયે, ગણું જ્ઞાનીજ મુજ આત્મા,
અનુત્તમ આશ્રયે મારે, રહે ગતિ માની યુક્તાત્મા. ૧
બહુ જન્મે જાણી જ તે, સૌ વાસુદેવ રૂપ;
જ્ઞાની મુજ શરણે પડે, દુર્લભ યોગી અનુપ.
હણાગેલ જ્ઞાન કામેથી, ગૃહિ નિયમો જુદા જુદા;
બની નિજ પ્રકૃત્તિ આધીન, ભજે દેવો જુદા જુદા. ૨
ચહે પૂજવા ભક્ત જે, શ્રદ્ધાથી જે દેવ;
અચળ શ્રદ્ધા તેની કરું, તે દેવે તતખેવ

કરે શ્રદ્ધાવડે સેવા, પછી તે દેવની હામે;
કરૂં નિર્માણ હું તેવી, નક્કી તે કામના પામે. ૩
તે કમઅક્કલનું થતું, અંતવાન ફળ, ભક્ત;
મળે દેવના દેવને, મને મળે મુજ ભક્ત.
અબુદ્ધિ માનતા મુજને, છતાં અવ્યક્ત તનુધારી;
પરમ અવિનાશી ઉત્તમ તે, ન જાણે શકિત એ મારી. ૪
પ્રકટ જણાઉં ન સર્વને, ઢાંકયો માયા યોગ;
અજ અવ્યય ન ગણે મને, મૂઢ બન્યા આ લોક.
થયાં થાયે થશે ભૂતો, મને જાણે ન હું જાણું;
ઈચ્છા દ્વેષજ દ્વંદ્વે તે, ગયા મોહી ચુકયા ટાણું. ૫
ગોટાળે ભ્રમમાં પડયા, સર્ગે સર્વે ભૂત;
પણ જેના પાપો ટળ્યાં, પૂણ્ય કર્મથી પૂત.
રહિત તે દ્વંદ્વ મોહેથી, મને દૃઢ ભાવથી ભજતા;
જરા મૃત્યુથી છુટવાને, રહી મમ આશ્રયે રટતા. ૬
બ્રહ્મ કર્મ અધ્યાત્મ તે, સર્વે જાણે છેજ;
ભૂત દૈવને યજ્ઞ અધિ, સહ જાણેજ મને જ.
સમાહિત ચિત્ત વાળા તે, મણિમય રામ પિછાણે;
ત્રિભમ એ કાળમાં પણ એ, મરણ ટાણે મને જાણે. ૭

સાતમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮ મો.

પદ ૧ લું. રાગ ધન્યાશ્રી.

અર્જુન—પુરૂષોત્તમ તે બ્રહ્મ, કહો શું પુરૂષોત્તમ૦ ટેક.
કર્મ અધિભૂત શું કહેવાયે, શો અધિદૈવે ક્રમ. કહો૦ ૧

કો અધિયજ્ઞ અહિં આ દેહે, કેવો ટાળો ભ્રમ. કહો૦ ૨
મરણ સમયમાં હે! મધુસૂદન! મન જીત કરીને શ્રમ. કહો૦ ૩
જાણે તમને તે રીત કહેજો, હે! આનંદાશ્રમ! કહો૦ ૪

પદ ૨ જું. રાગ સદર.

શ્રીકૃષ્ણ—અક્ષર બ્રહ્મ કહેવાય, પરમ તે, અક્ષર૦ ટેક.
ભૂતોની વૃદ્ધિ ઉત્પત્તિ તે વિસર્ગ કર્મ ગણાય. પરમ૦ ૧
ને અધ્યાત્મ સ્વભાવ વિનાશી, ચિજ અધિભૂત જણાય પરમ૦ ૨
ગર્ભહિરણ્ય પુરૂપ તૈજસ તે હા! અધિદૈવ લેખાય. પરમ૦ ૩
હે! નરશ્રેષ્ઠ! આ નર—દેહે, હું અધિયજ્ઞ સદાય. પરમ૦ ૪

પદ ૩ જું. રાગ કાનડો.

કૃષ્ણ—સિદ્ધાંત વાત કહું કોડે, આંખો ના રાખીશ ઓડે. ટેક૦
સ્મરતાં મુજને અંતિમ કાળે, જે જીવ ખોખું છોડે.
સ્વરૂપ મારૂં તે પામે, તું, ના ચડ સંશય મોડે. સિ૦ ૧
હે! કૌંતેય! અગર ભાવો જે, સ્મરી અંતે તન છોડે;
સદા ભાવના તેજ વડે તે પુનઃ જન્મ લે કોડે. સિ૦ ૨
માટે મન બુદ્ધિ મમ અર્પિત, કરી સ્મર સદાય હોડે;
યુદ્ધ કરી લે તો નક્કી તું, પામીશ મુજને કોડે. સિ૦ ૩
યોગાભ્યાસ વડે જેનું મન, જાય ન બીજે ખોડે;
પરમ દિવ્ય પુરૂપને પામે, ચિંતન કરતાં જોડે. સિ૦ ૪

પદ ૪ થું. રાગ મરાઠી ચાલની સાખી.

કૃષ્ણ—મુજને સ્મરનારો, નક્કી ઉચ્ચ પદે જાનારો. ટેક૦
મરણ સમયમાં નિશ્ચળ મનથી, ભક્તિયોગ બળવાળો;
બે ભ્રમર મધ્યેજ પ્રાણને, ધારણ, કરવા વાળો. મુજ. ૧

ઘટીત રીતે પ્રાણુ ઠરાવી, ધ્યાન કરે જે મારૂં;
સર્વનિયંતા ધારક સૌનો, અચિંત્ય પદ પ્રિય પ્યારૂં. મુજ. ૨
સુક્ષ્મ થકી પણ સુક્ષ્મ અતિ, સર્વજ્ઞ અનાદિ હું જે;
પ્રકાશરૂપે સૂર્ય સમોને, અજ્ઞાને પરનું જે. મુજ. ૩
પરમ દિવ્ય પુરૂષને સ્મરતાં, તે પદને તે પામે;
શાંતિથી ત્યાં સ્થિર ઠરીને, અચળ ધામમાં જામે. મુજ. ૪
વેદ જાણનારા જેને હા ! અક્ષર તત્ત્વ કહે છે;
વીતરાગી સંન્યાસી જે પદમાંજ પ્રવેશી રહે છે. મુજ. ૫
જેની ઇચ્છા કરનારાઓ, બ્રહ્મચર્ય પાળે છે;
તે પદ તને કહું ટુંકામાં, જે સંશય ટાળે છે. મુજ. ૬

સર્વ દ્વારને બંધ કરીને, મનને હૃદયે રોકી;
બ્રહ્મરંધ્ર નિજ પ્રાણુ ધરીને, યોગ ધરેજ વિશોકી. મુ. ૭

ૐ એ એકાક્ષર બ્રહ્મ જપતો, મારૂં ચિંતવન કરતો;
દેહ તજીને જાય જેહ તેહ, પરમગતિ પરવરતો. મુ. ૮
અનન્ય ચિત્તે સદા સર્વદા, સ્મરણુ કરે જે મારૂં;
પાર્થ યોગી તે નિત્યયુક્તને, મળવો સુલભ હું ધારૂં. મુ. ૯
પરમ સિદ્ધિ પામેલ મહાત્મા, મને પામી દુઃખ વામે;
દુ;ખના ઘરને અનિત્ય એવા, ફરી જન્મ નવ પામે, મુ. ૧૦

પદ ૫ મું. રાગ ધીરાનો ધડુસલો.

કૃષ્ણુ—બ્રહ્મ ભૂવનથી માંડીને રે, સૌ લોક આવે જાય રે;
પામે કૌંતેય ! મને તેહનો, ફરી જન્મ ન થાય રે;
એવું અર્જુન મારૂં ધામ છે. ટેક. ૧

બ્રહ્માના જે હજાર યુગના રે, જાણે દીવસ ને રાત રે;
તે જનો સાચા જાણતા, દીવસ રાત ભલી ભાત રે. એ. ૨
અવ્યક્તથી સર્વ વ્યક્તિઓરે, દીવસ આવે ઉદય થાય રે;
રાત આવતાં જ અવ્યક્તામાં, પાછું લય તે થઇ જાયરે એ. ૩
રાતે પરતંત્ર ભુત આ બધાં રે, થઇ થઇ ને સમાય રે;
પાર્થ ! દીવસ ફરી આવતાં. પાછા પેદા તે થાય રે એ. ૪
અવ્યક્તથી અવ્યક્ત જેરે, એહ સત્તારૂપ અન્યરે;
સર્વે ભૂતોના વિનાશમાં, અવિનાશી તે ધન્ય રે. એ. ૫
અવ્યક્ત અક્ષર કહેવાય છે રે, પરમ ગતિ તે એજ રે;
જેને પામી ન ફરાયે ફરી, મારૂં પરમ ધામ તેજ રે. એ. ૬
જેમાં રહ્યાં સર્વ ભૂત આરે, સર્વ કર્યું જેણે વ્યાપ્ત રે;
પરમ પુરૂષ તે અનન્ય ભક્તિથી, પાર્થ થાયેછે પ્રાપ્તરે એ ૭

શ્રીકૃષ્ણ— પદ ૬ ઠું. રાગ આશાવરી.

ભરતએહ ! વળી જેજે કાળે, યોગી ગયેલા આવે રે. ટેક.
કહું તે કાળ અને જે કાળે, યોગી ગયેલ ન આવે રે. ભ૦ ૧
છ માસ ઉત્તર અયને જ્યોતિ, અગ્નિ શુક્લ દીન જાવેરે. ભ૦ ૨
બ્રહ્મ જાણનારા તેમાં તે, એહ બ્રહ્મ પદ પાવે રે. ભ૦ ૩
છ માસ દક્ષિણ અયને કૃષ્ણે; ધુમે રાત્રે જાવે રે. ભ૦ ૪
તેમાં યોગી ચંદ્ર જ્યોતિને, પામી પાછો આવે રે. ભ૦ ૫
શુક્લ કૃષ્ણ એવી બે ગતિ આ, જગની અનાદિ કહાવે રે, ભ૦ ૬
અનાવૃત્તિ એક પામેને, બીજીએ પાછા આવે રે. ભ૦ ૭
પાર્થ ગતિ એઉ કોઇ પણ યોગી, જાણે મોહ ન પાવે રે. ભ૦ ૮
માટે અર્જુન ! સર્વ કાળ તું, યોગયુક્ત આ ભાવે રે. ભ૦ ૯

પદ ૭ મું. રાગ વસંત તિલકા.

વેદે સુયજ્ઞે સુદાને તપે જે, ફળ પુન્ય દાટવું સર્વે ઉલ્લંઘે;
આ જાણ યોગી; ઉત્કૃષ્ટ આદિ, સ્થાને પુગે રામમણિ પ્રસાદી. ૧

આઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯ મો.

પદ ૧ લું. રાગ સુંદર વરની ચુંદડી

શ્રીકૃષ્ણ—છાનામાં છાનું તને આ કહું, તું મત્સરહિણ શુચીકાય;
જ્ઞાન સહિત વિજ્ઞાન તે રે, જેને જાણી અશુભથી મુકાય,
પ્રભુ બોલ્યા પ્રેમથી. ટેક. ૧

પ્રત્યક્ષ ફળ ધર્મ રૂપ આ, ને સુખે કરાય પવિત્ર;
ઉત્તમ વિદ્યા રાજછે રે, રાજા છાનાનો અવિનાશી મિત્ર. પ્ર૦ ૨

શ્રદ્ધા ન રાખે આ ધર્મમાં, મને પામી શકે ન તે જન;
મૃત્યુવાળા આ સંસારનારે. પંથે ભટકે ને પામે પતન. પ્ર૦ ૩

અવ્યક્ત મુર્ત્તિ વાળા હું થકી, જગ વ્યાપી રહ્યું એ પ્રમાણ;
સર્વ ભુતો મુજમાં રહ્યાં રે, પણ હું તેમાં રહ્યો નથી જાણ. પ્ર૦ ૪

વળી પ્રભાવ મુજ અદભૂત જો, મારામાં રહેલ ભૂત;
ઉપજાવું ને ધરૂં ભૂતનેરે, પણ ભૂતોમાં ન રહું અવધૂત. પ્ર૦ ૫

જેમ સર્વ ગામી વાયુ આ, સદા રહે આકાશે મહાન;
તેમજ મારામાં રહ્યાં રે, સર્વે ભૂતો જાણે બુદ્ધિમાન. પ્ર૦ ૬

મારી પ્રકૃતિમાં સૌ ભૂતો, કલ્પાંતે કૌંતેય ! બને લીન;
કલ્પારંભે પાછાં તેમને રે, હું સરજું છું સદા અવિછિન્ન પ્ર૦ ૭
પરતંત્ર ભૂત સમુદાય આ, બધો પ્રકૃતિ બળ નિરધાર;
પેદા કરૂં હું ફરી ફરીરે, મારી પ્રકૃતિને જ આધાર. પ્ર૦ ૮
ઉદાસી પેઠે આસક્તિ વિના, રહું તેથી મને તે બધાં કર્મ;
બંધન લેશ કરે નહી રે, સાચો એજ ધનંજય મર્મ. પ્ર૦ ૯
મારા અધ્યક્ષપણાવડે, માયા સ્થાવર જંગમ રૂપ;
રચતી જગ એજ કારણે રે, વિશ્વ ફરતું રહે અનુપ. પ્ર૦ ૧૦

પદ ૨ જું. રાગ પાણી ભરવાને ગ્યાતાં રે

ઓકૃષ્ણ—મૂઢ કરતા અવગા રે, માનવ તન ધારી મારી;
ભૂતોનો હું મહેશ્વર રે, જાણે ન સ્વરૂપ ભારી, ટેક.
વ્યર્થ આશ કર્મો વૃથા, વૃથા જ્ઞાન કુવિચાર;
મોહક રાક્ષસી આસુરી, પ્રકૃતિનો આધાર.
દૈવી માયા આધારે રે, ભજે છે અનન્ય મને,
જાણી ભૂતાદિ અવ્યયરે. પાર્થ ! મહાત્મા મને મૂ. ૧
નિત્ય મારૂં કિર્તન કરે, દઢવ્રત યત્ન વિરક્ત;
ભક્તિ વડે નમતા મને, ઉપાસતા તે યુક્ત.
વિશ્વરૂપ મને તેરે, પૂજે જ્ઞાન અજ્ઞાને વડે;
એક કે ભિન્ન ભાવે રે, બીજા બહુ ભાવ વડે. મૂ. ૨
ક્રતુ યજ્ઞ ઔષધ સ્વધા, મંત્ર અગ્નિ શ્રી હોમ;
પોષક માત પિતામહ, જગત પિતા હું ૐ (ઓમ)
જાણવા યોગ્ય વસ્તુરે, પવિત્ર ચારે વેદ હું;
સાક્ષી ગતિ પ્રભુ પોષકરે, સુહૃદ શરણ વાસજ હું મૂ. ૩

ઉત્પત્તિ સ્થિતિ લયનો નિધિ, હું અવિનાશી બીજ;
હુંજ તપું છું તેમ હું, જળને લઉં ખેંચી જ.
વળી વરસાવું તે હું રે, મૃત્યુ અને અમૃત હું;
સર્વ હું હું ને હુંહું રે, અસત્યને સત્યજ હું મૂ. ૪

પદ ૩ જું. રાગ લાવણી.

શ્રીકૃષ્ણ—ત્રણ વેદ તણા જે જાણ, સોમ રસ પાને.
યજ્ઞોથી પુજી મને, ધરે છે ધ્યાને ૧
તે સ્વર્ગ પ્રાપ્તિને માટ, પ્રાર્થના કરતા;
તે પુન્ય તણા ફળ રૂપ, સ્વર્ગમાં ઠરતા. ૨
ત્યાં વસી સ્વર્ગમાં દિવ્ય દેવના ભોગો;
તેઓ ભોગવતા પણ ત્યાં વાધે રોગો. ૩
તે ભોગ ભોગવી, વિશાળ સ્વર્ગીય લેતું;
ક્ષય પુણ્ય થતાં, તે પડતા માનવ લોકે. ૪
ત્રણ વેદ ધર્મના, કામ્ય કર્મો કરનારા;
એમ ગમના ગમને, મરી જન્મ ધરનારા. ૫

પદ ૪ રાગ મ્હોલે પધારો મહારાજ.

કૃષ્ણ—મર્મ બતાવું છું આજ, તને તાત મર્મ બતાવું.
જે છે ભવજળ નિધિમાં જહાજ, તને તાત મર્મ બતાવું.
અનન્ય ચિંતન મારૂં, કરી ભજે જે જન,
નિત્ય યુક્ત એવા તણા, યોગ ક્ષેમ વહું હું અર્જુન. ત. ૧
અન્ય દેવ ભક્તો ભજે, શ્રદ્ધાથી પણ તેજ;
કુંતિ–પુત્રો ભજતા મને, પણ અવિધિ ભજન એનું હેજ. ત. ૨

હું જ સર્વ યજ્ઞ તણો, ભોક્તા ફળ દેનાર;
તત્ત્વે મને ન જાણતા, તેથી ફળ ચુકી લે અવતાર. ત. ૩
દેવ પિતૃ ને ભૂતના, ભક્ત હોય નિરધાર;
એ દેવ ભુત પિતૃને, મને પામી મને ભજનાર ત. ૪
પાન ફૂલ ફળ જળ મને, ભક્તિ વડે જે દેય;
શુદ્ધ ચિત્ત ભક્તિ વડે, દીધેલું હું સ્વીકારૂં છું તેય ત. ૫
જે કર જે ખા, હોમ જે, જે તપ કર જે દાન;
જે જે કર કૌંતેય ! તે, મને અર્પણ કરજે નિદાન. ત. ૬
શુભાશુભ ફળ કર્મના, બંધનથી જ છુટીશ;
સંન્યાસ યોગ વાળો થતાં, બની મુક્ત મને જ પામીશ. ત. ૭

પદ ૫ મું. રાગ સીતારામને ભજીને૦

સર્વ ભુતમાં સમાન હું કહું તને રે,
વેરી વ્હાલું ન વિશ્વમાં કોઈ મને રે. સર્વ૦ ૧
ભક્તિ ભાવે ભજે મને ભક્તને રે,
રહું તેમાં હું હુંમાં, આસક્ત તે રે. સર્વ૦ ૨
દુરાચારી અતિ જો અનન્ય ભાવથી રે,
ભજે તો પણ તે સાધુ માન હામથી રે સર્વ૦ ૩
કેમકે વિચાર ઉત્તમ તે કાળમાં રે;
થાય ધર્માત્મા તેજ તત્કાળમાંરે. સર્વ૦ ૪
પામે અચળ શાંતિ કૌંતેય ! સમ ખા મથી રે;
કદી ભક્ત મારો નાશ પામતો નથી રે. સર્વ૦ ૫
પાર્થ ! શુદ્ર વૈશ્ય નારી પાપી જન્મનાં રે;
પરમ ગતિ મારે આશ્રયેજ પામતાં રે. સર્વ૦ ૬

વિપ્ર રાજર્ષિ ભક્ત પુણ્યવાન જેરે;
ગતિ પામે તેની શું કહું જ વાત એરે. સર્વ૦ ૭
તેથી દુઃખદ અનિત્ય મૃત્યુ લોકમાંરે;
જન્મ પામી મને ભજી ફર વિશોકમાં રે. સર્વ૦ ૮
મને પૂજ મારો ભક્ત થા ને નમ મને રે;
મારે વિષે મન રાખ કહું છું તને રે. સર્વ૦ ૯
મારે શરણ થયો એમ ચિત્ત સુજમાં રે,
રામ માંણુમાં મળીશ વખત જુજમાંરે. સર્વ૦ ●

નવમો અધ્યાય સમાપ્ત.

વિભુતિ યોગ.

અધ્યાય ૧૦ મો.

પદ ૧ લું. રાગ વીરા વસ્તુ વિચારી૦

શ્રીકૃષ્ણ—

મહાબાહા ! વચનશ્રેષ્ટ જે કહું, તને તારૂં ફરી ઇચ્છી હિત
સાંભળ પ્રીતિવાન તું. ટેક.

સર્વ રીતે મહર્ષિ ને દેવનું, આદિ કારણ હું છું ખચીત સાં૦ ૧
મારી ઉત્પત્તિ તેથી ન જાણતા, દેવગણ ને મહર્ષિ અપાર. સાં૦
મને અજને અનાદિ જે જાણતા, સર્વ લોક મહેશ્વર સ.ર. સાં૦ ૨
મૃત્યુ લોક જ્ઞાની થઇને ફરે, સર્વ પાપોથી સાવ મુકાય. સાં૦
બુદ્ધિ જ્ઞાન અસંમોહ ને ક્ષમા, સત્ય શમ દમ સુખ દુઃખ થાય. સાં૦ ૩

ભય અભય ને ઉત્પત્તિ નાશ એ, યશ અપયશ સંતોષ દાન સાં૦
સમતા તપ અહિંસા ભિન્ન ભાવ એ, પ્રાણીને હું થી થાય નિદાન. સાં. ૪
પુર્વે સાત મહર્ષિને મનુ, સનકાદિક ચાર કુમાર. સાં૦
મારી શક્તિ યુક્ત મનથી થયા, પ્રજા આ લોકે જેની અપાર. સાં૦ ૫
જે મારી એ વિભુતિ ને યોગને, જાણે તત્વથી શુદ્ધ પ્રકા . સાં૦
તેતે યોગ અચળ આ નક્કી મળે, તેમાં સંશય છે ન લગાર. સાં૦ ૬
પેદા કરનારો સર્વનો હું જ છું, મારાથીજ પ્રવર્તે છે સર્વ. સાં૦
માની એમ મને પૂરા પ્રેમથી, બુદ્ધિવાન ભજે છે અગર્વ. સાં૦ ૭
ચિત્તમાં મારામાં મારામાં પ્રાણને, એક બીજાને આપતા બોધ. સાં૦
મારૂં કિર્તન કરી સર્વ કાળમાં, રહે સંતોષે આનંદી યોધ. સાં૦ ૮
નિત્ય મારે સ્વરૂપે મળી ભજે, પ્રીતિપુર્વક ધારી સુયોગ. સાં૦
તેને આપું બુદ્ધિ યોગ જે વડે, મને પામે તે ટાળે વિયોગ. સાં૦ ૯
માત્ર તેના અનુગ્રહ કારણે, આત્મભાવે રહેલોજ હુંજ. સાં૦
જ્ઞાનરૂપ ઝળકતા દીવા વડે, ટાળું અંધારૂં અજ્ઞાનનુંજ. સાં૦ ૧૦

પદ ૨ જું. રાગ દીંડી.

અર્જુન—આપ છો પવિત્ર પરમ પરમ ધામ,
પરબ્રહ્મ પુરૂષ આદિ દેવ શ્યામ;
નિત્ય દિવ્ય વિભુ અજ અને અનાદિ,
કહે રૂષિ સર્વ દેવ નારદાદિ. ૧
વ્યાસ દેવલને અસિત આપ પોતે,
કહોછોજ એમ કેશવા તમો તે;
કહો જે મને તે સર્વ માનું સત્ય,
સ્વરૂપ આપનું ન જાણે દેવ દૈત્ય. ૨

પુરૂષોત્તમા ભૂતો પેદા કરંદા,
દેવ દેવ વિશ્વનાથ નંદ નંદા;
આપ આપનેજ આપ વડે જાણો,
વિશ્વનાથ હું તો સર્વદા અજાણ્યો. ૩
જે વિભૂતીઓથી આપ રહ્યા વ્યાપી,
લોક સર્વને તે દિવ્ય છે પ્રતાપી;
તે અશેષ વિભૂતિ કહો કૃપાથી,
ઘટીત આપને ન યોગ્ય કો કશાથી. ૪
નિત્ય ધ્યાન કરી કેમ આપને હું,
યોગી! જાણું ભગવાન તે કહેતુ;
શી શી વસ્તુમાં હું ધ્યાન ધરૂં હેતે,
આત્મયોગનો વિસ્તાર કરો તે તે. ૫
હે! જનાર્દન! ફરીથી તે વિભૂત્તિ,
વચન સુધા સુણી આપનાંજ તૃપ્તિ;
નથી થતી મને નાથ સત્ય બોલું,
તેથી પ્રશ્નરૂપે પૂછી ભાવ ખોલું. ૬

પદ ૩ જું. રાગ સોરઠ ત્રિતાલ.

કૃષ્ણ—હમણાં પ્રસિદ્ધ દિવ્ય મમ વિભુત્તિ મુખ્ય તને કહું રે,
હે! કુરૂશ્રેષ્ઠ! ન અંતજ તેનો વિસ્તારે લહું રે. હ૦ ટેક.
અંતર આત્મા સૌ ભૂતોનો, અંત મધ્ય આદિ ભૂતોનો,
ગુડાકેશ! હું છું તો ગતિ કરે સહુ રે. હ૦ ૧
આદિત્યોમાં વિષ્ણુ હું છું, જ્યોતિ કિરણ રૂપ સૂર્ય જ હું છું;
મરૂતે મરિચી હું નક્ષત્રે ચંદ્ર છું રે. હ૦ ૨

સામવેદ વેદોમાં છું હું, ઇંદ્ર સર્વ દેવોમાં છું હું;
ઇંદ્રિયોમાં મન ચેતન ભૂતે જ હું રે. હ૦ ૩
રૂદ્રોમાં શંકર તે હું છું, યક્ષ રાક્ષસે કુબેર હું છું;
વસુઓ અગ્નિ છું ગિરિમાં મેરૂ હું રે. હ૦ ૪
પાર્થ ! મુખ્ય જે પુરોહિતોમાં, જાણ બૃહસ્પતિ હું છું તેમાં;
સરોમાં સાગર સેનાપતિમાં સ્કંધ હું રે. હ૦ ૫
મહર્ષિઓમાં ભૃગુજ હું છું ૐ અક્ષર વાણીમાં હું છું;
સ્થાવરમાં હિમાલય યજ્ઞે જાપ હું રે. હ૦ ૬

પદ ૪ થું. રાગ પીલુ.

શ્રીકૃષ્ણ—
સૌ વૃક્ષોમાં પીપળો હું છું, દેવ રૂષિમાં નારદ હું છું;
ગંધર્વોમાં ચિત્રરથ ને, સિદ્ધો માંહિ કપિલ મુની હું છું. સૌ૦ ૧
ક્ષીર સાગરથી ઉપજેલો તે, જાણ ઉચ્ચૈશ્રવા અશ્વજ હું છું. સૌ૦ ૨
હસ્તીમાં ઐરાવત હું ને, મનુષ્યો માંહે રાજા હું છું સૌ૦ ૩
હથિયારોમાં હું છું વજ્ર, ગૌમાં કામદુધા તે હું છું. સૌ૦ ૪
કામજ હું છું ઉત્પાદકમાં, સર્પોમાં વાસુકિ તે હું છું. સૌ૦ ૫
નાગ વિષે હા ! શેષજ હું છું, જળદેવોમાં વરૂણ જ હું છું. સૌ૦ ૬
સૌ પિતૃમાં અર્યમા હું છું, સંયમ કરતામાં યમ હું છું. સૌ૦ ૭

પદ ૫ મું. રાગ રામગ્રી.

શ્રીકૃષ્ણ—
દૈત્યોમાં પ્રહલાદ હુંજ છું, સંખ્યા ગણનારો કાળ;
સર્વે પક્ષીમાં ગરૂડ હું, મૃગોમાં સિંહ ભાળ. દૈ૦ ટેક. ૧

હું છું પવન વેગવાનમાં, શસ્ત્ર ધારીમાં રામ;
હું છું મગર જળચર જીવમાં, ગંગા નદીઓમાં નામ. દૈ ૨
અર્જુન ! સૃષ્ટ પદાર્થનો; આદિ મધ્ય હું અંત;
અધ્યાત્મ વિદ્યા વિદ્યાઓમાં, વાદે વાદ મહંત. દૈ૰ ૩
હુંજ સમાસોમાં દ્વંદ્વ છું, અક્ષરમાં હું અકાર;
કર્મ ફળદ અંતરજામી હું, અક્ષર કાળ હું ધાર. દૈ૰ ૪
સર્વ સંહારક મૃત્યુ હું, ભાગ્ય હું ભાવિમાંજ;
મેધા સ્મૃતિ ધૃત્તિ શ્રી ક્ષમા, વાણી કીર્તિ સ્ત્રીમાંજ. દૈ૰ ૫
છંદોમાં ગાયત્રી સામમાં, હું છું હા ! બૃહતસામ;
હું છું વસંતજ રૂતુમાં, માસે માગશર નામ. દૈ૰ ૬
છળ કરનારમાં દ્યૂત હું, તેજસ્વીમાં હું તેજ;
સત્વવાળાઓનું સત્વ હું, ઉદ્યમ જય છું સતેજ. દૈ૰ ૭
યાદવોમાં વાસુદેવ છું, પાંડવોમાં અર્જુન.
કવિયોમાં શુક્રજી હુંજ છું, મુનીમાં વ્યાસ મુન્ય. દૈ૰ ૮

પદ ૬ ઠું. રાગ વરત રહીરે એકાદશી.

કૃષ્ણ—દમન કરનારમાં દંડ હું, જીતેચ્છુની છું નીતિ;
જ્ઞાનવંતોનું છું જ્ઞાન હું, ગુહ્યમાં મૌન રીતી. ૧
જે સર્વ ભૂતોનું બીજ તે, પણ અર્જુન હું છું;
મારા વિના સચરાચરે, વસ્તુ છે ના કહું છું. ૨
મારી આ દિવ્ય વિભૂતિનો, અંત પાર્થ ! ન લેશે.
આ મેં વિભૂતિ વિસ્તાર તે, કહ્યો છે એક દેશે. ૩
ઐશ્વર્યવાળી જે વસ્તુઓ, શોભાળી બળવાળી;
તે તે તું મારા તેજના, અંશથી થઇ લે ભાળી. ૪

તારે આ બહુ જાણવાથી શું, અર્જુન ફાયદો અથવા;
એક અંશે મણિરામ મેં, ધાર્યું વિશ્વ બધું આ. ૪૨

દશમો અધ્યાય સમાપ્ત.

વિશ્વરૂપ દર્શન.

અધ્યાય ૧૧ મો.

પદ ૧ લું. રાગ વરત રહી એકાદશી

અર્જુન—અધ્યાત્મનામે છાનું ઘણું, કરવા અનુગ્રહ મારો;
કહ્યું જે વચન આપે તે વડે, મટયો મોહ આ મારો, ૧
ભૂતોનાં ઉત્પત્તિ નાશ બેઉ, મહિમા અવિનાશી પણ મેં;
વિસ્તારે આપથી સાંભળ્યાં, કંજનેત્ર તેમજ મેં. ૨
આપ કહો જેમ આપને, પરમેશ્વર તેમ,
ઐશ્વર્ય રૂપ પુરૂષોત્તમા, જોવા ચાહું છું એમ. ૩
મારે જોવું શક્ય એમ જો, પ્રભુ માનતા હોતો,
અવ્યય આત્મા! તમે મને, યોગીશ્વર બતાવો તો. ૪

પદ ર જું રાગ. માજી તું તો પાવાની૦

કૃષ્ણ—પારથ! સેંકડો ને હજારો, મારા રૂપજો રે લોલ;
નાના વર્ણ વિધિ આકૃતિના, દિવ્ય સ્વરૂપ જો રે લોલ. ૧
પારથ! અશ્વિની મરૂતો રૂદ્ર, વસુ આદિત્ય જો રે લોલ.
તેમજ નહી જોયલા પૂર્વે, બહુ આશ્ચર્ય જોરે લોલ. ૨

પારથ ! મમદેહે સચરાચર, એકત્રિત જો રે લોલ;
પારથ ! હાલ આ સૌને બીજું જોવા ઇચ્છજો રે લોલ. ૩
પારથ ! પણ તવ આંખે મને કદી ના જોઇ શકે રે લોલ.
પારથ ! દિવ્ય દિવ્ય નજર દઉં મારૂં, યોગ–ઐશ્વર્ય જોરે લોલ.૪

સંજય–રાજા ! મહા યોગેશ્વર હરિએ, એમ કહીને પછીરે લોલ;
રાજા ! વિશ્વ–સ્વરૂપ બતાવ્યું, પરમ તે પાર્થનેરે લોલ, ૫
રાજા ! અદ્ભુત દર્શન બહુ ઘણા મુખ આંખ છે રે લોલ;
રાજા ! દિવ્ય ઉગામ્યા આયુધ, ઘરેણા અનેક છે રે લોલ. ૬
રાજા ! દિવ્ય સુગંધી લેપ, માળા વસ્ત્રો ધર્યાં રે લોલ,
રાજા ! વિશ્વ–મુખ દેવ અનંત, સૌ આશ્ચર્ય ભર્યારે લોલ ૭
રાજા ! ગગને એક વખ્ત, હજાર, રવી જો ·ગેરે લોલ;
રાજા ! પ્રભા વિશ્વ રૂપ જેવી, જરા અંશ લાગશે રે લોલ. ૮
રાજા ! ત્યારે પાર્થે દીઠું, દેવાધિદેવ દેહમાં રે લોલ.
રાજા ! બહુધા જુદું જુદું, એકત્રિત જગત આરે લોલ. ૯
રાજા ! પછી તે પુલકિત પાર્થ ! વિસ્મય પામી અતિરે લોલ;
રાજા ! માથું નમાવી બોલ્યો, જોડી હાથ દેવ પ્રતિ રે લોલ ૧૦

પદ ૩ જું રાગ દીડી.

અર્જુન—દેખું સર્વ દેવ દેવ આપ દેહે,
ભૂતનો વિશેષ સંઘ રૂપિ નેહે;
સર્વ દિવ્ય સર્પ સર્વના નિયંતા;
કમળ આસને બિરાજતાજ બ્રહ્મા. ૧
બહુ બાહુ ઉદર મુખ નેત્ર દેખું,
બહુ રૂપ આપ સર્વ બાજુ પેખું;

વળી વિશ્વ રૂપ વિશ્વ ઈશ આદિ,
અંત મધ્ય તુજ દેખું ના અનાદિ. ૨
મુકુટ ચક્ર ગદા ધારી તેજ રાશી,
પ્રદીપ્ત અગ્નિ સૂર્ય સમ પ્રભા પ્રકાશી;
સર્વ બાજુ અપ્રમેય સૌ ભણી હું.
દેખું આપને ન જોઇ શકાય તે હું. ૩
પરમ આશ્રય આ વિશ્વનો તું યોગ્ય,
પરમ અક્ષર તું જાણવો સુયાગ્ય;
અનાદિ ધર્મ રક્ષી તુંજ અવિનાશી,
માનું પુરૂષ સનાતન તું હું વિલાસી. ૪
આદિ મધ્ય અતના અનંત શક્તિ,
પ્રદીપ્ત અગ્નિ મૂખ બાહુ બહુ વ્યક્તિ;
વિશ્વ આ તપાવતો તું હા ! સ્વતેજે,
શશિ સૂર્ય નેત્ર દેખું હું તને જે. ૫
સ્વર્ગ પૃથ્વી અંતરીક્ષ દિશા સર્વ,
મહાત્મા જ વ્યાપ્યું એક તેં અગર્વ.
ઉગ્ર અદ્ભુત આ રૂપ તારૂં દેખી,
ત્રિલોક બીક અતિ પામે શકું પેખી. ૬
આસુર સંઘ પેસે આપમાંજ દોડી,
સ્તવે કેટલાક કરી હાથ જોડી;
સ્વસ્તિ સિદ્ધો મહર્ષિઓ કહે છે. ૭
મરૂત પિતૃ વસુ સાધ્ય વિશ્વે દેવા,
રૂદ્ર અશ્વિની કુમાર સૂર્ય એઓ;

યક્ષ ગંધર્વ સુર સિદ્ધ સાથે,
થઇ વિસ્મય ને નિરખે આપને તે. ૮
બહુ બાહુ બહુ મુખ નેત્ર વાળા,
જાંગ પેટ ચર્ણ દાઢ બહુ કરાળા;
જોઇ રૂપ તારૂં મહદ મહાબાહુ,
ભયે ભીત સર્વ લોક છે તથા હું. ૯

પદ ૪ થું. રાગ ઓધવજી સં, દેશો.

અર્જુન—નભ અડીયાં મુખ ફાટાં વર્ણું અનેકનાં,
પ્રકાશ વાળાં પ્રદીપ્ત નેત્ર વિશાળજો;
તારાં જોઇ બીતો અંતર આત્મા ઘણો,
શાંતિ ધીરજ પામે ન વિષ્ણુ રસાળ જો. નભ૦ ૧
ભયકર દાઢોથી કાળાગ્નિ સારખા,
મુખો તમારાં દેખી જગત નિવાસ જો;
દિશા ન જાણું સુખ પામું ના હુંય રે,
દેવાધિ દેવા પ્રસન્ન થાવો ખાસજો ન૦ ૨
સર્વે રાજાઓના સમુહો સાથ આ,
વળી ધૃતરાષ્ટ્ર તણા પુત્રોને દ્રોણુ જો;
ભીષ્મ કરણને યોદ્ધા અમારા મુખ્ય તે,
તારામાં પેસે છે રહેશે કોણુ જો. ન૦ ૩
દાઢો વડે વિકરાળ ભયાનક આપનાં,
મુખોમાં પેસેજ ત્વરાથી હાય જો;
કેટલાકોના શીરના ભુકા થઇ ગયા,
દાંતો વચમાં તે ચોંટયા દેખાય જો. ન૦ ૪

જેમ નદીઓના પ્રવાહ જળમાં સામટા,
સાગર ભણી થઇ દરિયે દ્રવતા જાય જો;
મૃત્યુ લોક વીરો તેમ આ સૌ બાજુથી,
પ્રજ્વલિત તારાં મૂખોમાંજ સમાય જો. ન૦ ૫
જેમ પતંગો ઉતાવળા નાશ પામવા,
અતિ સળગેલી આગે પેસે એમ જો;
આ લોકો પણ નાશ થવા મહા વેગથી,
તારાં મુખોમાં પેસે છે ! તેમ જો. ન૦ ૬
હે વિષ્ણો ! સૌ બાજુથી સૌ લોકને.
જ્વલંત મુખથી ખાતા જીભ ચાટોજ જો;
ઉગ્ર પ્રભા તવ તેજ તણી સૌ બાજુથી.
સર્વ જગતને વ્યાપી તપાવે રોજ જો, ન૦ ૭
આપ ઉગ્ર રૂપે આ કોણ મને કહો,
પ્રસન્ન થાઓ દેવોત્તમ નમું હુંજ જો,
ચહું જાણવા સૌના આદિ આપને,
નથી સમજતો હેતુ આપનો હુંજ જો. ન૦ ૮

પદ ૫ મું. રાગ રસિયો રસે ભર્યો રે.

કૃષ્ણ—વૃદ્ધિ પામ્યો અતિરે, લોક સંહારક હું છું કાળરે;
પ્રવર્તુ કરવા અહીંરે, ભક્ષણ લોકોનું તતકાળરે. ૧
સેન પ્રતિપક્ષમાંરે, સર્વે યોદ્ધા ઉભા જેહરે;
એક તારા વિનારે, જીવ રહેશે નહી કોઈ તેહરે. ૨
ઉઠ તે માટ તુંરે, યશ મેળવ શત્રુને જીતરે;
સમૃદ્ધિ રાજનીરે, ભોગવ સવ્યસાચી હે અજીતરે. ૩

પ્રથમજ યુદ્ધથીરે, મેં મારી મુકેલા છેજરે:
તાત તું તો હવેરે, માત્ર નિમીત્ત-થા નિશ્ચય એજરે. ૪
જ્યદ્રથ દ્રોણુનેરે, ભિષ્મ કર્ણ અન્ય યોદ્ધ વીર પણ શત્રુરે.
મેં હણ્યા ના વ્યથારે, પામ,હણુ લડ રણે જીત તું શત્રુરે. ૫
કેશવની વાણીએરે, સાંભળી કંપતાં કિરીટી જોડી હાથરે:
ગદગદીત બીતો બીતોરે, ફરી કહે નમ્ર થઇ નમી કૃષ્ણસાથેરે. ૬

પદ ૬ ઠું. રાગ જાણ્યું જાણ્યું હેત.

અર્જુન—હે ! હૃષિકેશ ! અત્યંત કીર્તી તારી વડેરે લોલ,
હર્ષે જગત અતિશય પામે પ્રેમ જો,
ભાગે ભય પામેલ દિશામાં રાક્ષસોરે લોલ,
સિદ્ધ સમુહો નમતા સૌ ઘટે એમ જો. હે૦ ૧
દેવેશા ! જગવાસ ! મહાત્મા ! અનંત ! તુંરે લોલ,
અસત્ય સતથી તું પર અક્ષર રૂપજો,
આદી કર્તા બ્રહ્માથી પણ શ્રેષ્ઠ તુંરે લોલ,
તને નમે નહી શા માટે તદ્રુપ જો. હે૦ ૨
આદિ દેવ પુરાણ પુરૂષ તે તુંજ છોરે લોલ,
લય થાવાનું જગનું ઉત્તમ સ્થાન જો,
જાણનાર પરધામ જાણવા યોગ્ય તુંરે લોલ,
વિશ્વ વ્યાપ્યું તેં અનંતરૂપ મહાન જો. હે૦ ૩
ચંદ્ર અગ્નિ વાયુ યમ વરૂણ પ્રજાપતિરે લોલ,
ને દાદો તું તને હજારો વાર જો,
નમસ્કાર હો નમસ્કાર હો ને વળીરે લોલ,
ફરી ફરી પણ તુજને નમસ્કાર જો. હે૦ ૪

નમસ્કાર આગળ પાછળ તુજને હજોરે લોલ,
સર્વ ભણી હો નમસ્કાર તને સર્વ જો,
વીર્ય અનંત પરાક્રમી પારાવાર તુંરે લોલ,
સર્વ વ્યાપ્યું તેથી તું સ્વરૂપ સર્વ જો. હે૦ ૫
સખા ગણીને મેં અનુચિત જે જે કહ્યુંરે લોલ,
હે ! યાદવ ! હે ! સખા ! કૃષ્ણ હે ! એમ જો,
તારો આ મહિમા જાણ્યા વિણ હા ! કદીરે લોલ,
પ્રેમ વડે કે ગફલતથી મેં તેમ જો. હે૦ ૬
તથા મશ્કરી માટે શય્યા વિહારમાં લોલ,
આસન ભોજનમાં મિત્રોની સંગ જો,
કે એકાંતે જે અપમાનજ મેં કર્યુંરે લોલ,
અપ્રમેય એ ક્ષમા કરો શ્રી રંગ જો. હે૦ ૭
સચરાચરનો પિતા પુજ્ય ગુરૂ એક તુંરે લોલ,
તારા સરખો નથી ત્રિલોકે કોઇ જો,
અન્ય અધિક ક્યાંથી હોયે બહુ વિશ્વમાંરે લોલ,
પ્રભાવ ઉપમા વગરે લઉં હું જોઇ જો. હે૦ ૮
તે માટે સાષ્ટાંગ નમું તું સ્તુત્યનેરે લોલ,
ચાહું હું ઇશ્વર ! તું પ્રસન્ન થાય જો,
પિતા પુત્રને સખા સખાને પતિ પ્રિયારે લોલ,
ક્ષમા કરે તેમ ક્ષમવા યોગ્ય જગરાય જો. હે૦ ૯
પુર્વે નહી જોયેલું જોઇ અતિરે લોલ,
ભયથી મારૂં મન બને વ્યાકુળ જો,
પુર્વરૂપ માટે મને દેવ બતાવજોરે લોલ,

જગતવાસ ! દેવેશ ! પ્રસન્ન થઇ મૂળ જો. હે૦ ૧૦
ચક્ર મુકુટ કર ગદા ધરેલું રૂપ તે રે લોલ,
કે ત્હારૂં જોવા ઇચ્છું તેથી નાથ જો;
વિશ્વમુર્તિ ! હે હજાર બાહુ ! તે રૂપે રે લોલ,
ચતુર્ભુજ થઇ દે દર્શન જગનાથ જો. હે૦ ૧૧

પદ ૭ મું. રાગ ગઝલ.

કૃષ્ણ—આ શ્રેષ્ઠ રૂપ મારૂં; મારી પ્રસન્નતાથી. ટેક.
જે વિશ્વરૂપ કોઇએ, તારા વિનાજ અન્યે;
દીઠેલ નાજ.પૂર્વે. મારી૦ ૧
તેજસ્વી ને અનાદિ, મમ આત્મ શક્તિયોગે;
અર્જુન તને બતાવ્યું. મારી૦ ૨
કુરૂમાં પ્રવિર તારા, વિણ મૃત્યુલોકમાં આ;
એ વિશ્વરૂપ હું તે. મારી૦ ૩
જોવો ન શક્ય દાને, કર્મે ન વેદ પાઠે;
તપ ઉગ્રથી ન યજ્ઞે. મારી૦ ૪
આવા પ્રકારનું આ, મમ ઘોર રૂપ દેખી;
ડર માં વિમૂઢ થા માં. મારી૦ ૫
અભયો પ્રસન્ન મનનો, ફરી થા તું રૂપ મારૂં;
તે જો ભલી જ ભાતે. મારી૦ ૬

પદ ૮ મું. રાગ ભુજંગી.

સંજય—કહી એમ અર્જુનને વાસુદેવે,
બતાવ્યું ફરી આપનું રૂપ એવે;
બનીને ફરી સૌમ્ય દેવે મહાત્માં,
કર્યો પાર્થને ધૈર્ય દેતા હવામાં. ૧

પદ ૯ મું. રાગ કલ્યાણ.

અર્જુન—હે ! જનાર્દના ! નર રૂપ સૌમ્ય આ,
જોઈ તારૂં હાલ થ્યો સચેત સ્વસ્થ હા ! ટેક.
કૃષ્ણ—દુર્લભ અતિ જોવું જે મારૂં, તું જોતો 'તો રૂપ;
દેવો પણ ઇચ્છે જ નિરંતર, જોવા એજ સ્વરૂપ. હે૦ ૧
વેદ પાઠ ને યજ્ઞે દાને, તપે ન જોવું શક્ય;
તું જોતો તો મુજને એવું, જોવું સાવ અશક્ય. હે૦ ૨
અર્જુન ! એવો મને જાણી જોઈ, મળવા માટ માત્ર;
અનન્ય ભક્તિ એજ પરતંપ ! સાચેન પામે પાત્ર. હે૦ ૩
અસંગ મત્પર ભકતજ મારો, કરે અર્થ મમ કામ.
પાંડવ ! સર્વ ભુતે અવૈર જે, તે પામે મણિરામ. હે૦ ૪

અગીઆરમો અધ્યાય સમાપ્ત.

ભક્તિ યોગ.

અધ્યાય ૧૨ મો.

પદ ૧ લું. રાગ ગીતી.

અર્જુન—તમને નિત્ય ઉપાસે, સતત યુકત જે ભકત એમ એમાં;
ને અવ્યય અક્ષરને, કોણ કુશળ અતિશય યોગે તેમાં. ૧

પદ ૨ જું. રાગ થાય નહી થાય નહીરે.

કૃષ્ણ—સ્થિર થઇ સ્થિર થઈ રે, નિત્ય યુકત મુજમાં મન સ્થિર થઇ.
શ્રેષ્ઠ શ્રદ્ધા વડે યુકત થઇરે. નિત્ય૦

મને ભજે તે યુકતમાં, ઉત્તમ માન્યા એજ,
અનિર્દેશ્ય અવ્યકત અક્ષર ભજતા તેજ;
સર્વવ્યાપી અચિંત્ય ધ્રુવ સ્થિર થઇ રે. નિત્ય૦ ૧
સૌ ઇંદ્રિય સંયમ કરી, સમબુદ્ધિ સર્વેય,
પ્રેમી સર્વ ભૂતો હિતે, પામે મુજને તેય;
કૂટસ્થ અચળમાં સ્થિર થઇ રે. નિત્ય૦ ૨
કલેશ અધિકતર પામતા, જેનું મન આસકત,
અવ્યકતે તેને દુઃખે મળે ગતિ અવ્યકત;
દેહાભિમાન હિણુ ના થઇ રે. નિત્ય૦ ૩

પદ ૩ જું. રાગ પુનમચાંદની.

કૃષ્ણ—પણ જે મને કર્મ સૌ અર્પણ કરી મમ આશ્રયે રે,
યોગ અનન્યે ભજતાં ને ધરતા મુજ ધ્યાન;
તેનો ઉદ્ધારક મૃત્યુ ભવ દરિયે હું થતો રે,
સત્વર મુજમાં મનવાળાનો અર્જુન માન. પણ૦ ૧
બુદ્ધિ મુજમાં સ્થિર કરી, મારામાં મન રાખ;
વસીશ મુજમાં તું અરે ! લેશ ન શંકા રાખ.
સ્થાપન મુજમાં જો મન કરી, ધનંજય ના શકે રે;
તો અભ્યાસ યોગથી મને પામવા ઇચ્છ;
મમ પ્રેમે કર કર્મો જો અભ્યાસે શકિત નારે.
મમ અર્થે કરી કર્મો પણ સિદ્ધિ પામીશ. પણ૦ ૨
કરવા એમ અશકત તો, સર્વ કર્મ ફળ ત્યાગ,
મમ આશ્રિત યોગે કરી, મન વશ રાખ અથ ...

શ્રેષ્ઠજ અભ્યાસેથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન છે રે;
તેથી કર્મ ફ્ળોનો ત્યાગ, ત્યાગથી મોક્ષ;
સૌ ભૂતોનો દ્વેષ કરે નહિ, મિત્ર દયાળ જે રે.
નિર્મમ નિરહંકારી ક્ષમી સમ દુખ સુખ જોખ. પણ૦ ૩

સંતોષી સ્થિર ચિત્તને, મન સંયમ દૃઢ ટેક;
મન બુદ્ધિ અર્પે હું માં, મમ પ્રિય ભકતજ એક.
લોકોથી ઉદ્વેગ ન પામે જેથી લોક સૌ રે.
ભય ઉદ્વેગ હર્ષ ઇર્ષા વિણુ તે મમ પ્રિય;
નિસ્પૃહ ચતુર ઉદાસી, પીડા રહિત પવિત્ર જે રે.
સૌ આરંભ-પરિત્યાગી મુજ ભકત જ પ્રિય. પણ૦ ૪

હર્ષ દ્વેષ ના શોક ના, લેશ ન ઇચ્છાવાન;
શુભ અશુભ પરિત્યાગી તે, મમ પ્રિય ભક્તિમાન.
ટાઢું ઉનું સુખ દુ:ખમાં સમ સંગ તજે અતિરે
શત્રુ મિત્રો સમ, સમ માન અને અપમાન,
નિંદા સ્તુતિ સમ મુની, સંતોષ મળે જે તે વડે રે.
સ્થાન વગર સ્થિર મતિ, મમ પ્રિય નર ભકિતવાન. પણ૦ ૫

પદ ૪ થું. રાગ ગીતી.

કૃષ્ણ-મમ પર શ્રદ્ધાળુ થઇ, પ્રથમ કહેલી ધર્મ સુધા હામે;
સેવે જે ભકતો તે, મારા અતિ પ્રિય રમે મણિરામે. ૧

બારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૩ મો.

પદ ૧ લું. રાગ ગીતી.

અર્જુન–પ્રકૃતિ પુરૂષ તેમજ, ક્ષેત્ર તથા તથા ક્ષેત્રજ્ઞ કૃપા રાહે;
ઇચ્છું જાણવા એને, જ્ઞાન તથા જે જ્ઞેય કેશવા હે!

પદ ૨ જું. રાગે લાલજી ચાખડીએથી.

કૃષ્ણ–અર્જુન! આ તન ક્ષેત્ર ગણાયે,
ક્ષેત્રજ્ઞજ ને તેનો જાણ, એમ કહે છે તેના જાણ. ટેક.
અર્જુન વળી સર્વ ક્ષેત્રોમાં મુજને, ક્ષેત્રજ્ઞ તું જાણ એ. ૧
અર્જુન! મત મારો ક્ષેત્રજ્ઞ, ક્ષેત્રનું જ્ઞાન એજ છે જ્ઞાન. એ. ૨
અર્જુન! જે વાળું જેવું જેથી, ક્ષેત્રજ તે વિકારવાન. એ. ૩
અર્જુન! સંક્ષેપે સાંભળ મુજથી, તે જે જે શકિતવાન. એ. ૪
અર્જુન! રૂષિઓએ વેદે બહુધા તે ગાયું વિવિધ વિધાન. એ. ૫
અર્જુન! બ્રહ્મસુત્ર પદ અર્થો યુકિતવાળાં કરતાં ગાન. એ. ૬
અર્જુન! પંચમહાભુતો ને બુદ્ધિ ને અહંકાર અવ્યકત. એ. ૭
અર્જુન! દશ ઇંદ્રિયો મનને, વિષયો પંચેદ્રિયના વ્યકત. એ. ૮
અર્જુન! સુખ દુઃખ ઇચ્છા દ્વેષ ધીરજ સંઘાત ચેતના એજ. એ. ૯
અર્જુન! એ વિકારવાળું સંક્ષેપે ક્ષેત્ર કહ્યું મેં છેજ. એ. ૧૦

કૃષ્ણ– પદ ૩ જું. રાગ સૌ કોઇ ભાવે ભજો ભગવાનનેરે,

માન દંભ રહિતપણું સરળતારે, અહિંસા સ્થિરતા ક્ષમા સાર;
સેવા આચાર્યનીને પવિત્રતારે, નિગ્રહ ઇંદ્રિયો મનનો અપાર
અર્જુન જ્ઞાન સનાતન સાંભળો રે. ટેક. ૧

અહંકાર–રહિતપણું ને વળી રે, ઈંદ્રિયોના વિષમાં વૈરાગ્ય;
વ્યાધિ જન્મ જરા મૃત્યુના દુઃખો રે,દોષો એમાં જોવાજ અથાગ. અ.૨
ઘરપુત્રદારા આદિને વિષેરે, તન્મયતાને મમતા રહિત;
પ્રાપ્તિ ગમતાં અણગમતાં થાય ત્યારે, રાખે ચિત્ત સમાનજ નિત્ય. અ. ૩
યોગ અનન્ય ને શુદ્ધ ભાવથીરે ભકિત નિર્દોષ મારામાં ખાસ;
અપ્રીતિ વિષયી લોક સમાજમાં રે, વ્હાલો એકાંતિક દેશ વાસ. અ. ૪
નિત્ય નિષ્ઠા અધ્યાત્મ જ્ઞાને અતિરે, તત્ત્વજ્ઞાનના હેતુ જોવાય;
સર્વ એ જ્ઞાનને નામે કહેલ છે રે, એથી ઉંધા અજ્ઞાન ગણાય અ. ૫
જેને જાણી મુકિત મળે જ્ઞેય તેરે, જાણવા યોગ્ય તે કહું સ્પષ્ટ;
છે જે અનાદિ સુબ્રહ્મ પરમ તેરે, કે'વાતું ન અસત્ સત્ સ્પષ્ટ. અ. ૬
તેને સર્વ બાજુ પગ હાથ છે રે, સર્વ બાજુ માથાં આંખ મુખ;
સર્વ બાજુ છે કાન સૌ લોકમાં રે, વ્યાપિ તેજ રહેલ છે મુખ્ય. અ. ૭
સર્વ ઇંદ્રિયો કર્મ તેથી કરે રે. સર્વ ઇંદ્રિયોથી તે રહિત;
ધારે સર્વને તે આસકિત વિનારે,ગુણ ભોકતા નિર્ગુણ તે ખચીત. અ. ૮
તેજ ભુતોની અંદર બ્હાર છે રે, તેમ સ્થાવર જંગમરૂપ;
જાણી શકાય ન સુક્ષ્મપણા વડેરે, સમીપે દુર પણ તે અરૂપ. અ. ૯
અવિભકત તથાપિ ભુતો વિષેરે, જુદું જુદું રહેલું જણાય;
ધારક ભુતોનું હા! તેજ જ્ઞેય છે રે, ઉત્પાદક સંહારક તે સદાય, અ. ૧૦

પદ ૪ થું. રાગ ગંદી દેહ કેરો શો ગારવો.

કૃષ્ણ–સર્વ જ્યોતિનું જ્યોતિ પણ તેજ છે, કહેવાયે રે;
અંધકારની પાર, અર્જુન સનાતન જ્ઞાન આ ટેક.
જ્ઞાન ગમ્ય તે જ્ઞાનને જ્ઞેય છે, સર્વ હૃદયે રે;
નિત્ય હાજર સાર. અર્જુન. ૧

એમ ક્ષેત્ર તથા જ્ઞાન જ્ઞેય ને સંક્ષેપે રે;
કહ્યું આજ અભંગ. અર્જુન.
મારો ભકત એને જાણવા થકી, ઝટ પામે રે;
મારૂં સ્વરૂપ સ્વઅંગ. અર્જુન. ૨
તે પુરૂષ અને તે પ્રકૃત્તિને, તું અનાદિ રે;
બન્નેને પણ જાણ. અર્જુન.
વિકારોને અને ગુણોને તથા ઉપજેલા રે,
પ્રકૃત્તિથી પ્રમાણ અર્જુન. ૩
કાર્ય કારણના કર્તાપણામાં પ્રકૃત્તિ રે
હેતુરૂપ કહેવાય અર્જુન.
તથા સુખ દુખના ભોકતાપણા, માં પુરૂષને રે;
હેતુ રૂપ લેખાય. અર્જુન. ૪
પ્રકૃત્તિના ગુણોનેજ ભોગવે, પ્રકૃત્તિમાં રે;
રહીને પુરૂષ સદાય. અર્જુન.
એ ગુણોનાજ સંગને કારણે, સારી માઠી;
યોનિમાં જન્મ થાય. અર્જુન. ૫
ભર્તા ભોકતા મહેશ્વર સાક્ષી તે, પ્રવૃત્તિને રે;
અનુકુળ તે રહેનાર. અર્જુન.
પરમાત્મા વેદે કહ્યો તેજ એ, આજ દેહે રે;
પર પુરૂષ નિરધાર. અર્જુન. ૬
એ પ્રમાણે ગુણો સહ પ્રકૃત્તિને પુરૂષને રે;
જાણે છે જે અજન્મ. અર્જુન.
વર્તમાન કરે કર્મ સર્વથા, તથાપિ તે રે;
પાછો પામે ન જન્મ. અર્જુન. ૭

કેટલાકો ધ્યાને શુદ્ધ બુદ્ધિથી, અંતઃકરણે રે;
આત્મા જૂએ છે શુદ્ધ. અર્જુન.
સાંખ્ય યોગવડે કેટલાકને, કર્મ યોગે રે;
બીજા દેખે નિશુદ્ધ. અર્જુન. ૮
એ પ્રમાણે જાણે ન છતાં બીજા, બીજાઓથી રે;
સાંભળી ઉપાસેય. અર્જુન.
નક્કી મૃત્યુ પણ ઓળંગી જાય છે, સાંભળવામાં રે;
પ્રીતિવાળા છે તેય. અર્જુન. ૯
જે કાંઇ સ્થાવર જંગમ પ્રાણીઓ, ઉપજે છે રે;
બ્રહ્માંડે અપ્રમાણ. અર્જુન.
તેને ક્ષેત્રજ્ઞ તેમજ ક્ષેત્રના, સંયોગે રે;
ઉપજેલાં તું જાણ. અર્જુન. ૧૦

પદ ૫ મું. રાગ ગઝલ બુલબુલ.

કૃષ્ણ—વિનાશી સર્વ ભૂતોમાં પરમ ઇશ્વર અવિનાશી,
સમાને જે રહ્યા દેખે જુએ તે સત્ય સુખરાશી. ૧
જુએ ઇશ્વર સમાને જે રહ્યો સૌમાં અવિકારી,
હણે—ના આત્મ આત્માથી રજો ગતિ ઉચ્ચ તે સારી.
અને કર્મો કરાતાં જે જુએ છે પ્રકૃત્તિથી તે
અકર્તા જેય આત્માને જૂએ છે સત્ય હા તે તે. ૩
ભૂતોના ભિન્ન ભાવોને રહ્યા એકે જુએ જ્યારે,
તથા વિસ્તાર તેમાંથી બને તે બ્રહ્મરૂપ ત્યારે. ૪
અનાદી નિર્ગુણો તેથી અવિનાશીજ પરમાત્મા,
રહ્યો કૌંતેય ! પણ દેહે, કરે લેપાય ના આત્મા. ૫

ગગન જેમ સુક્ષ્મતાથી આ બધે વ્યાપ્યું ન લેપાયે,
રહે તેમ સર્વ દેહોમાં ન આત્મા લેશ લેપાયે. ૬
પ્રકાશે સર્વ આ લોકો યથા રવી એક ભારત ! હા !
તથા ક્ષેત્રી પ્રકાશે છે. બધાં ક્ષેત્રોજ સમજી જા. ૭
અરે ! જે ક્ષેત્ર ક્ષેત્રીનો ખરો જે ભેદ એ રીતે,
તથા મુકિત પ્રકૃત્તિથી ભુતોની જ્ઞાન દૃષ્ટિએ. ૮
ખરૂં તે તત્ત્વ જે જાણે પરમ તે બ્રહ્મને પામે,
રમે તે રંગમાં રાચી અભિન્ને હા ! મણિરામે. ૯

ઇતિશ્રી તેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૪ મો.

કૃષ્ણ— પદ ૧ લું. રાગ નાથ કૈસે ગજકો૦

ફરી શ્રેષ્ઠ જ્ઞાનોમાં જ્ઞાન કહું તે,
જેને જાણ્યું છે મુનિઓ સહુએ. ફરી૦ ટેક.
અહીંથી પરમ મોક્ષ સિદ્ધિ પામ્યા છે આ જ્ઞાન આશ્રય ધારે
જન્મે મરે ન તે પ્રલયે સર્ગે, સાયુજ્ય સ્વરૂપે મારે ફરી૦ ૧
ભાર ન ગર્ભ મૂકયાનું મારે, સ્થાન ત્રિગુણી છે માયા;
તેમાં ગર્ભ ધરૂં હું તેથી. સૌ ભૂત ઉપજે છાયા. ફરી૦ ૨
કૌંતેય ? સર્વ યોનિયોમાં જે જે, શરીરો ઉત્પન થાતાં;
બીજ દેનારો બાપ હું તેનો, ત્રિગુણી માયા તેની માતા. ફરી. ૩
પ્રકૃત્તિમાંથી પેદા થયેલા, તમ રજ સત્વ ગુણોએ;
અવ્યય આત્માને મહા બાહુ ! દેહે તે બાંધી દે છે. ફરી. ૪

નિર્મળ હોવાથી જ પ્રકાશક, નિર્દોષ સત્વજ તેમાં;
સુખ સંગેને જ્ઞાનના સંગે, બાંધે અનઘ! જીવ એમાં. ફરી. ૫
જાણ આસક્તિ આશા ઉપજાવક, ગુણ રજો રાગ રૂપે;
કૌંતેય ! તે આ જીવાત્માને, બાંધે કર્મ સંગ રૂપે. ફરી. ૬
મોહે સૌ પ્રાણીને તમો ગુણુ, અજ્ઞાને ઉપજેલ જાણો;
તેથી આળસ નિદ્રા પ્રમાદે, ભારત ! બાંધે પીછાણો. ફરી. ૭
ભારત ! સત્વ સુખે જોડે ને, રાજસ કર્મમાં જોડે;
ને તમો ગુણુ તો જ્ઞાન ઢાંકીને, જીવને પ્રમાદમાં જોડે. ફરી. ૮
ભારત સત્વ વધે છે આપે, રજ તમને તિરસ્કારી;
તમ સત્વ જીતી વધે રજ વધતો, તમ તો સત્વ રજ મારી. ફરી.૯

કૃષ્ણ— પદ ૨ જું. રાગ ધન્ય જેણે હરિગુણ૦

જ્ઞાનનો પ્રકાશ સર્વ દ્વારે, આ દેહમાં, જ્ઞાનનો૦ ટેક.
જ્યારે ઉપજે, સત્વ ગુણ ત્યારે, વધુ વધેલ જાણવું જ તારે. આ. ૧.
લોભ ઇચ્છા પ્રવૃત્તિ અશાંતિ, કર્મારંભ વધે જ્યારે. આ. ૨
અર્જુન ! રજોગુણ ખાસ વધેલો, જાણવો નક્કી ત્યારે. આ. ૩
વિવેક ઉદ્યોગે કંટાળો, મોહને પ્રમાદ વધે ભારે. આ. ૪
કુરૂ—નંદન ! તમો ગુણથી થતાં એ, એમ તું દઢ દીલ ધારે આ. ૫

કૃષ્ણ— પદ ૩ જું. રાગ અંતર જામીનું નથી.

વધ્યો સત્વ અતિ હોય ત્યારે, વળી જે જીવ મરે છે. ટેક.
તો જ્ઞાનીના ઉત્તમ લોકે, સહજે તેજ ઠરે રે. વ૦ ૧
રજો ગુણે મરતાં માનવને, લોકે જન્મ ધરે છે રે. વ૦ ૨
તમો ગુણે મરતાં મુઢયોનિ, પાશવ જન્મ જડે છે રે. વ૦ ૩
સાત્વિક કર્મ તણું ફળ નિર્મળ, કહેલ પુણ્ય ખરે છે રે વ૦ ૪
રજનું ફળ દુઃખ તમો ગુણનું, ફળ અજ્ઞાન ખરે છે રે. વ૦ ૫

કૃષ્ણ— પદ ૪ થું. રાગ બિહાગ—ગઝલ.

ઉપજે સુજ્ઞાનજ સત્વથી, ને લોભ થાતો રાજસે;
અજ્ઞાન મોહ પ્રમાદ તે, સૌ થાય છે હા ! તામસે. ૧
સત્વસ્થ ઉંચે જાય છે, મધ્ય રહે છે રાજસી;
ગુણ વૃત્તિ હલકીમાં રહી, નીચેજ જાતાં તામસી. ૨
કર્તા ન ગુણથી અન્યને, જ્યારે જુએ દૃષ્ટા ખરે;
આત્મા ગુણો પર જાણતાં, મદ્રૂપતા પામે તરે. ૩
જીવ દેહ બીજ ત્રિગુણનો, પરિત્યાગ કરતાં દુઃખને;
મૃત્યુ જરાને જન્મથી, રળી મુક્તિ પામે સુખને. ૪

પદ ૫ મું. રાગ ગીતી.

અર્જુન—ત્રિગુણ ઉલંઘી ગયેલો કયા લક્ષણ વાળો પ્રભુ હોય કહો.
આચારો કેવાને, કેમ ત્રિગુણ ઓળંગે તેય કહો. ૧

પદ ૬ ઠું રાગ ઠીંટી.

કૃષ્ણ—પ્રકાશ પ્રવૃત્તિને મોહ વધેલાં ને,
દ્વેષ પણ કરે ન તેમ ટળેલાંને;
રાગ રાખી વધાર્યાં ચહે ન કયારે,
ગુણાતીત પાર્થ જાણવો જ ત્યારે. ૧
ઉદાસીન પેઠે રહી ગુણે ચળે ના,
ગુણો સર્વ કરે જાણીને ડરે ના;
એમ નિશ્ચયથી સ્થીર તે ઠરે છે,
ને કશાં એ કર્મ નાંજ તે કરે છે. ૨
સ્વસ્થ દુઃખ સુખમાં સમાન દૃષ્ટિ,

સોનું ઢેફું પથ્થરમાં સમાન દૃષ્ટિ;
તુલ્ય અપ્રિય ને પ્રિય ધીર ધ્યાને,
તુલ્ય નિંદાને આત્મ સ્તુતિ માને. ૩
તુલ્ય માન અપમાન શત્રુ મિત્ર,
પક્ષ તુલ્ય સર્વ કર્મ ત્યાગી મિત્ર;
ગુણાતીત કહેવાય તે મને જે,
અનન્ય ભક્તિ યોગથીજ જે ભજે તે. ૪
ઉલંઘી જાય ગુણો બ્રહ્મ રૂપ થાવા,
મને યોગ્ય; બ્રહ્મ સ્થાન હુંજ જાવા;
સુધા ધર્મ અચળ હુંજ અવિનાશી,
એકાંતિક સૂખ રામ મણિરાશી. ૫

અધ્યાય ૧૪ મો સમાપ્ત.

પુરૂષોત્તમ યોગ.

અધ્યાય ૧૫ મો.

પદ ૧ લું રાગ પુનમચાંદની.

કૃષ્ણ—ઉંચાં મૂળ નીચે શાખા અવિનાશી પીપળોરે,
વેદો પાન જાણુ તેનો વિદ વેદ ગણાય,
ઉંચે નીચે તેની શાખાઓ પ્રસરી રહીરે,
વિષયો પલ્લવવાળી ગુણથી વધી જણાય. ઉંચાં. ટેક.

કર્મ અનુબંધન તણાં મનુષ્ય લોકે મૂળ,
ગુંથાયેલ પરસ્પરે કર્મ બીજ અનુકુળ,
એનો આદિ મધ્ય કોઇ અંત જાણી શકતું નથીરે,
આનું એવું અહીં આ રૂપ ન જાણી શકાય,
અતિશય દૃઢ મૂળવાળો જગતરૂપએ પીપળોરે,
દૃઢ વૈરાગ્યરૂપ હથિયાર વડેજ કપાય.　　ઉંચાં૰ ૧
ત્યાર પછી તે પદ અતિ યોગ્ય શોધવા જાય,
જે પદને પામ્યા પછી ફરી જન્મ નવ થાય.
તે આદિ પુરૂષને શરણે છું એ ભાવથીરે,
જેથી પ્રસરી પ્રવૃત્તિ આ અનાદિનીજ,
જીત્યા સંગ દોષ જે માન મોહથી રહિત છેરે,
ઇચ્છાઓ ગઇ રાખી આત્મિય ચિંતનનીજ.　　ઉંચાં૰ ૨
સુખ દુઃખ નામકદ્વંદ્વથી મુકત અતિશય એજ,
અવ્યય પદ તે પામતા, જ્ઞાની પુરૂષો તેજ.
રવી શશિ અગ્નિ તેને પ્રકાશ કરી શકતા નથીરે,
જ્યાં જઈ પાછું વળાય—ન તે મમ ઉત્તમ ધામ,
જગમાં જીવરૂપ મારોજ સનાતન અંશ છેરે,
તે ખેંચે મન ઇંદ્રિય પ્રકૃત્તિ ગત ખટ નામ.　　ઉંચાં. ૩
જ્યારે જીવ તન છોડતો જ્યારે પામે દેહ,
પુષ્પ ગંધ વાયુ યથા. તે લઇ જાયે તેહ.
આંખો કાન ત્વચા રસના ઘ્રાણેન્દ્રિય સાથમાંરે,
મનનો આશ્રય કરી વિષયોનો લે ઉપભોગ,
ઉઠતા રહેતા ભોગવતા ગુણવાળા જીવનેરે,
દેખે જ્ઞાન-ચક્ષુ પણ નવ દેખે મુઢ લોક.　　ઉંચાં૰ ૪

યત્નવાન યોગીજનો જુએ બુદ્ધિમાં સ્થિત,
યત્ન કરે અવિવેકીના દેખે અશુદ્ધ ચિત્ત,
સૂર્ય તેજ રહ્યું જે શશિમાં જે જે અગ્નિમાંરે,
પ્રકાશે વિશ્વ અખિલ તે તેજ મારૂં તું જાણ,
ભૂતો ધારૂં હું પૃથ્વીમાં પેસી બળવડેરે,
રસાત્મ શશિ થઇ પોષું સૌ ઔષદ્ધિ પિછાણ. ઉંચાં. ૫
જઠરાગ્નિ થઇ પ્રાણીના દેહ આશ્રિતે સાર,
પ્રાણ અપાને પરજળી અન્ન પચાવું ચાર.
હું પેઠેલો છું વળી પાર્થ ! સર્વના હૃદયમાંરે,
મુજથી સ્મૃતિ જ્ઞાનને એઉનો અભાવ થાય,
તેમજ હું જ જાણવા યોગ્ય સર્વ વેદો વડેરે,
હું વેદાંત પ્રવર્તક વેદ જાણુ શુચી કાય. ઉંચાં. ૬
એ પુરૂષો આ લોકમાં ક્ષર અક્ષર સમજુત,
અક્ષર કૂટસ્થે કહ્યો ને ક્ષર સર્વે ભૂત.
ઉત્તમ પુરૂષ અન્ય પરમાત્મા તે કહેવાય છેરે,
ત્રિલોકે પેઠો ઇશ્વર અવ્યય ધારક તેજ,
ઉલંઘું ક્ષર ઉત્તમ અક્ષરથી હું તે કારણેરે,
લોકે વેદે પુરૂષોત્તમ છું પ્રસિદ્ધ એજ, ઉંચાં૦ ૭
ભારત ! જે સંમોહથી રહીત થઇને ખાસ,
જાણે પુરૂષોત્તમ રૂપે એ રીતે મમદાસ.
તે સર્વજ્ઞ ભજે છે ભકિત ભાવથી મુજનેરે,
એ રીતે છાનું અત્યંત શાસ્ત્ર કહ્યું આજ,
ભારત ! મેં તે જાણી બુદ્ધિવાન થવાય છેરે,
રામ મણિ મળતાં તો કૃતાર્થતા શીરતાજ. ઉંચાં૦ ૮

ઇતિશ્રી પંદરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૬ મો.

પદ ૧ લું. રાગ આજ રસિયો હાલ્યા.

કૃષ્ણ—દાન યજ્ઞ અભય વેદ–પાઠ યોગમાં સ્થિતી,
યોગમાં સ્થિતી દમ તપ સરળતા અતી. દા૦ ટેક.
ચિત્ત શુદ્ધ ભુતે દયા, ત્યાગ શાંતિ જન લાજ,
ચાડી નહી અક્રોધને સત્ય અહિંસા સાજ.
અચળતા સુનમ્રતા ન લોલુતા થતી,
લોલુતા મતી ક્ષમા ધૃત્તિ શૌર્યમાં મતી. દાન૦ ૧
દ્રોહ પરાયોને અતિ પૂજ્ય ભાવનો ત્યાગ,
દૈવી સંપત્તિ જન્મનો ભારત ! તેજ સુભાગ,
તેમ દંભ દર્પ ક્રોધ અતિ કઠણ સરસ્વતિ,
કઠણ સરસ્વતિ તથા અભિમાનની વૃત્તિ. દાન૦ ૨
અસુરી સંપત્તિ જન્મતાં પાર્થ ! અતિ અજ્ઞાન.
દૈવી સંપત્તિ મોક્ષ છે અસુરી બંધન માન.
પાંડવ ! ન શોચ જન્મ દૈવી સંપત્તિ,
દૈવી સંપત્તિ તારામાં જન્મથી છતિ. દાન૦ ૩
ભુત સર્ગ આ લોકમાં દૈવ અને આસુર,
દૈવ કહ્યો વિસ્તારથી હવે કહું આસુર,
સાંભળજે પાર્થ ! મુજથી ધરી ધૃત્તિ,
મુજથી ધરી ધૃત્તિ ચિતને રાખી નિવૃત્તિ. દાન૦ ૪

પદ ૨ જું. રાગ સદર.

કૃષ્ણ–લોક આસુરી અધર્મ ધર્મ જાણતા નથી,

જાણુતા નથી ને શૌચ પાળતા નથી. લોક૦ ટેક૦

તેઓમાં નથી સત્યને લમ આચાર ન છેજ,
જગ મિથ્યા કર્ત્તા ન કો કહે અનીશ્વર તેજ,
કામે પ્રેર્યાં નારીને નરથી તે ઉપજેજ.

કામવિના હેતુ અન્ય સમજતા નથી,
સમજતા નથી દૃષ્ટિ છોડતા નથી. લોક૦ ૧

નષ્ટાત્મા થોડી મતિ એ દૃષ્ટિ આધાર,
ઉગ્ર કર્મીઓ જન્મતા જગ હિત ક્ષય કરનાર,

દુર્ભર કામ આશ્રયે દંભ ત્યાગતા નથી,
ત્યાગતા નથી મદે માન મૂકતા નથી. લોક૦ ૨

અશુભ નિશ્ચયો પકડતા તે મેલા વ્રતવાન
મોહ વડે કર્મો કરી થાતા અતિ હેરાન.

જે અમાપ એવી મૂવે છુટતી નથી,
છુટતી નથી ચિંતા ત્રુટતી નથી. લોક૦ ૩

કામજ ભોગજ પરમ છે એવા નિશ્ચયવાન,
આશા પાશ શત-બદ્ધ તે કામ ક્રોધ પ્રિય ધ્યાન.

કામ ભોગ કાજ અર્થ સંચતા-મથી,
સંચતા-મથી ઇચ્છા વિસરતા નથી. લોક૦ ૪

પદ ૩ જું. રાગ સફર.

આજ મેળવ્યું મેં આ મનોરથ મળશે આ મને,
મળશે આ મને મારૂં પણ છેજ આ ધને, આ૦ ટેક.

આ ધન પણ મારૂં થશે હણ્યો શત્રુ મેં આજ.
હણીશ બીજા પણ; સિદ્ધ હું ઇશ્વર ભોગીરાજ.

હું છું બળવાન સુખી હું ધનાઢ્યને,
હું ધનાઢ્યનેજ હું છું ખાનદાન તે. આ૦જ૦ ૧
યજ્ઞો દાન કરીશ હું મુજ સમ બીજો કોણ,
હર્ષ અતિ પામીશ હું મારામાં શું જોણ.
એવા અજ્ઞાને બકે મોહીને મને,
મોહીને મનેજ ભુલે આપ આપને. આ૦જ૦ ૨
મોહ જાળ ઘેરાયલા ભ્રાંતિ ચિત્ત અનેક,
કામ ભોગ લાલચુ પડે અશુચી નર્કે નેક,
આત્મશ્લાઘી સ્તબ્ધ ધન મદાદિ માનને,
મદાદિ માનને પુજે તે યજ્ઞ નામને. આ૦જ૦ ૩
દંભે અવિધિપુર્વકે ક્રોધ દર્પને કામ,
અહંકાર બળ આશ્રયે ચડતી ન ખમે આમ,
નિજપર તન આત્મ દ્વેષ ખુબ કરે અને,
ખુબ કરે અને બહુ તે દ્વેષતા મને. આ૦જ૦ ૪
ક્રુર નરાધમ દ્વેષીને યોનિ આસુરીમાંજ
અશુભે ફેંકું નિત્ય હું જન્મ જન્મ મુદરાજ,
ના મને મળેજ પામી ક્રુર જન્મને,
ક્રુર જન્મને ગતિ રળેજ નીચને આ૦જ૦ ૫
આત્મ ઘાતકા ત્રિવિધિ આ દ્વાર નર્ક તેથીજ
કામ ક્રોધને લોભ તે તજવાં ત્રણે અટેજ,
નર્ક દ્વાર આ ત્રણેથી મુક્તિ થાયને,
મુક્તિ થાય ને કરેજ આત્મ શ્રેયને. આ૦જ૦ ૬
તેથી પરમ ગતિ રળે નર કહું છું કૌંતેય,

શાસ્ત્ર વિધિ તજી વર્તતો જે નિજ ઇચ્છા એય,
તે—ન સિધ્ધિ શ્રેષ્ઠ ગતિ સુખ રજો અને,
સુખ રજો અને કહું છું ખાસ એ તને. આજ૦ ૭
નિર્ણય કાર્ય અકાર્યનો કરવા શાસ્ત્ર પ્રમાણ,
લેવું જાણી શાસ્ત્રને તે વિધિએ નિર્વાણ,
કરવાં અહિં કર્મ યોગ્ય પાર્થ ! છે તને
પાર્થ ! છે તને સદા મણિરામ રામને. આજ૦ ૮

ઇતિશ્રી સોળમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૭ મો.

પદ ૧ લું રાગ ગીતી.

અર્જુન—શાસ્ત્ર વિધિ પરિત્યાગી, તમને પૂજે શ્રદ્ધાથી જ અહો,
તેની નિષ્ઠા કેવી સાત્વિક રાજસ તામસ કૃષ્ણ ! કહો. ૧

પદ ૨ જું રાગ હુંડીનો.

કૃષ્ણ—ત્રિવિધ શ્રદ્ધા થતી માનવીને, સ્વભાવ જન્ય સાંભળજે.
રાજસી સાત્વિકી તામસી તે અર્જુન ! તું સાંભળ જે ટેક.
અંતઃકરણરૂપે થતી, શ્રદ્ધા સૌની ગણાય,
શ્રદ્ધામય આ પુરુષ છે, શ્રદ્ધા જેની જેવી તેવો તે થાય રે.અ ૧
રાજસ રાક્ષસ યક્ષનો સાત્વિક પૂજે દેવ,
ભૂત પ્રેત ગણ અન્ય તે, પૂજે તામસ લોકની ટેવ રે. અ. ૨
શાસ્ત્ર વિરૂદ્ધ તપ જે તપે, અહંકારી જન ઘોર,

કામ રાગના બળવડે દંભવાળા રાખે ઘણું જોર રે. અ. ૩
તનમાં રહ્યાં મને તથા ભુત સમુહ તનનાજ,
ને સુકવે અવિવેકથી રે, તેને જાણુ આસુર નિષ્ઠાવાળાજ રે.અ.૪
સૌને વ્હાલો હોય છે, ત્રણ પ્રકાર ખોરાક
તથા યજ્ઞ તપ દાનનો, ભેદ સાંભળ આ તેજ ટળે થાક રે.અ.૫
ઉમર સત્વ બળ સુખ રૂચી, વૃદ્ધિકર આરોગ્ય,
સ્વાદુ સ્નિગ્ધ સ્થિર મન મીઠા,એવા ખોરાક સાત્વિકને ભોગ્યરે અ.૬
કટુ ખાટા તીખા લુખા, દાહક ઉના ખાર,
રાજસ પ્રિય ખોરાક તે, શોક દુઃખ રાગ ઉપજાવનાર રે. અ.૭
અર્ધ પક્વ દુરગંધીને, ટાઢું એઠું અન્ન,
યજ્ઞે જે અયોગ્ય તે, વ્હાલું તામસને તેજ ભોજન. અ. ૮

પદ ૩ જું રાગ ઓધવજી સંદેશો.

ફળ-ફળ ઇચ્છા વિણુ શાસ્ત્ર વિહિત કર્મો કરે,
કર્તવ્ય રૂપે મન નિશ્ચિત સાત્વિક જો;
ફળ ઉદ્દેશે દંભે જે યજ્ઞો કરે,
અર્જુન! જાણવા તે યજ્ઞો રાજસિક જો. ફળ. ૧
શ્રદ્ધા મંત્ર વિધિને દાનજ અન્નનું.
દક્ષિણા હિણુ તામસ યજ્ઞ ગણાયજો;
આર્જ શુ઼ દ્વિજ દેવ પુજાને પવિત્રતા,
બ્રહ્મચર્ય હિંસા ન સરળ પણ થાય જો. ફળ. ૨
શરીર સંબંધી તપ તે એજ ગણાય છે,
(ને) વાક્ય સત્ય પ્રિય હિત ઉદ્વેગ રહિત જો;

વેદ પાઠ અભ્યાસ કરે જે નિરંતરે,
તે વાચિક તપ ગણાય છે જ ખચીત જો. ફળ૦ ૩

મન પ્રસન્ન સૌજન્ય મૌન ચિત્ત નિગ્રહે,
હૃદય શુદ્ધિ એ તપ માનસ લેખાય જો;
ફળ ઇચ્છા તજી આ તપ ત્રિવિધ તપે જનો,
મુક્ત પરમ શ્રદ્ધા સાત્વિક ગણાય જો. ફળ. ૪

માન પૂજા સ્તુતિ અર્થે તપ દંભે કરે,
તે અહિં અધ્રુવ ચળ રાજસ કહેવાય જો;
દેહ પીડી દુરાગ્રહથી તપ જે કરે,
પર વિનાશ અર્થે તામસ લેખાય જો. ફળ. ૫

દાન અવશ્યે કરવા યોગ્ય જ માનીને,
અનુપકારીને જે આપે દાન જો;
ઉત્તમ દેશે કાળે ઉત્તમ પાત્રને,
તેને સાત્વિક મેંજ કહ્યું છે દાન જો. ફળ. ૬

પ્રતી ઉપકાર તણી આશા એ કે વળી,
મનમાં ફળ ધારીને આપે દાન જો;
ક્લેશ યુક્ત અતિશય તે દાન ગણાય છે.
તેને મેં કહ્યું રજોગુણી તું માન જો. ફળ. ૭

અદેશ કાળે અપાત્રને જે દાન દે,
સ્તુતિ માનવિણ તેને તામસ જાણજો;
ઓમ તત્સત્ એ બ્રહ્મ નામ ત્રિવિધે કહ્યા,
તેથી પૂર્વે સરજ્યા યજ્ઞ દ્વિજ વેદ જો. ફળ. ૮

પદ ૪ થું રાગ લાવણી.

તે માટે ૐ એમ કહીને યજ્ઞ દાન તપ ક્રિયા કરે,
બ્રહ્મવાદીઓ યથા વિધિથી, કરે ક્રિયાઓ નિરંતરે. ૧
મોક્ષેચ્છુ તત્ એમ કહીને, ફળનો ત્યાગ કરીને તે,
દાન યજ્ઞ તપ વિવિધ ક્રિયાઓ, કરે તરે ઝટપટ ચેતે. ૨
સદ્ભાવે ને સાધુ ભાવે, સત્ જોડે એમ જ નમે,
શ્રેષ્ઠ કર્મમાં તેમજ સત્ એ, શબ્દ પાર્થ ! જોડે હામે. ૩
દાને યજ્ઞે તપે સ્થિતિમાં એમજ સત્ એ કહેવાયે,
તે અર્થે જે કર્મ કરે તે, પણ સત્ એમજ લેખાયે. ૪
અશ્રદ્ધાથી હોમ્યું દીધું, તપ્યું પાર્થ ! જે કાંઇ કર્યું,
અસત્ બંધુ તે આ પરલોકે, ફળદજ રામ મણિ ન ઠર્યું. ૫

સતરમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૮ મો.

પદ ૧ લું. રાગ ગીતી.

અર્જુન—કેશી—દૈત્ય—નાશ કહે ! હે ! હૃષિકેશ ! મહાબાહુ દેવા;
સંન્યાસ ત્યાગનાં તત્ત્વો, ચહું જાણવા ભિન્ન ભિન્ન એવા. ૧

પદ ૨ જું રાગ નવ જાય ઝબકડી૦

કૃષ્ણ—કામ્ય કર્મો તણાં ફળ ત્યાગને, પંડીતો જ કહે છે
સંન્યાસ પ્રભુ બોલ્યા પ્રેમથી. ટેક.

સર્વ કર્મો તણાં ફળ ત્યાગને વિદ્વાનો જ કહે
ત્યાગ ખાસ. પ્રભુ૦ ૧

દોષ વાળાં કર્મો ઘટે ત્યાગવાં.
કેટલાક પંડીત કહે એમ. પ્રભુ૦
તો બીજા કહે યજ્ઞને દાનને,
તપ કર્મ તજાય ન એમ. પ્રભુ૦ ૨

એવા ત્યાગ વિષે નિશ્ચય માહરો,
તું સાંભળજે ભરત–કુળ–શ્રેષ્ઠ. પ્રભુ૦
નરવ્યાઘ્ર ! એ નિશ્ચય ત્યાગનો.
કહેલો છે ત્રિવિધ રૂપ ઇષ્ટ. પ્રભુ૦ ૩

યજ્ઞ દાન તપાદિક કર્મ તે,
ઘટે તજવાં ન, કરવાં ઘટેજ પ્રભુ૦
તે કરે પવિત્ર બુદ્ધિવાનને,
દાન યજ્ઞ ને તપ કર્મ તેજ પ્રભુ૦ ૪

અભિમાન કર્ત્તાપણાનું તજી,
બધાં કર્મો તે કરવાં ઘટે જ. પ્રભુ૦
પાર્થ ! મારો નક્કી તું જાણજે,
એવો ખાસ ઠરાવ જ છેજ. પ્રભુ૦ ૫

તેમ ત્યાગ તો નિત્ય કર્મો તણો,
નથી સંભવતો મહા–ભાગ. પ્રભુ૦
પરિત્યાગ કરે તેનો મોહથી,
કહેવાય તે તામસ ત્યાગ. પ્રભુ૦ ૬

કાયા ક્લેશ ભયે દુઃખ રૂપ તે,
ગણી કર્મો કરે છે જે ત્યાગ. પ્રભુ૦
ત્યાગનું ફળ તેને જડે નહી,
તે તો રાજસ ત્યાગ વિભાગ. પ્રભુ૦ ૭
માત્ર કર્તવ્ય છે એમ માનીને,
નિત્ય કર્મો કરે અર્જુન ! પ્રભુ૦
સંગ ને ફળ છોડી જે તેહનો,
ત્યાગ સાત્વિક માન્યો મેં ધન્ય. પ્રભુ૦ ૮
ત્યાગી સત્વ ગુણે ભરપુરને,
બુદ્ધિમાન સંશયથી રહિત પ્રભુ૦
કર્મ અકુશળનો દ્વેષ ના કરે,
કર્મ કુશળે ધરે ન તે પ્રીત. પ્રભુ. ૯
દેહ ધારી ન કોઇ સશક્ત છે,
કરવા કર્મોનો ત્યાગ અશેષ. પ્રભુ૦
તેથી ત્યાગી જે કર્મ ફળો તણો,
તેજ ત્યાગી ગણાય વિશેષ. પ્રભુ૦ ૧૦

કૃષ્ણ— પદ ૩ જુ. રાગ પ્રભાતિ.

અપ્ય ખાટાં મીઠાં ત્રિવિધ કર્મો ફળો, મૃત્યુ પશ્ચાત થાયે તથાપિ.
કર્મ ફળ ત્યાગ જે, ના કરે તેહને, ત્યાગી સંન્યાસીને ના કદાપિ. ૧
હે ! મહા બાહુ ! સૌ કર્મની સિદ્ધિનાં, કારણો પાંચ આજે કહું છું.
કર્મ સમાપ્તિ કર સાંખ્ય શાસ્ત્રે કહ્યાં, નક્કી કરતું હવે મુજ વડેતું. ૨
કરણ નાના વિધિ તેમ કર્તા તથા, આ અધિષ્ઠાન મુખ્યે ગણાતું.
પ્રથક નાના વિધિ જાણ ચેષ્ટા તથા, પાંચમું દૈવ પણ અહિં ગણાતું. ૩

શરીર વાણી મને કર્મ જે આદરે, માનવી જે કરે તે બધામાં.
ધર્મરૂપે અગર રૂપ અધર્મ જે પાંચ હેતુજ એ તે બધામાં. ૪
આમ સૌ કર્મમાં છે છતાં પણ વળી, જે જુએ માત્ર કર્તાજ આત્મા
શૂન્ય વિવેક બુદ્ધિ અતિ દુર્મતિ, દેખતો તે ન અંધો દુરાત્મા. ૫
"હું કરૂં" ભાવ એ છે નહિં જેહને, બુદ્ધિ તેની કદી ના લીપાતી,
તે જ આ લોકમાં છો હણે તોય તે, ના હણે ના દશા બદ્ધ થાતી. ૬
જ્ઞાનને જ્ઞેય જ્ઞાતા ત્રિપુટી ખરી, કર્મને પ્રેરનારી જણાતી,
કરણ કર્ત્તા તથા કર્મ ત્રિપુટી ખરી, કર્મના સંગ્રહે તે ગણાતી. ૭

પદ ૪ મું રાગ ચીચોડાનો.

સાંખ્ય શાસ્ત્રે કર્મ જ્ઞાનને, કર્ત્તા ગુણ ભેદે ત્રિવિધ કહેલ.
તે સૌ આજ યથાર્થ તું રે, મારાથી જ સાંભળીને સહેલ
પ્રભુ બોલ્યા પ્રેમથી. ટેક.

સર્વ ભૂતોમાં જેવડે, દેખે વ્યાપક અવ્યય એક,
ભેદવાળામાં અભેદ ને રે, જાણ સાત્વિક જ્ઞાન તે નેક. પ્ર. ૧
સર્વ ભૂતોમાં જેવડે, ભિન્ન ભિન્ન જુદાપણું જોય,
દેખે ભેદ પરસ્પરે રે, જ્ઞાન રાજસી જાણવું સોય. પ્ર. ૨
યુક્તિ વિનાને દુરાગ્રહે, અલ્પ અર્થને તત્વ જરાક,
પુરૂં જુએ કોઇ એક કાર્યમાં રે, એ તો તામસ જ્ઞાનની છાક. પ્ર. ૩
રાગ દ્વેષને સંગ વિના, નક્કી કરેલું કર્મ કરાય,
ફળ ઇચ્છા વિણ કર્મ તે રે, સાચું સાત્વિક તેજ ગણાય. પ્ર. ૪
ફળ ઇચ્છા ધરી જે કર્યું, કર્મ સાથે વળી અહંકાર.
કરવું જે અતિ દોહીલું રે, કર્યું રાજસ તે નિરધાર. પ્ર. ૫
હિંસા ક્ષય પરિણામનો નિજ શકિતનો નાજ વિચાર,

મોહે આરંભાય તે રે, કહ્યું તામસી કર્મ અસાર. પ્ર. ૬
ઉત્સાહી ધીર અસંગો, સિદ્ધિ અસિદ્ધિમાં ન વિકાર,
કર્તા અનહંકારી તે રે, કહેવાય સત્વગુણી સાર. પ્ર. ૭
અશુચી હિંસક લોભીયો, હર્ષ શોકાદિની ખાણ.
કર્તા કર્મ ફળેચ્છુ જે રે, રાગી તે કહ્યો રાજસ જાણ. પ્ર. ૮
સ્તબ્ધ પ્રાકૃત શઠ આળસુ, નિષ્કૃતિક અયુકત અસાજ,
દીર્ઘસુત્રીને વિષાદી તે રે, કર્તા લેખાય તામસ રાજ. પ્ર. ૯

પદ ૫ મું રાગ પુનમચાંદની.

કૃષ્ણ—સાંભળ બુદ્ધિ ધૃતિના ભેદો ત્રિવિધ ગુણો વડે રે.
ધનંજય ભિન્ન ભિન્ન કહું બાકી ન રહે એમ,
કાર્ય અકાર્ય ભયાભય બંધ મોક્ષને નિવૃત્તિ રે;
પ્રવૃત્તિ જાણે બુદ્ધિ તે સાત્વિક તેમ. સાંભળ ટેક.
કાર્યોકાર્ય અધર્મને, તેમજ ધર્મ યથાર્થ,
જેથી જીવ જાણે ન તે, બુદ્ધિ રાજસી પાર્થ;
માને ધર્મે અધર્મે અજ્ઞાને ઢંકાઇને રે,
વીપરીત સૌ અર્થો તે બુદ્ધિ રાજસી પાર્થ.
નિરોધે જે ધૃત્તિએ મન ઇંદ્રિય પ્રાણ ક્રિયા બધી રે,
એકજ નિષ્ઠા યોગે ધૃતિ તે સાત્વિક પાર્થ. સાં. ૧
ધર્મ કામ અર્થો ધરે, જે વૃત્તિ એ અર્જુન !
ટાણે ફળ ઇચ્છે ધૃતિ, રાજસ પાર્થ ! પતન.
જેથી દુર્બુદ્ધિમદ નિદ્રા વિષાદ શોકને રે,
ભય છોડે નહી ધૃતિ તે પાર્થ ! તામસી જાણ;
સાંભળ ભરત-શ્રેષ્ઠ ! વળી હાલ ત્રિવિધ સુખ જેહમાં રે,

અભ્યાસે રમતાં દુઃખ અંત પમાય પ્રમાણ. સાં. ૨
આરંભ વિષ રૂપ જે, અમૃત રૂપ પરિણામ,
આત્મિય બુદ્ધિ પ્રસાદનું, તે સાત્વિક સુખ ધામ;
વિષયેંદ્રિય સંયોગિક પ્રથમ અમૃતરૂપ જે રે,
પરિણામે વિષ જેવું, તે સુખ રાજસ છે જ.
જે સુખ પ્રથમે અંતે, મોહ પમાડે બુદ્ધિને રે,
ઉપજ્યું આળસ પ્રમાદ ઉંઘે તામસ તેજ. સાં. ૩
પ્રકૃત્તિના ગુણથી રહિત વળી કોઇ પણ ચીજ,
પૃથ્વિમાં નથી સ્વર્ગમાં, દેવીમાંય નથી જ;
પરંતપ ! બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શુદ્રનાં કર્મ તું રે,
સાંભળ ભિન્ન ભિન્ન ઉપજ્યાં ગુણ સ્વભાવથીજ;
શમ દમ જ્ઞાન સરળતા, ક્ષમા શૌચ આસ્તિકતારે,
તપ વિજ્ઞાન કર્મ બ્રાહ્મણનાં સ્વભાવથી જ. સાં. ૪
શુર તેજ ધૃત્તિ ચતુરતા, યુદ્ધે હઠે ન રાવ,
સત્તા દાનેશ્વરપણું, ક્ષત્રી કર્મ સ્વભાવ;
સ્વાભાવિક વૈશ્ય કર્મ ગોપાળ ખેડ વેપાર છે રે,
સેવા શુદ્રોનું સ્વાભાવિક કર્મજ તેમ.
નિજ નિજ કર્મે નિષ્ઠાવાળા નર સિદ્ધિ રળે રે,
નિજ કર્મે નિષ્ઠાથી સિદ્ધિ મળે સુણ જેમ. સાં. ૫
જેથી ભૂત ઉપજ્યાં જ આ જેણે વ્યાપ્યું સર્વ,
નિજ કર્મે તેને ભજી, રળે સિદ્ધિ નર સર્વ;
સોહિલા પરધર્મોથી, કઠણ સ્વધર્મ જ શ્રેષ્ઠ છે રે,
સ્વભાવે ઉપજ્યાં કર્મો કરતાં પાપ ન થાય;

ન તજવાં દોષિત પણ કૌંતેય સ્વાભાવિક કર્મને રે,
સૌ કર્મો દોષે જ્યમ અગ્નિ ધૂમે છવાય. ભાં. ૬

પદ ૬ ઠું. રાગ ઓત્રવજી સંદેશો.

કૃષ્ણ—મન જીતનારો ઇચ્છા છોડી સર્વમાં,
લાલચ વાળી બુદ્ધિના કરી નાશજો,
તે ઉત્તમ નૈષ્કર્મ્ય સિદ્ધિજ રળે ખરો,
સંન્યાસે તે ગતિ મળે છે ખાસ જો. મન ૧
જેમ રળી સિદ્ધિ ને પામે બ્રહ્મ તે,
શ્રેષ્ઠ જ્ઞાન નિષ્ઠા જે કહું કૌંતેય જો;
સંક્ષેપે નક્કી કર હું થી ધૈર્યતા,
દઢ ચિત્ત યુક્ત વિશુદ્ધ બુદ્ધિ જેય જો. મન૦ ૨
તજી શબ્દાદિ વિષય દ્વેષ તજી રાગને,
મિતાહાર એકાંત વાસ મન કાય જો;
વાણી જીતી ધ્યાન યોગમાં પ્રેમથી,
અહી વૈરાગ્ય પરાયણ રહે સદાય જો. મન૦ ૩
કામ ક્રોધ બળ દર્પ પરિગ્રહ હુંપણું,
મમતા તજી જે શાંત થાય શુચી—કાય જો;
બ્રહ્મ સ્વરૂપ થવાને યોગ્ય જ તે બને,
બ્રહ્મ ભુત તે પ્રસન્ન ચિત સદાય જો. મન ૪
ઇચ્છા શોચ ન તેમજ સર્વે ભુતમાં,
પરમ ભક્તિ મમ તેને પ્રાપ્તજ થાય જો;
મને કરે ભક્તિથી સાક્ષાત્કાર તે,
જેવો હું જે યથાર્થ તેહ જણાય જો. મન૦ ૫

પેસે મુજમાં જાણી મુજને તત્વથી,
સર્વ કર્મ કરતાં પણ મારે શર્ણ જો;
સદા રહી મારા પ્રસાદથી પામતો,
શાશ્વત અવ્યય પદ મારૂં જ અવર્ણ્ય જો. મન૦ ૬

પદ ૭ મું રાગ હીંડી.

કૃષ્ણ–અર્પ સર્વ કર્મ મન વડે મને તું,
વળી ખાસ બુદ્ધિ યોગ આશ્રયે તું;
હુંમાં ચિત્ત રાખ મત્યરાયણે થા,
નિત્ય મારામાં ચિત્ત રાખતાં હા ! ૧

સર્વ સંકટો તરીશ મુજ પ્રસાદે,
અહંકારથી ન જો શુણીશ વાદે;
નાશ પામીશ તું " લડીશ હું ન " માને,
અહંકાર વડે જો ચુકીશ ધ્યાને. ૨

તે વૃથા જ તારો નિશ્ચય થવાનો,
તને જોડશે પ્રકૃતિ તું જવાનો;
સ્વભાવથી જ કર્મ નિજ વડે બંધાયો,
ચહે કરવા ન જે મોહનો તે પાયો. ૩

તે તું કરશે પરાધીન થઇ તથાપિ,
સર્વ ભૂત હૃદય દેશ વિષે વ્યાપિ;
રહ્યો ઇશ્વર જે ભૂત સૌ ભમાવે,
માયા યંત્ર ચડયાં જેમ એ નચાવે. ૪

પદ ૮ મું રાગ આજ સખી હું તે૦

કૃષ્ણ—સર્વ તેને શરણે તું જાને,
તેના પ્રસાદેથી સ્થાને રે સત્ય ભારતવાણી.
પામીશ ઉત્તમ શાશ્વત શાંતિ,
ધરતાં તે ઇશ્વર ધ્યાને રે સત્ય૦ ૧
છાનામાં છાનું આ જ્ઞાન એ રીતે,
મેં કહ્યું એમ તું માને રે. સત્ય૦ ૨
તે વિચારીને અશેષ પછી તું,
મરજી પ્રમાણે કરી લે રે. સત્ય૦ ૩
અત્યંત સર્વથી છાની ફરીથી,
શુણુ મમ ઉત્તમ વાણી રે. સત્ય૦ ૪
વ્હાલો અતિશય છે મને તેથી.
તુજ હિત માટે કહું છું રે. સત્ય૦ ૫
મન રાખ મારામાં ભક્ત મારો થા,
પૂજ મને મને નમતું રે. સત્ય ૬
સમ ખાઉં સાચા વ્હાલો મને તેથી,
નક્કી પામીશ મને તું રે. સત્ય૦ ૭
સર્વ ધર્મો પરિત્યાગીને મારે,
એકજ શરણે થઇ જા રે. સત્ય૦ ૮
હું મુકાવીશ તને સહુ પાપોથી,
શોક કરીશમાં વ્હાલા રે સત્ય૦ ૯

કૃષ્ણ— પદ ૯ મું. રાગ લાવણી.

તપોહીન ને અભક્તને આ જ્ઞાન કદી જ અપાય નહી,
સેવા નહી કરનારાને મમ દ્વેષીને કહેવાય નહી. ૧
પરમ ગુહ્ય આ જે મમ ભક્તોમાં સ્થાપન કરશે ભટકી,
તે મમ ભક્તિ શ્રેષ્ઠ કરી પામશે મનેજ નક્કી નક્કી. ૨
વળી મનુષ્યોમાં તેથી અન્ય કોઇ નથી અતિશય મારો વ્હાલો
તે માનવથી આ પરલોકે, અન્ય નથી કોઇ મમ વ્હાલો. ૩
આ ધાર્મિક સંવાદ આપણો, પાઠ કરે જે તે પ્યારો,
જ્ઞાનયજ્ઞથી તેણે પૂજ્યો મને નકી એ મત મારો. ૪
શ્રદ્ધાળુ થઈ દ્વેષ તજીને, જે કોઇ નર જે સાંભળશે,
તે પણ મુક્ત બની શુભ લોકે, પુણ્યવાનમાં જઈ મળશે. ૫
પાર્થ ! ચિત્ત એકાગ્રે આ તેં સાંભળીયું કે કેમ ? કહે.
મોહ અને અજ્ઞાન તારૂં તે, નાશ થયું કે કેમ ? કહે. ૬

પદ ૧૦ મું રાગ ગીતી.

અર્જુન—મોહ ટળ્યો સ્મૃતિ લાધી, અચ્યુત આપ પ્રસાદે પામ્યો તે
નિશંક થઈ બેઠો છું, કરીશ હવે હું આપ કહેશો તે. ૧

પદ ૧૧ મું રાગ શું નટવર વસંત થૈ થૈ.

સંજય—એમ વાસુદેવ પાર્થ મહાત્મા તણો અહા !
મહાત્મા તણો અહા ! અરે ! અદ્ભૂત આ મહા !
રૂંવાડાં કરતો ઉભાં, ગુહ્ય અતિ મેં નાદ,
વ્યાસ પ્રસાદે સાંભળ્યો, શ્રેષ્ઠ યોગ સંવાદ;
યોગ કહેતા સાક્ષાત પોતે કૃષ્ણજી અહા,

કૃષ્ણજી અહા હરિ યોગેશ્વરા મહા. એમ. ૧

પાર્થ હરિનો પુણ્યદા. અદ્ભુત આ સંવાદ,
સંભારી સંભારી હું, પુનિ પુનિ હરખું રાજ;
વારંવાર રસા સ્વાદ સ્મૃતિ યાદમાં અહા,
સ્મૃતિ યાદમાં અહા ! વૃત્તિ આહ્લાદમાં મહા. એ. ૨

સંભારી સંભારી તે, અતિ અદ્ભુત હરિ રૂપ,
વિસ્મય અતિશય પામી હું, ફરી ફરી હરખું ભૂપ;
જાય હૃદય બ્રહ્મ–સુધા–નિધિ બુડી અહા !
નિધિ બુડી અહા ? સુ પ્રેમાનંદમાં મહા. એમ૦ ૩

જ્યાં યોગેશ્વર કૃષ્ણને, પાર્થ ધનુર્ધર છેજ,
ત્યાં શ્રી વિજય ભુતિ નીતિ, અચળ મતિ મમ એજ;
રામ કૃષ્ણ કંજ મણિપદ નમું અહા,
પદ નમું અહા અભિન્ન ભાવમાં મહા. એમ૦ ૪

અધ્યાય ૧૮ મો સમાપ્ત.

શ્રી રામકૃષ્ણાર્પણમસ્તુઃ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ ૐ ॥

સ્ત્રી કે પુરૂષ, શ્રીમન્ત કે ગરીબ સર્વેને અતિ ઉપયોગી નીતિ વાંચનનો ઝરો.

ગુજરાતી સંગીત રામાયણ.

(સવૈયા.)

" કામધેનુ સમ છે **રામાયણ**, મનવાંછિત ફળને દેનાર
પ્રભાવ ચિંતામણીના જેવો, કોણ ગુણો જીભથી કેનાર
અદ્ભુત ફુલવાડી **રામાયણ**, રામ ભ્રમરથી શોભે બેશ
રામાયણ જે ઘરમાં રહેતી, ભૂત પ્રેત ના કરે પ્રવેશ

મંત્ર તંત્ર શકુનાવળી સઘળી, **રામાયણ**માં આવી જાય
રમાયણ પર પ્રિત કરે તે, ભાગ્યશાળી મોટા કહેવાય
ત્રેતા યુગના વાલ્મીક મુની તે, કલયુગમાં થયા તુલસીદાસ
મથન કર્યું વાલ્મીકનું તેણે, રચી રામાયણ સુક્ષ્મ ખાસ."

આ પુસ્તક–ભક્તિરસનું પૂર્ણ રીતે પોષણ કરનાર છે. એટલુંજ નહિં પણ સાહિત્ય શાસ્ત્રમાં બતાવેલાં નવે રસપુર છે. એક ચિત્તથી વાંચનારને પુસ્તક રસમાં ડુબાડી દઈ પ્રભુમાં તલ્લીન કરી દે છે. સ્ત્રીઓને સતીના ધર્મનો સરલ માર્ગ બતાવી દે છે. પુરૂષોને એક પત્નીવ્રતનો ઉપદેશ આપે છે. પુત્રોને માતાપિતાની આજ્ઞા પાળવાનો બોધ આપે છે. ભાઈઓને એક બીજા પ્રત્યંત પ્રીતિ રાખી મોટા ભાઈને પિતાતુલ્ય માનવા શીખામણ દે છે. સ્વામી તથા સેવકની અરસપરસ રહેતી ફરજોનો ખરો ખ્યાલ આપે છે. અભિમાન તથા પરસ્ત્રી તરફની પ્રીતિ પાયમાલીનાજ પાયારૂપ બનવાનું સ્પષ્ટ બતાવી આપે છે. ટુંકામા—સ્ત્રી પુરૂષોની સાંસારિક, માનસિક, નૈતિક, ધાર્મિક અને શારીરિક ઉન્નતિ થવામાં ' ગુજરાતી સંગીત રામાયણ ' નું વાંચન ઉમદા સહાય આપનારૂં છે જ્યારે 'રામાયણ' જેવા ગ્રંથનું વાંચન સ્ત્રી પુરૂષોમાં ઉત્તમ બુદ્ધિનો વિકાસ કરે એ દેખીતુંજ છે તો, જેઓ પોતાના ઘરનાં નાનાં મોટાં સ્ત્રી પુરૂષોને પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ, કર્ત્તવ્યપરાયણ જોવા ઇચ્છતા હોય–ગૃહ મન્દિ-

રનો સમ્પૂર્ણ ઉદય ચાહાતા હોય તેવા દરેક સજ્જને આ માન- નિય ગ્રંથને ઘરમાં અવશ્ય રાખવો જોઈએ:—

ચાલુ જમાનાને અતિ પસંદ આવેલા અને નાની મોટી સ્ત્રીઓ પણ સારી રીતે જાણી શકે તેવા પુષ્કળ રાગોમાં ૧૩૫ વિષયવાળાં આ પુસ્તકમાં કાગળ ઉંચા વાપરવામાં આવેલા છે. પુસ્તકનું કદ ડેમી આઠ પેજી, પૃષ્ટ ૩૨૩. બાઇન્ડીંગ પાકું સોનેરી નામોવાળું હોઈ ગ્રંથના અગ્ર ભાગમાં શ્રી રામપંચાયતનનો રંગ બેરંગી ફોટો મુકવામાં આવ્યો છે. પુસ્તકની કીંમત રૂા. ૨ બે. વી. પી. પી. ખર્ચ જુદું.

શ્રીમંત વડોદરા સરકારે લાયબ્રેરી માટે મંજુર કરેલું.

જ્ઞાન વચન.

વ્યવહારોપયોગી વિવેક, ઉદ્યોગ, વિદ્યા સુખદુઃખ. કરકસર, મોટું મન, સખાવત, દયા, સત્ય, પ્રમાણિકપણું, મુર્ખતા શેમાં? ખુશામત, ભલાઈ—ભૂંડાઇ, ચાલચલણ, રાજા, અધિકારી, પ્યાર આશ્રિય રહિત મનુષ્ય, ક્ષમા, નિન્દા, સમયનું મૂળ, માતાપિતાની સેવા, સંતાપ, ગાયન. ખુબસુરતી વાંચન, તન્દુરસ્તી, ઉત્તમતાનો હેતુ, સોબત, માતા પિતાએ ખાસ જાણવાજોગ, ખાસ સ્ત્રીઓ માટે ઉપયોગી, વગેરે વગેરે જુદા જુદા વિદ્વાનોનાં—પુસ્તકોના ભિન્ન ભિન્ન બોધ વચનોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અને તેથી તે શ્રીમંતને સલાહકારક, દરિદ્રિને દિલાસારૂપ, આશા- રહિતને આશારૂપ અને અધિકારીને મિત્રરૂપ થઇ પડે તેમ છે. **જેથી જ્ઞાનના એક લઘુ ભંડારની** આ પુસ્તકને ઉપમા આપીએ તો આપી શકાય. મતલબ શ્રીમંત કે ગરીબ દરેકને કંઇ કંઇ તેમાંથી નીતિ જ્ઞાનનું નવું શીખવાનું મળે છે. કિ. આના ચાર. વી. પી. ખર્ચ જુદું.

☞ **પુસ્તકો મળવાનું ઠેકાણું:—(લેખક અને પ્રકાશક**

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, ટાઈપિસ્ટ, જુનાગઢ (કાઠીઆવાડ.)

મવીણા સંબંધીના કેટલાક સાક્ષરોના અભિપ્રાયની ટીપણ.

આરંભથી તે અંત સુધી ઘણુંજ રસમય ખૂબીદાર કાવ્યોથી સ્પુરે—કાવ્યો સરળ પણ શિષ્ટ ભાષામાં સચોટ તથા અતિશય સસ્કારક છે. કવિતાની પ્રેરણા સહજ તથા નૈસર્ગિક, વિચાર શ્રી ઉચ્ચ, અને હૃદય ભાવનાઓ શ્રેષ્ઠ કોટિની પ્રકટ થતી જોવામાં વે છે.—આ બાલ સ્ત્રી પુરૂષોએ સદા વાંચન તથા મનન કરવા ગ્ય છે. પદોમાં અવાર નવાર કાઠીઆવાડના રાષ્ટ્રિય સાહિત્યની ભક સૌંદર્યતા તથા રસજ્ઞતા વધારે છે. ધાર્મિક મતમતાંતરો ગા બોધથી પુસ્તક તદન મુક્ત છે. રાગ રાગણીની તાલીમ ાની વ્યાયામશાળા.